Date of Publication 10th Posted on Every Month

# પરબ

₹ 20

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)

તંત્રી : યોગેશ જોષી

સપ્ટેમ્બર : ૨૦૨૦
વર્ષ : ૧૫, અંક : ૩



# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧**
**(ઈ. ૧૧૫૦-૧૪૫૦) પ્રાચીનકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૪+૩૧૨, કિંમત રૂ. ૨૧૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૧**
**(ઈ. ૧૪૫૦-૧૬૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૪૯૨, કિંમત રૂ. ૨૮૦/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૨**
**(ઈ. ૧૬૫૦-૧૮૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૩૯૫, કિંમત રૂ. ૨૫૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૩**
**(દલપતરામથી કલાપી)**
પ્રથમ આવૃત્તિ : સંપા : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. : રમણ સોની
પાકું પૂઠું : પૃ. ૧૬+૬૫૬, કિંમત રૂ. ૫૦૦/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૪**
પ્રથમ આવૃત્તિ સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ સહાયક સંપાદક ચિમનલાલ ત્રિવેદી
શોધિત વર્ધિત આવત્તિ સંપાદક : રમણ સોની
પાકુ પૂંઠું પૃ. ૧૬ + ૬૦૦ કિંમત રૂ. ૫૫૦/-

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૫ સપ્ટેમ્બર : 2020 અંક : ૩

પરામર્શનસમિતિ

**સિતાંશુ યશશ્ચન્દ્ર**
પ્રમુખ

**કીર્તિદા શાહ**
પ્રકાશનમંત્રી

તંત્રી
**યોગેશ જોષી**

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭ • Email : gspamd123@gmail.com

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :**

♦ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

♦ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.

♦ 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.

♦ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.

♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.

♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.

♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)

♦ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

♦ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.

♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**

♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**Parishad Email : gspamd123@gmail.com**

E-mail : **parabgsp@gmail.com** vruttparabgsp2018@gmail.com

Web-site : www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭

www.gujaratisahityaparishad.com

પરબ ISSN : 0250-9747 છૂટક કિં. રૂ. ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : કીર્તિદા શાહ (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * તંત્રી : યોગેશ જોષી * મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૦૬

## અ નુ ક્ર મ


**પ્રમુખીય :** દ્વિદલ પર્ણ, સિતાંશુ યશશ્ચન્દ્ર 6

**કવિતા :** ચાર ગીત, વિનોદ જોશી 14 ચાર ગઝલ, હેમંત ધોરડા 16 ઈશ્વરના હસ્તાક્ષર, દિલીપ જોશી 18 રહીએ, રવીન્દ્ર પારેખ 18 લીલી પરિક્રમા, રમેશ આચાર્ય 19 જીવવું, હર્ષદ દવે 20 લૉકડાઉનની રમણા, પીયૂષ ઠક્કર 21 કૂવામાં, મનીષ પરમાર 23 હાઈકુ, મંગળ રાવળ ‘સ્નેહાતુર’ 23 ત્રણ ગઝલો, હર્ષ બ્રહ્મભટ્ટ 24

**વાર્તા :** માછલી, વીનેશ અંતાણી 25

**લઘુકથા :** પૂછવાનું રહી ગયું, ધીરેન્દ્ર મહેતા 30

**નિબંધ :** બદામડી, દક્ષા પટેલ 31

**અનુવાદ :** શહેર, સી. પી. ક્વાફી, અનુવાદ પ્રતિષ્ઠા પંડ્યા 34

**આસ્વાદ :** સુભાષિત સ-રસ-વતી ધાર ! અશરીરી તે પ્રેમ હોય ?, વિજય પંડ્યા 35

**શતાબ્દી વંદના :** ઉશનસની કાવ્યધારા : તેજ અને તાસીર, ચંદ્રકાન્ત શેઠ 38 આકરી ચિકિત્સા અને વિચારોત્તેજકતા, રમણ સોની 46

**શ્રદ્ધાંજલિ :** અલ્કાઝી : મારા કલાગુરુ, ભરત દવે 50

**અભ્યાસ :** રણ – રેશમ રેશમ અને જણજણનું, નરોત્તમ પલાણ 57 સેલ્મા લૉગેલફ, દર્શિની દાદાવાલા 60

**સમીક્ષા/ગ્રંથાવલોકન :** નવલકથા ‘અનાહતા’ : દ્વંદ્વનો ઊજળો ચહેરો, ડૉ. સેજલ શાહ 69 ‘વાવણી’માં ઊઘડતો તાજગીભર્યો નિબંધફાલ, ઉત્પલ પટેલ 78 પચાસમે પગથિયે… પરોઢ, અજય પાઠક 82

**સાહિત્યવૃત્ત :** સંકલન : પરીક્ષિત જોશી 86

**આવરણચિત્ર સંદર્ભનોંધ :** પીયૂષ ઠક્કર 88

**આ અંકના લેખકો :** 90

**આવરણ :** બિનોય પી. જે.

# દ્વિદલ પર્ણ

સિતાંશુ યશશ્ચન્દ્ર

૧

**સર્જકતા, સ્વાયત્તતા અને સંસ્થાઓ : એક સાહિત્યવિમર્શ**

પ્રિય વાચક,

સાંપ્રત ભારતીય કવિતામાં પ્રગટ થતી સર્જકતાનાં વિવિધ રૂપોને ઓળખવા મથતી આપણી આનંદગોષ્ઠિનો છેડો હવે ચાર બેઠકો પછી આવશે. એ દરમ્યાન, ગુજરાતની પ્રજામાન્ય સંસ્થા, સહુની ગુજરાતી સાહિત્ય પરિષદનાં આવતાં ત્રણ વર્ષોના સંચાલન અંગેની ચૂંટણી સંપન્ન થશે. એ અવસરે સર્જકતા, સ્વાયત્તતા અને સંસ્થાઓ વચ્ચેના સમ્બન્ધ વિશે કેટલીક વાત કરીએ.

પરિષદના આંતરિક વ્યક્તિત્વનું ઘડતર ગોવર્ધનરામ ત્રિપાઠી, રણજિતરામ મહેતા અને મહાત્મા ગાંધી, ઉમાશંકર જોશી, નિરંજન ભગત અને નારાયણ દેસાઈ સમાન સહુ વિચારવંત અને દૃઢ મનોબળ ધરાવતા અગ્રણીઓએ કર્યું છે. વિવિધ જીવનમુદ્રા, શબ્દમુદ્રા ધરાવતા આ અગ્રણીઓને નજીકથી જોતાં, ચાર વાત, ન્યૂનતમ, એ દરેકમાં દેખાય : નિસ્વાર્થપણું, નિર્ભયતા, કર્મઠતા અને સ્વાતંત્ર્યશીલ સંસ્કૃતિના હિત માટે સ્વાર્પણ કરવાની શક્તિ. એવા અગ્રણીઓને કારણે ગુજરાતી સાહિત્ય પરિષદ એક ઊંડા અને સાચા અર્થમાં ‘સાહિત્ય’ની સંસ્થા બની શકી, ન કે તથાકથિત સાહિત્યકારોના ઘરસંસારનું વડું મથક. પણ સાહિત્ય એટલે શું ? સાહિત્ય કંઈ કાચા-પાકા પૂંઠાની સંખ્યાબંધ ચોપડીઓમાં કે ભપકાબંધ સમારંભોમાં કે રૂપકડી ઇમારતોમાં સચવાતું નથી. સાહિત્ય, માનવચેતનાની આંતરિક અને મૂળભૂત સર્જકતાના વિચારવંત, નિસ્વાર્થ, નિર્ભય અને કર્મઠ જતન વડે રચાયેલું વાણીગત સ્વરૂપ છે, બલ્કે એવી વાણીની સતત વહેતી પ્રક્રિયા છે. વાઙ્મયવિમર્શની એ મૂળ વાત જો વીસરાઈ ગઈ તો ‘સાહિત્યિક’ સંસ્થાઓની ઇમારતો ઊભી રહેશે, પણ એમની અંદર વસવાટ કરશે પોતાના પ્રેમમાં પડી પડઘાયા કરતા કોલાહલો. સામી બાજુ, એ મૂળ વાત જો યાદ રહી, એ મુજબ જો વર્તન થયું તો મૂળ ગોવર્ધન ભવનમાં સંભળાતું હતું તેવું, અહંકારને ઓળંગતું ને ઓગાળતું સર્જકતાનું વિગલન–રમણીય સંગીત, આવતી કાલની પરિષદમાં પણ સંભળાશે. આ વાત એ સામી બાજુ ટટ્ટાર ઊભા રહીને નમનતાઈથી મેં કરી છે.

આ પાયાની અને તાકીદની વાત વીસરવી પરિષદને, સાહિત્યને, ગુજરાતીભાષી પ્રજાને પાલવે નહીં. આવતા ત્રણ મહિના દરમ્યાન પરિષદના આજીવન સભ્યો આવતા ત્રણ વર્ષ માટેના પરિષદના નેતૃત્વ અંગેનો નિર્ણય પરિષદના બંધારણ મુજબની ચૂંટણી-પ્રક્રિયા વડે કરશે.

સહુને શુભેચ્છા.

*

ઉપર નોંધેલી તાકીદની વાતને વિસારે પાડવી જેમ ગુજરાતીભાષીઓને ન પરવડે, તેમ એ ન પોસાય કોઈ પણ ભાષાના સાચા સર્જનાત્મક અને સ્વાતંત્ર્યપ્રિય સાહિત્યને. એ મુદ્દે આલ્બેર કામ્યુનાં ત્રણ વ્યાખ્યાનો અહીં યાદ આવે. પહેલું, ૧૯૫૭માં એમને નોબેલ પારિતોષિક અપાયું એ પછી થોડા જ દિવસોમાં, સ્વીડનમાં જ, એક અંતરંગ મંડળીમાં આલ્બેર કામ્યુએ આપેલું એક વ્યાખ્યાન. એનું શીર્ષક, અંગ્રેજી અનુવાદે, હતું : 'Create Dangerously.' એ અંતરંગ મંડળીમાં કામ્યુ સાહિત્યકારની કઈ સાહસિકતાની, જોખમ ઉઠાવવાની તૈયારીની વાત કરે છે, અને આપણી પરિષદના આ મહત્ત્વના તબક્કે એ વાતની પ્રસ્તુતતા શી છે, એ આજે જોઈશું.

એ પહેલાં, ૧૯૪૫માં, નાત્ઝી જર્મની સામેનું વિશ્વવ્યાપી યુદ્ધ પૂરું થયું એ અરસામાં એમણે એક એવું જ વિલક્ષણ વ્યાખ્યાન આપ્યું હતું, એ બીજું.

એનો વિષય હતો : 'Defence of Intelligence.' એમાં આવતો 'ઇન્ટેલિજન્સ' ખેંચે. શું એ ભયાનક, વિનાશક યુદ્ધ કેવળ 'ઇન્ટેલિજન્સ'ના બૌદ્ધિક ક્ષમતાના બચાવમાં લડાયું હતું, એવો સવાલ કોઈને થાય. કામ્યુ એ શબ્દ સંસ્કૃતિ અને માણસાઈની એક મૂળભૂત આવશ્યકતા રૂપે યોજે છે. એ બે પ્રકારની બૌદ્ધિક ક્ષમતાની વાત કરે છે : Intelligent Intelligence અને Stupid Intelligence. કામ્યુનો 'ડિફેન્સ' પહેલી ક્ષમતાનો, ઓફેન્સિવ કહેતાં પ્રતિકાર બીજી જાતની 'સ્ટુપિડ' બૌદ્ધિકતાનો. કોઈ પણ સંસ્થાના સંચાલનમાં પહેલા પ્રકારની બુદ્ધિ સારો વહીવટ પૂરો પાડે, બીજા પ્રકારની બુદ્ધિ ભારે ખટપટો પેદા કરે.

પહેલી બુદ્ધિ, નિસ્વાર્થ હિમ્મત વડે સંસ્થાના હિતમાં કામ કરે, બીજી બુદ્ધિ અંગત મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ માટે (સરસ્વતીચંદ્ર-માં આવતા શઠરાય અને દુષ્ટરાયની બુદ્ધિ જેવી) કોઈ એક વ્યક્તિ કે ટોળીના કે સંસ્થા-બહારથી સૂત્રસંચાર કરતી કોઈ સત્તાના સ્વાર્થની સેવામાં હાજર હોય. કામ્યુની પરિભાષામાં પહેલા પ્રકારની બૌદ્ધિક શક્તિ સ્વાતંત્ર્યનો પર્યાય બને છે, બીજી એક કે બીજા પ્રકારની પરાયત્તતામાં. – કયો વિકલ્પ પસંદ કરશે ગુજરાતની સાહિત્યિક સંસ્કૃતિ પોતાને માટે, આ એકવીસમી સદીના પહેલા ચરણને અંતે ? પરિષદ એ અંગેની પ્રયોગશાળા છે.

રાજ્ય, ધર્મ કે ધનની સત્તાના ઈશારે ચાલતી, એના તાબેદાર જેવા લેખકોની બુદ્ધિશક્તિ સંસ્થાઓને વિકૃત અને ખોખલી બનાવીને છોડે. કોઈના પણ ઈશારા પર ચાલવાનું ન સ્વીકારતી, વિચારસ્વાતંત્ર્યની આગ્રહી એવી અંતસ્થ પ્રજ્ઞા સાહિત્યને,

સમાજને, સંસ્કૃતિને અને રાજ્યને પણ વિકસાવે. આ 'ઇન્ટેલિજન્ટ ઇન્ટેલિજન્સ', જેને ભારતીય વિદ્યામાં 'સ્વયંપ્રકાશિત' કે 'સ્વપ્રકાશ' ચેતનાના વાઙ્મયવિમર્શ રૂપે ઓળખવામાં આવે છે, એ જ તો સાહિત્યની સંસ્થાઓનો પ્રાણ છે.

કામ્યુની આ વ્યાખ્યાનત્રયીનું ત્રીજું વ્યાખ્યાન ૧૯૫૩માં આપેલું 'Bread and Freedom' વિશેનું વ્યાખ્યાન. એને અંતે બોલાયેલા કામ્યુના સ્મરણીય શબ્દો આ છે : 'Freedom is not a gift received from a State or a leader but a possession to be won every day by the effort of each and the union of all.' – 'પ્રત્યેકનો પ્રયત્ન અને સહુની સહિયારી સાધના', એ જ તો કોઈ પણ સંસ્થાનું જીવન છે. એ વડે 'રોજેરોજ' જે જાતે મેળવવાનું છે, એ સ્વાતંત્ર્ય માનવસર્જકતાના, સાચા સાહિત્યના મૂળમાં રહી પોષણ આપે છે, એમ અહીં કામ્યુ સૂચવે છે.

*

સાહિત્યના સર્જક/ભાવક અને સાહિત્યની સંસ્થા, એ બેના પરસ્પર સમ્બન્ધની આથી વધારે મૂળગામી મીમાંસા બીજી શી હોય ? પરિષદ હો કે અન્ય કોઈ સાહિત્ય કે કલાની સંસ્થા, જો એમાં રોજ-બ-રોજ જાતે સરજાતા, 'એફર્ટ ઑફ ઇચ ઍન્ડ યુનિયન ઑફ ઑલ' દ્વારા સર્જવાના 'ફ્રીડમ'નો પ્રાણ ધબકતો ન હોય, તો એ સંસ્થા ગમે તેવી ઝાકઝમાળ લાગતી હોય પણ એ એક શણગારેલા શબથી વિશેષ કાંઈ નથી.

પ્રિય વાચક, આને લગતો એક કિસ્સો કહું, 'લેખક, સર્જક એટલે શું ?' એ સવાલ એક બિનંતરંગ, જાહેર ગોષ્ઠિમાં મેં જરા લંબાણથી ઉઠાવવાનો યત્ન એક વાર કરેલો. એથી ખિજવાયેલા એક મહાનુભાવે મને પરખાવેલું : 'લેખક કોણ ? લેખક કોણ ? એ ક્યારના સું કરો છો, સીતાનસુભાઈ ? અરે, સમજો, જે લખ લખ કરે એ લેખક !' પછી એમના સંદર્ભે મેં એ સવાલ પડતો મૂકેલો. આપણી આ અંતરંગ ગોષ્ઠિમાં એ ફરી ઉઠાવ્યો છે.

*

આમે, પડતો મૂક્યે યે પડ્યો રહે એવો એ સવાલ છે જ નહીં. મારે તો એક શૉર્ટ ફ્યુઝ સજ્જનનો, એમના ગજાથી ઉપરવટના કામમાં એમને જોતરવાથી થયેલો ક્ષણિક રોષ સહન કરવો પડ્યો હતો, પણ કામ્યુના સમયના સર્જકોએ તો સ્ટેલિન અને હિટલર જેવાનો સામનો કરવાનો હતો. અને ગાંધીના સત્યાગ્રહી સમયમાં ભારતીય સાહિત્યે ચર્ચિલ જેવાનો. એ સહુ શાસકોને સ્વતંત્ર વિચારશીલતાનો, ભારતીય ચિંતન જેને 'સ્વપ્રકાશાનંદચિન્મય' શક્તિ (એટલે કે માનવચિત્તની આનંદભરી અને પોતે જ પોતાનું અજવાળું બને, 'અપ્પ દીઓ' બને, સ્વબળે જ વ્યક્ત અને પ્રમાણિત થાય એવી શક્તિ)નો ભારે ડર લાગે. એ સરમુખત્યારો કહેવાના : 'અમે કહીએ એમ કરો; તમારે વિચારવાની જરૂર નથી, છૂટ પણ નથી.' આવી કોઈ પણ વિચાર-વિરોધી સત્તા સીધી નહીં તો હાલ પૂરતી કોઈ કઠપૂતળાંની આડશમાં રહી સાહિત્યની કોઈ પણ સંસ્થાને પોતાની પકડમાં લે નહીં, એની ચોંપ સહુએ રાખવી રહી. એ સંદર્ભે હિટલરના સાથી ગોરિંગ(Goering)ના એક ઉદ્‌ગારને કામ્યુએ નોંધ્યો છે. એ મહાનુભાવ કહેતા : 'When anyone talks to

me of intelligence, I take out my revolver.' ગોરિંગ આપણા ભૂતકાળમાં જ રહે, ભવિષ્યમાં નહીં, એની કાળજી લેવાનું સામર્થ્ય કેમ કેળવાય, એ વિદ્યા ગોવર્ધનરામ અને રણજિતરામથી ગાંધી, ઉમાશંકર આદિ સહુ નિર્ભય-સદય વિચારકો પાસે પરિષદે મેળવી છે. એ એળે નહીં જાય.

*

સાહિત્ય અને સાહિત્યકારના સ્વાતંત્ર્ય વિશે કામ્યુ કહે છે : 'Free artist is one who, with great effort, creates his own order and [faces] all the risks and labours of freedom.' સાહિત્યકારની સ્વતંત્રતા સાથે સંકળાયેલાં જોખમો અને પરિશ્રમોની વાત થાય છે, ત્યારે આપણને થોડા દશકો પહેલાં દેશમાં લદાયેલી કટોકટીનું સ્મરણ થાય. એ દમનનો અણનમ હિમ્મત અને વિચારશીલતાથી સામનો કરનારા, કારાવાસ વેઠીને પણ એનો પ્રતિકાર કરનારા સાહિત્યકારો યાદ આવે. લેખક એટલે શું એ વધારે ચોખ્ખી રીતે, સમજાય. કટોકટી દરમ્યાન કવિવર ઉમાશંકર જોશીએ રાજ્યસભામાં આપેલું વ્યાખ્યાન જો એમના 'નિશીથ' કાવ્ય જેટલું જ 'સાહિત્યિક' ન લાગે તો આપણે 'સાહિત્ય' વિશેના ખ્યાલોને નજીકથી તપાસવા જોઈએ. સાહિત્યકૃતિ કોઈ રૂપકડી 'અમર' વેલી જેવી અધ્ધરિયા અને પરોપજીવી નથી હોતી, પોતાનાં મૂળિયાં માટીના ઊંડાણમાં મૂળ નાખીને પોતાનો રસકર જાતે મેળવતા તરુવર જેવી હોય છે. એની જવાબદારી લઈ શકે એવા નિસ્વાર્થ, વિચારશીલ, હિમ્મતભર્યા અને નીવડેલા અગ્રણીઓ અને કાર્યકરો, એવાં ભાઈ-બહેનો આપણી સંસ્થાઓને મળતાં રહે, એ અપેક્ષા અને શુભેચ્છા.

*

## સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે.

**લેખાંક : ૨૯**

**શંખ ઘોષની કવિતાઃ ડૂમો ભરાયેલો પણ ડણક દઈ શકતો કવિ-કંઠ. ભાગ ૨.**

બહુ બોલવામાં ન માનતા, પણ બોલવાનું આવે ત્યારે કોઈની સાડાબારી ન રાખનારા, કોઈ કહેતાં કોઈના દબાણ નીચે ન આવનારા આ સત્યપ્રતિબદ્ધ કવિ-માણસ બલ્કે 'મેઘ-મનુષ્ય' શંખ ઘોષની વિખ્યાત અણનમતાનો આ એક પરિચય, ગતાંકે, એમની કેટલીક કાવ્યકૃતિઓમાં મેળવ્યો. આજે એમની એક રચનાનો ઘનપાઠ (અલબત્ત આધુનિક રીતે) કરીએ.

વાચક, તારી સામે તો એ કૃતિ છપાયેલી, એટલે કે સુષુપ્ત અવસ્થામાં હશે. શ્રોતા બનીને તું એને હળવેથી જગાડે અને એક ભાવક કરે એવી ગોઠડી એની સાથે માંડે, એ માટે શું કરી શકાય, મિત્ર ? એ રચનાની બોલછા, એની વાક્ભંગિમાનો ખ્યાલ થોડો આગોતરો આવ્યો હોય તો વાત જામે ! સચેત વાચક, તું જાણે છે કે સાહિત્ય તો સહસ્ર સુરાવટોમાં વાત કરવાને તત્પર હોય છે, જો સંવાદ કરનાર સાચું જણ, કચ્છનો મરમી કવિ મેકણ ડાડો કહે છે એવા 'ચંગા માડૂ' મળે તો.

અને જો મળે તો તો એ બેની વાત, એ 'ગુજારતજી ગાલિયું', જામે તો કેવી જામે ?! - 'મજેવી મેકણ' (કચ્છી રીત) અને 'મેકરણ' (સૌરાષ્ટ્રની વિવર્ત) એ કવિનામ વિશે 'ગુજારત' અને 'ગૂઢારથ' એ શબ્દો વિશે મારા પ્રિય કવિ રમણીક સોમેશ્વર સાથે આજકાલ વાતો જામે છે, એવી !

સાહિત્યમીમાંસક કહેશે કે એ અનંતવિધ સંવાદોને ત્રણ મુખ્ય રીતિઓમાં વહેંચી શકાય : કથાસાહિત્ય, નાટ્યસાહિત્ય અને કાવ્યસાહિત્યની પોતીકી રીતિઓ. કેવી હોય, પ્રત્યેક ? – સર્જક જો વાર્તાકાર-કથાકાર હોય અને સામેના શ્રોતા કે વાચક જો સાચો હોંકારો ભણનારા હોય, તો પછી પૂછવું જ શું ?! એ વાર્તા-કથા-કાર એ વાચકો-શ્રોતાઓ સાથે, સામે બેઠો, વાર્તારસભર્યો જે વાતે ચઢે ! એ વાતનો લહેકો તે પહેલી રીતિ. એથી અલગ રીતિ નાટ્યકારની હોય. સામે, મંચ ઉપર ફરતાં પોતે જ સરજેલાં લોકોને અરસપરસ વાતે ચઢાવીને નાટ્યલેખક તો, નેપથ્યમાં બેસીને, કે મનમાં આવે તો ક્યારેક પ્રેક્ષાગારમાં ત્રીજી હરોળમાં બેસીને એમને ટગરટગર જોતો જ રહે અને ચુપચાપ સાંભળતો જ રહે. પેલાઓની વાતોમાં સહેજે ઝોલો જો આવે તો વચ્ચે એવો મમરો મૂકે કે રંગમંચ પરનાંઓ ઓર જોરથી અરસપરસ વાતે ચઢે ! એ વખતે પેલો નાટ્યલેખક આઘેથી, ચુપચાપ જે મરમીલાં સ્મિત કરે, એની તો શોભા જ શે ! એ જ એની બોલછા. કવિની વાત એ બન્નેથી અલગ, અનોખી, અતુલ્ય ! એની વાત શી કરવી ? પણ કરીએ, એક પ્રયાસઃ

'ચૂપ કર, શબ્દહીન થા', એ રચનામાં કવિ શંખ ઘોષની વાક્-ભંગિમા કેવી હશે એનો થોડો અંદાજ હોય તો અહીં, આ પાનાં પર સુપ્તાવસ્થામાં પડેલી એ રચનાને હળવેથી જગાડી, એની સાથે એની ભાષામાં સંવાદ કરવાનું કદાચ શક્ય બને.

આપણે જોયું તેમ, વાર્તાકાર શ્રોતા/વાચક સાથે વાતે ચઢે, નાટ્યકાર પાત્રોને પરસ્પર વાતે ચઢાવી પોતે ચુપચાપ સાંભળતો રહે, પણ કવિ ? તેયે શંખ ઘોષ જેવો ઓછાબોલો કવિ, અને તેય 'ચૂપ કર, શબ્દહીન થા' એ રચનામાં જે વાત કરે, એની રીત કેવી હોય ? કવિ જરી વાર્તાકાર જેવો, જરી નાટ્યકાર જેવો ભલે જણાય, ક્યારેક, પણ મૂળે એ પોતાની સાથે વાતે ચઢેલો માણસ હોય છે.

આત્મસંવાદ દ્વારા સર્વસંવાદ સિદ્ધ કરી શકે એ કવિ. 'ચૂપ કર, શબ્દહીન થા', એ કાવ્યકૃતિમાં શંખ ઘોષ આવો આત્મસંવાદ, પોતાની સાથેની આવી એક વાતચીત માંડી બેઠા છે. પણ વાત તો આપણી સહુની કરે છે કવિ, આ રચનામાં પણ, એટલે હક્ક કરીને સાંભળીએ, પણ ચુપચાપ :

*

## ચૂપ કર, શબ્દહીન થા / શંખ ઘોષ

**આટલું બધું બોલે છે તું કેમ ? ચૂપ કર.**
**શબ્દહીન થા.**
**કુમળા ઘાસનાં મૂળિયાંમાં ઢબૂરી રાખ સ્નેહની સઘળી મર્મર.**

**લખ, આયુષ્ય; લખ, તું, આયુષ્ય.**
**ભાંગી પડે ઝાઉનું ખખડધજ ઝાડ, ધૂળ ઊડે, ચઢે વાવંટોળ,**
**તારાં લોચન તળે મારી આંખોનું સચરાચર**
**જાગી જાય.**
**સરિતા વચ્ચે વમળ, વમળ વચ્ચે સ્તબ્ધ**
**આયુષ્ય.**
**લખ આયુષ્ય, લખ આયુષ્ય.**
**ચૂપ કર, શબ્દહીન થા.**

* (અનુ. સિ. – સુકવિ અરુણ કમલ (પટના), પ્રો. સુતપા ચૌધરી (કલકત્તા), પ્રબોધ પરીખ (મુંબઈ) પાસે, ફોન પર, મૂળ પાઠ, સાર્થ, સાંભળ્યા બાદ કરેલો અનુવાદ.)

– ધ્યાનથી, એક કાને સાંભળનાર શ્રોતા આ નાનકડી રચનામાં પણ એકબીજા સાથે જાણે અથડાતા, જાણે વિસંવાદી સૂરો સાંભળીને ચોંકશે ! આજ્ઞાનો સૂર પણ તીવ્ર એવો અહીં સંભળાય છે અને વિનવણીના કોમળ સૂરો પણ. પરસ્પર વિરોધી સૂરો, છતાં આ કવિની રીત એવી કે એમાંથીયે એક અદ્ભુત રાગિણી રચાતી આવે છે, એક સિમ્ફની રજૂ થતી આવે છે. કઈ રીતે એ જોઈએ. જાણે શીર્ષક સહિત માત્ર બાર પંક્તિઓ પાસે કવિએ બજાવી બતાવેલી બીથોવનની સંકુલ-સરલ આઠમી સિંફની ! – કઈ રીતે એ થાય છે, એ જોઈએ.

કાવ્ય શીર્ષકથી જ, અને જાણે અચાનક શરૂ થાય છે. અચાનક આ કાવ્યનો આરંભ કરી દેતા કવિ બોલી ઊઠે છે : ‘ચૂપ કર !’ રચના શરૂ થઈ એ પહેલાં ક્યારનું કોઈક બોલબોલ કરતું હશે !

એ બોલનારની આત્મપ્રીતિની સ્વમુગ્ધ વાતો કર્યા કરતી બોલકણી વાણીને આ કવિ કડકાઈથી કહે છે, ‘ચૂપ કર.’ પણ આ કાવ્યની કવિતા એ એક જ સૂરમાં નથી. કેમ કે ‘ચૂપ કર’ એવું તીવ્ર સ્વરે આરંભે જ કહેનાર કવિ, ફક્ત ચાર જ પંક્તિઓ પછી એક અલગ સ્વરે, વિનવણીના સૂરે, લગભગ અશ્રાવ્ય બનતા અવાજે વીનવે છે : ‘લખ આયુષ્ય, લખ આયુષ્ય.’ (મૃદુલ દ્વિરુક્તિ સાંભળી, આ ઓછાબોલા, સદા અણનમ કવિની ?) – આ અદ્ભુત રચનાનું કાવ્યત્વ કવિના આ બે, પરસ્પર ટકરાતી છતાં એક વિરલ રાગિણી રચતી સૂરસંગતમાં રહેલું છે !

માત્ર ઓગણસાઠ શબ્દોના કાવ્યવિસ્તારમાં આ કરકસરિયો કવિ દસ વાર ‘આયુષ્ય’ અને ‘લખ’ એ બે શબ્દો યોજે છે. લગભગ સત્તર ટકા રોકાણ, એમ કોઈ ગણિતજ્ઞ કહે, અથવા કાર્લ શેપીરો અને ઍલન ટેઇટ જેવા કોઈ અમેરિકન ન્યૂ ક્રિટિક ! (એમણે સ્થાપેલી ‘સ્કૂલ ઑફ લેટર્સ’માં સ્નાતકોત્તર અભ્યાસ કરવાનું મારે બન્યું હતું, એટલે, અને શંખ ઘોષની અલ્પ-વ્યયી કાવ્યબાનીને નજીકથી સાંભળવા માટે આ ગણિત ! આ ક્લોઝ રીડિંગ, આ ‘અભિનવ ઘનપાઠ’ !)

‘ચૂપ કર’ અને ‘લખ’ – એ બે વાત પોતાને કરનાર કવિને પામવો, એ કાંઈ સહેલ નથી !

પણ સહેલમાં જેનો પાર પામી જવાય, એવા લખલખિયા કલમબાજો બીજું ગમે તે

બની બેસે, એ કવિ ન હોય ! એટલે આપણે આ ઓગણસાઠ શબ્દો અને ગણીને બાર નાની પંક્તિઓના આ કાવ્યની પડખે બેસીને એને સાંભળીએ.

*

હવે કાન ખુલ્લા રાખીને છતાં ઝીણી આંખે જુઓ આ કલ્પન : ‘કુમળા ઘાસનાં મૂળિયાંમાં ઢબૂરી રાખ સ્નેહની સઘળી મર્મર.’ – શું બતાવે છે અને કોને, અહીં આ કવિ ? પોતાને જ એ કહે છે કે સ્નેહની સઘળી મર્મરને, કાવ્યના આરંભ પહેલાં જે સંભળાયા કરતી હતી એને, હવે ઢબૂરી રાખ. ક્યાં ? કુમળા ઘાસનાં મૂળિયામાં’. દાટી દેવાની નથી, ઢબૂરી દેવાની છે, સ્નેહની એ મર્મરને. ક્યાં ? પથ્થરો તળે નહીં, ‘કુમળા ઘાસનાં મૂળિયામાં’ ! – કઠોર-કોમળ એવી સૃષ્ટિ છે આ સર્જકની. ‘ચૂપ કર’, એ કઠોરતાથી પોતાને કહે છે. ‘ઢબૂરી રાખ’, એ કોમલતાથી ઉમેરે છે.

શા માટે ? શો છે આ કાવ્યનો ધ્વનિ ? રસધ્વનિ ? પ્રિય વાચક, આપણું કાવ્ય આપણી રીતે વાંચીએ.

*

કવિ બીજાં બે કલ્પનો રચી આપે છે, જાણે આપણે ઉપર નોંધેલા સવાલો આજે કરીશું એ આગોતરું જાણીને. જુઓ એ કલ્પનો :

ભાંગી પડે ઝાઉનું ખખડધજ ઝાડ, ધૂળ ઊડે, ચઢે વાવંટોળ, / તારાં લોચન તળે મારી આંખોનું સચરાચર / જાગી જાય.’

– કશુંક બન્યું છે, ઘરે અને બાહિરે. કશુંક ત્યારે અને આજે બન્યું છે : કવિએ કવિતા લખી એ વર્તમાન કાળે, ઉપરાંત આપણે દરેક એ કવિતા વાંચીએ છીએ, એ વર્તમાન કાળે. કશુંક એવું બન્યું છે કે કવિ તાકીદે કહે છે : ‘ચૂપ કર / લખ.’ શું બન્યું છે ? જવાબ તો, પ્રિય વાચક, દરેકે પોતપોતાનો ગોતવાનો, અનુભવવાનો, સમજવાનો અને આપવાનો છે. કવિ તો એક-બે કલ્પન જ બતાવે છે, એક કુશળ નાટ્યલેખક દ્વિઅંકી નાટકમાં બતાવે, એ રીતે.

તો કવિએ બે વાત કરી : સ્નેહની મર્મરને ઢબૂરી દે, ચૂપ કર, એ એક વાત. અને આયુષ્યને લખ, લખ આયુષ્યને, એ બીજી વાત. આ ‘આયુષ્ય’ અહીં શું છે ? એ સમજવા માટે આ બીજું કલ્પન જોઈએ :

‘સરિતા વચ્ચે વમળ, વમળ વચ્ચે સ્તબ્ધ / આયુષ્ય.’

પહેલા કલ્પનમાં પવનમાં, બીજા કલ્પનમાં પાણીમાં કોઈક વિનાશક શક્તિ ત્રાટકી છે. ઘરે પણ, બાહિરે પણ.

અંગત સ્નેહસૃષ્ટિમાંયે અને વ્યાપક બિનંગત જીવનમાં, સમકાલીન સામાજિક, રાજકીય, આર્થિક વાસ્તવમાં પણ.

વાવંટોળમાં મારી આંખોનું સચરાચર તારાં લોચન તળે જાગી જાય. સાથોસાથ ઝાઉનું ખખડધજ ઝાડ ભાંગી પડે અને સરિતા વમળમાં ઝડપાય, વમળ વચ્ચે આયુષ્ય

સ્તબ્ધ થઈ જાય. – જુઓ, આપણી નજર સામે…

*

તો, આસ્તે આસ્તે આપણે પામીએ કે અરે, આ તો સ્તબ્ધ થયેલા આયુષ્યની કવિતા છે. આયુષ્ય સ્તબ્ધ થઈ ગયું છે. ચોતરફ. એ સમયે તું ક્યારનો સ્નેહની મર્મર બોલ્યા-સાંભળ્યા કરે છે ? ‘ચૂપ કર.’ પણ, ના, એ રીતે ચૂપ નહીં.

‘લખ આયુષ્ય, લખ, તું, આયુષ્ય’.

કેવું અઘરું કામ કરાવે છે કવિતા ! કેવું તાકીદનું ! કરીએ તો કેવું સરળ – માત્ર ઓગણસાઠ શબ્દો અને બાર પંક્તિઓમાં શંખ ઘોષે કરી બતાવ્યું, એવું સરળ !

કરી બતાવીશું ને, પ્રિય સાથી, આપણી સહુની પોતાની રીતે ?

આલ્બેર કામ્યુ સૂચવે છે એમ, ‘by the effort of each and the union of all.’

ઑગસ્ટ ૨૮, ૨૦૨૦
સમા, વડોદરા

❑


**ગુજરાતી સાહિત્ય પરિષદનું**
**નવું ઈ-મેઇલ આઇડી**

gspamd123@gmail.com

---

**‘પરબ’ માટે ઈ-મેઇલ આઇડી**

‘પરબ’ માટે કૃતિઓ ઈમેઇલ દ્વારા મોકલી શકાશે. ‘પરબ’નું ઇ-મેઇલ આઈડી :

parabgsp@gmail.com

કૃતિ નીચે નામ, સરનામું લખવા વિનંતી.

# ચાર ગીત | વિનોદ જોશી

## ૧. હું ને તું...

મારા ઘરમાં તારો દીવો તારા ઘરમાં મારો,
હું ને તું રાખીને બેઠાં સૂરજને સહિયારો...

મેં તારી વાડીમાં વાવ્યા તકલાદી પડછાયા,
તેં સીંચીને કરી જીવતી ધબકારાથી કાયા;

ચાંદરણું લઈ મારું, દીધો તેં કિરણોનો ભારો,
હું ને તું રાખીને બેઠાં સૂરજને સહિયારો..

મેં આપેલી એક કાતળી અમથી રોપી કૂંડે,
પછી ગળ્યો ઘુઘવાટ થયો તારામાં ઊંડે ઊંડે;

તારા દરિયે ફરી વળ્યો મારો પરસેવો ખારો,
હું ને તું રાખીને બેઠાં સૂરજને સહિયારો...

તું ઝાકળથી લખતી મારા જીવતરનું સરનામું,
હું પલળેલી ટપાલમાં મોકલતો વાદળ સામું;

બંને જોતાં ટગર ટગર બંનેનો પહેલો વારો,
હું ને તું રાખીને બેઠાં સૂરજને સહિયારો...

## ૨. હવે જાવ, જાવ !
(યુગલગીત)

હવે જાવ, જાવ !
દોરાને ગાંઠ હોય, હોય નહીં રેણ...

કાજળમાં કાલવીને અંધારું આંજ્યું
ને આંસુડે લીંપ્યાં અજવાળાં,
જોવું છે એ જ નથી દેખાતું,
સરેઆમ ખુલ્લાં છે પોપચાંનાં તાળાં;

હવે જાવ, જાવ !
નિરખે તે મીટ હોય, હોય નહીં નેણ...
દોરાને ગાંઠ હોય, હોય નહીં રેણ...

બોલી બોલીને કરી બુઠ્ઠી બારાખડી
ને જીભે સિવાઈ ગયાં ગાણાં,
હૈયે ભભરાવી જોઈ લીલુડી લાગણી
તો સમજણમાં પડી ગયાં કાણાં;

હવે જાવ, જાવ !
હોઠે તો વ્હાલ હોય, હોય નહીં વેણ...
દોરાને ગાંઠ હોય, હોય નહીં રેણ...

## ૩. પડી પવનમાં આંટી રે !

પડી પવનમાં આંટી રે !
વંટોળે અટવાઈ ગયેલી દરાખ લાગી ખાટી રે!

અણિયાળા અજવાળે ઊઘડે હજીય બુઠ્ઠી આંખો,
તગતગતા તડકામાં તરતો સૂરજ લાગે ઝાંખો;
બંધ પોપચે ખદડક ખૂંદી અંધારાની માટી રે !

અરથનરથની આંટીઘૂંટી અક્કડ થઈને બેઠી,
ઉકેલવાની જળોજથાઓ બધી લાગતી એંઠી;
કાગળ વચ્ચે મરી ગયેલી બારખડીને દાટી રે !

સતપતિયાં અચરજ અણધાર્યાં હડી કાઢતાં કૂદે,
બ્રહ્માંડે બણબણતી માખી હજી ઉકરડા ખૂંદે;
અપલખણી આવરદા અમથી ઓરસિયા પર વાટી રે !

## ૪. પથ્થર ફાડીને કૂંપળ ફૂટી...

પથ્થર ફાડીને એક કૂંપળ ફૂટી તો વાત વહેતી થઈ ધીંગી નવરાશમાં.

વાયરાએ અધવચ્ચે આંતરીને વાદળને દઈ દીધા વીજળીના ડામ,
નદિયું ફાટીને પડી હેઠી તો ઝીલવાને દરિયાઓ દોડ્યા બેફામ;

મનમોજી માછલીએ રાસડે રમીને દિવા પેટાવ્યા અધ્ધર આકાશમાં.

ઝાડવું જરાક નમ્યું નીચે ને ઊંઘરેટી ચકલીને પેટ પડી ફાળ,
પોતાનું આભ જરા સંકોરી ડાળી પર ચીતરવા લાગી દુષ્કાળ;

સૂતરફેણીની જેમ ગળચટ્ટા ટહુકાએ ઑગળવા બેઠા બોલાશમાં.

## ચાર ગઝલ | હેમંત ધોરડા

### ૧. ગુલાબ ખીલે છે

શું તું નક્કી કરે કે કરવું છે શું
એને 'ના' પાડી તારે મરવું છે શું

સઘળે એનાં ગુલાબ ખીલે છે
મોગરા વચ્ચે તારે ફરવું છે શું

સહુ શીખે છે એ એની ભાષા છે
ન શીખી તારે ઘાસ ચરવું છે શું

તપે છે ધોમ તપતી એની બપોર
તારે ઝાકળમાં હમણાં તરવું છે શું

સહુનાં પાણી એ રાખે નવશેકાં
તારે ઊભરા સમું ઊભરવું છે શું

(છંદવિધાન : ગાલગાગા/લલગાગા લગાલગા ગાગા/લલગા)

### ૨. નદી પાડે ભાગ

નદી જ પાડે ભાગ આટલું પાણી આનું અને તેટલું પાણી તેનું
ભોગ અમારા અમારે ભાગે શું કહીએ બસ મારવાડ ને ગળું સુકાતું

લાખ આંખ ખેંચી ખેંચીને જોયા કરીએ એથી ક્યાં કંઈ ફરક પડે છે
સૂરજ નક્કી કરે છે થાશે અજવાળું ક્યાં ને રહેવાનું ક્યાં અંધારું

દીધી તો અમને ખારપાટમાં દૂર ખાંચરે એક ઠૂઠાની છાંય દીધી છે
ઉપરથી પાછું ઝાળ ઝીંકતું આભ બગલમાં રાખી લે છે વાદળ ધોળું

આંખો સામે સીમ મોકળી અમારી નજરું બાંધી લે છે જકડી લે છે
થોર હાથલો છીંડા સરસો રોપી વેરણ વાડ કરે છે છેરણ છીંડું

સારાનરસા ઘાટઘૂટની વાત જ કેવી હજીય મૂવા લોંદો છીએ
અમે જ્યારથી ચડ્યા ચાકડે કુંભારે બસ છોડી દીધું ફેરવવાનું

(છંદવિધાન : પંચગણ કટાવ)

## ૩. રસ્તાના પાણા

આડે આડા બોલશે ને અવળે અવળા બોલશે
જો તમે શબ્દોને ચુપ કરશો તો લીટા બોલશે

બોલી બોલી બોલશે શું ચાંદ તારા ને સૂરજ
બોલવા ટાણે તો આ રસ્તાના પાણા બોલશે

છો તમે ચુપ કરતા હો ઝરણાંનાં ખળખળ ખળખળાટ
ઊડશે છંટાશે અફળાશે ને છાંટા બોલશે

ભરબપોરે રણમાં પણ ખોખરા ભીનાં હોય છે
થૂંક પણ સૂકાઈ જાશે ત્યારે ગળફા બોલશે

બોલવું શું બોલવાવાળાનું કંઈ દાબ્યું દબાય
આગને ચુપ કરવા જો જાશો તો તણખા બોલશે

(છંદવિધાન : ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા)

## ૪. દીવો તો કરવાના

પરણ તો તોડી શકશો શું તમે કૂંપળને ઊગતી રોકી શકવાના
કૂંપળની રેખરેખા સમ અમે પણ લીલુંલીલેરું ઊભરવાના

ચકામાં રગરગે રાતા ઊઠે છે એ ભલે દેખાડી ના શકીએ
છે તમને છૂટ પથ્થર મારવાની તો અમે પથ્થર તો ગણવાના

અમે કેમેય અંધારું અમારું કાળું તો રહેવા નહીં દઈએ
અમારા ચાંદ સૂરજ છો તમે ઠારો અમે દીવો તો કરવાના

અમારા ઢાળ પરથી અમને જો ગબડાવી દેશો વારવારંવાર
અમે એ ઢાળ જોજોને તમે કે વારવારંવાર ચડવાના

તમે હડસેલી ના શકશો કદી અમને અમે વહેતો પવન છીએ
અમે થોડા જ દરવાજા છીએ કે ધક્કા ખાઈ ખાઈ ખડવાના

(છંદવિધાન : લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા)

## ઈશ્વરના હસ્તાક્ષર | દિલીપ જોશી

નથી કોઈને તુચ્છ ગણ્યા કે નથી કોઈને પામર,
એને આઠેપ્હોર ઊકલતા ઈશ્વરના હસ્તાક્ષર !

અવસરનું અગાધપણું તો
તાગે આભ અજાયબ !
આંખ મીંચતાં બ્રહ્માંડો પણ
કરી દિયે છે ગાયબ !
અહી પલાંઠી વાળીને ત્યાં ધ્રૂજે પથ્થર પથ્થર !

પુષ્પોનો પમરાટ નજરથી
લીંપે પ્રાણે-પ્રાણે !
અહ્ણે હો આનંદ અહર્નિશ
એના થાણે-થાણે !
ધૂણીના તણખે તણખાએ ચળકે સૂરજ ચંદર !

તર્ક-વિતર્કના ભેદ ભુલાવી
સમરાંગણમાં ખેલે !
પગલે પગલે નાદ અનાહત
આગમ ઊંડે ફેલે !??
જીવના તારેતાર છેડતું બજી રહ્યું છે જંતર!

## રહીએ | રવીન્દ્ર પારેખ

કૈં નથી ત્યાં
ખાલી ઘાસ ઊગે છે
ડાળી પર ફૂલ આવ્યું
તો ઝાડ
ઝૂમે છે
બીજું કૈં નથી
ને આ ઊડ્યું
તે પંખી જોયું નથી
પણ તેનો ફફડાટ
પર્વતને જરા
ખંખેરી ગયો
જોકે
પંખીને જોવા જતાં
આકાશ દેખાઈ ગયું

તે વહેંચે છે તેની
એકલતા...
આપણે તે થોડી થોડી
વહેંચી લઈએ
તો ખાલી નહીં જ...

## લીલી પરિક્રમા | રમેશ આચાર્ય

કાર્તિકી પૂર્ણિમા આવે
ને ઘાટા લીલાં ટપકાંવાળી
લીલી ચાદર ઓઢી
સૂતો હોય ગિરનાર.
તેના મસ્તક પાસે
અને પગ પાસે
તેની ઊંઘમાં ખલેલ ન પહોંચે તેનું
ધ્યાન રાખે દત્ત અને દાતાર.

ટોળું નહિ, શ્રદ્ધાળુઓનો સંઘ
કરી રહ્યો છે ગિરનારની પરિક્રમા.
સફેદ પેનથી મોજીલા બાળકે
પાટીમાં કરેલા લીટા જેમ
ઝરણાં નહિ, વહી રહ્યા છે
પાણીના રેલા,
જેને કૂદતાં સસલાં અને નાનાં પ્રાણીઓ
મારે છે ઠેલા.
પરિક્રમા કરતા જુવાનિયા અને જુવાનડીઓ
પાણીના રેલા કૂદતા થાય ઘેલા,
એકબીજાને મારે હાથ અને કોણીના હડસેલા.
ક્ષણે ક્ષણે ગિરનાર ધરે નવું નવું રૂપ.
ક્ષણમાં લાગે મસ્ત જોગંદર,
ક્ષણમાં લાગે અર્ધનારીશ્વર.

અર્ધનારીશ્વરની
પ્રદક્ષિણા કરતા
શ્રદ્ધાળુઓ બની જાય
ગજાનન.

## જીવડું | હર્ષદ દવે

૧

ગળે લાલ રૂમાલ બાંધી
ઘૂમે આમતેમ
જીભ લપકારતો
કાચિંડો

અચાનક ઊડતું આવી ચઢે
જીવડું
ઓહિયાં થઈ જાય
વરસી પડે વાદળ.

૨

ઓઢી આખું આકાશ
દરિયે નહાવા જાય
જળને ઝાલે જીવડું
જીવ હીંચકા ખાય
છાલક છાલક રમતાં
ભીતર ભરે પાતાળ.

૩

ઝબકે
જીવડું
અધરાતે ચળકે
આકૃતિઓ
જીવંત છે તે જડ થઈ
વીખરાય પ્રકૃતિમાં.

૪

હૈયે હૈયું દળાય
એમ ઊભરાય આ મેળામાં
જીવ, જંતુ, જીવાત, જીવડાં, જનાવર
'જીવો જીવસ્ય ભોજનમ્' નામે
ઉત્સવ એક ઊજવાય
મનમોજી જીવડું
એકલું અટૂલું હિજરાય.

## લૉકડાઉનની રમણા | પીયૂષ ઠક્કર

૧

હમણાંનો
આ પાંચ ઓરડાનો ફ્લૅટ
ઉપર ત્રણ માળના દાદર
નીચે એક માળનું ઉતરાણ
છેક ઉપરથી અગાસી
નીચે બે ગેટવાળું કમ્પાઉન્ડ
ને બારીમાંથી દેખાતું મકાનોનું ઝૂમખું
એટલો (અ)મારો સંસાર

એથી વિશેષ જો છે તો
એકમેકમાં ગૂંથાયેલાં
સવાર બપોર સાંજ રાત
પવન ને પમરાટ
અજવાસ ને અંધાર

અરસપરસનો
જરા ખચકાટભર્યો (અ)મારો સંબંધ

મારી દિનચર્યા કહો કે રાત્રિચર્યા
સ્વપ્નચર્યા કહો કે નરી એકધારી પહરો પારની ચર્યા જ ચર્યા
એમાં મારા સમેત ને (અ)મારા વિના
— હા, આટલું તો હોવાનું, એ નિશ્ચિત, હમણાંનું !

૨

સાંજે અગાસી પર ચાલવા જાઉં.

સૂરજ આથમવામાં હોય
આકાશ કેસરિયું
ચોતરફનો ભૂખરો અજવાસ, ક્લાંત

અહીં ત્યાં પેલે આ તરફ
અગાસી પર
આડાઊભાત્રાંસાગોળ લીટે
એકલદોકલ ચાલે લોક
મારી જેમ

કૂંડે કોક પાણી છાંટે
છાપરું કોક ટાઢું કરે
અગાસી કોક વાળે
ને કોક બસ દૂર દૂર
          આકાશના બદલાતા રંગોને તાક્યા કરે

કોક પળે આસ્તેથી અંધારું ઊતરી આવે ને
ઝગમગી ઊઠે
મકાનો બારીઓ બારણાં ગૅલેરીઓ

અજવાળે
અંધારાના ઓછાયા પથરાય ને
અંધારે અજવાળાનાં ટીલાંટપકાં થાય

એવે વખતે
અજવાળે-અંધારે કે ઓછાયા-પડછાયાની ધારે
હજીયે કોક ઊભું — ચાલતું જડી આવે

ચૂપચાપ
મારી જેમ.

૩

સૂમસામ રસ્તા
ભેંકાર મકાનો
બહાવરાં / રઘવાયાં કૂતરાં
છોભીલું લોક

શ્વાસ-નિશ્વાસ-ઉચ્છ્વાસમાં
રાત અને દિવસમાં
અજવાળાં-અંધારાં-પડછાયા-અવાજોમાં
મંથરતા
શુષ્કતા

ને આ હું
અજવાળેથી કે અંધારેથી
પડછાયેથી કે અવાજેથી
કોને કયે છેડે છું
જાણતો નથી

ભસવાનું ભૂલી ગયેલાં કૂતરાંની જેમ
ચાલવાનું ભૂલી ગયેલાં શહેરની જેમ
એકમેકથી ડરી ગયેલાં લોકની જેમ

કથળી ગયેલાં સેલ્ફ-પૉર્ટ્રેટની જેમ
હું’ય જાણે પડ્યો છું
ચકળવકળ આંખે
નિશ્ચેષ્ટ
છિન્ન-ખિન્ન.

## કૂવામાં | મનીષ પરમાર

શિલાની જેમ ધરબાતો જતો અંધાર કૂવામાં,
પછાડો ખાઈ પડઘાતો જતો અંધાર કૂવામાં.

બખોલે ચાંદનીનું દૂધમલ અજવાળું ફૂટેલું–
સરપની જેમ ડોકાતો જોત અંધાર કૂવામાં.

અવાજોના તરંગો ઓળખાતા પણ નથી કેમે ?
પડી છે ચીસ છોલાતો જતો અંધાર કૂવામાં.

સવારો લગ કહોને કેટલો અંધાર ખેંચું હું ?
સૂકો ક્યાંથી ઉલેચાતો જતો અંધાર કૂવામાં.

પગેરું શોધવા એનું સદીઓથી મથું છું હું,
થઈને ટપકું ખોવાતો જતો અંધાર કૂવામાં.

## હાઈકુ | મંગળ રાવળ ‘સ્નેહાતુર’

૧

અધધ જળ !
માણસો ડૂબે : હોડી
ઊંધી તરતી.

૨

ખાલી ખોરડે
આથડે જળ : ખીલા
ભાંભરે ટીંબે !

# ત્રણ ગઝલો | હર્ષ બ્રહ્મભટ્ટ

## ૧. સફરના પ્રસંગો

ખસે આંખથી ના સફરના પ્રસંગો,
ન દેખી શકાતા કબરના પ્રસંગો.

ગઈ પાનખર તોય વૃક્ષોના મનથી,
ખર્યા ના કદી પાનખરના પ્રસંગો.

સદા લાભ ખાટી ગઈ ફૂટપાથો,
બન્યા ના કદી ઘરમાં, ઘરના પ્રસંગો.

મને હાંફળો-ફાંફળો જોઈ હસતા,
રહ્યા બે-ફિકર સૌ ફિકરના પ્રસંગો.

હતા આમ તો મોતના કૈંક ટુકડા,
સહ્યા જે તમારા વગરના પ્રસંગો.

## ૨. આંખના જળમાં

બિંબ એનું આંખના જળમાં થશે,
જે જે નિર્ણય આકરી પળમાં થશે.

જો સદા અકબંધ વણવરસ્યું રહે,
કેટલાયે છેદ વાદળમાં થશે !

ખુદથી પણ સંતાડી એને રાખશો,
કૈંક તો એવું ઉતાવળમાં થશે.

જીવ થયો છે વ્હાલો પ્હેલાંથી વધુ,
માત્ર ગમ્મત જેવું ચળવળમાં થશે.

એટલી ઔકાત દરિયાની નથી,
જેટલું તોફાન મૃગજળમાં થશે.

આંસુથી રાખીને અંતર, વાંચું છું,
નહીં તો ભડકો તારા કાગળમાં થશે.

## ૩. કાયમ રહ્યા

ભીતરી ભીનાશ લઈ કાયમ રહ્યા,
એટલે તો પ્હાડ સૌ અણનમ રહ્યા.

તારા ગણવા જેવું લાગે છે મને,
મારા માથે એટલાં જોખમ રહ્યાં.

બા તૂટ્યાં, તૂટેલ ચહેરા જોઈને
આ અરીસા તો બહુ મક્કમ રહ્યા.

આંખમાં સંસાર લઈ ક્યાંથી જઉં ?
આંખની સામે ફકત આશ્રમ રહ્યા.

એટલો કોમળ હું તો બનતો ગયો,
જે અનુભવ જેટલા ધરખમ રહ્યા.

મેં કદી જો 'હર્ષ'થી આંખો ભરી,
કેમ ખૂણેખાંચરે માતમ રહ્યા ?!

❑

વાર્તા

# માછલી

## વીનેશ અંતાણી

**તી**વ્ર ગંધ ઊઠતી હતી. શેની છે ? પકડાયું નહીં. એણે બધું ધ્યાન ક્યાંકથી ઊઠતી ગંધ પર કેન્દ્રિત કર્યું. સ્મૃતિમાં પડેલી અનેક ગંધ યાદ આવી. આ ગંધ બીજી ગંધોથી અલગ છે. દૃશ્યો બદલાય તેમ ગંધના રંગ બદલાય છે. આ ક્ષણે લાલ રંગની ગંધ ફરી વળી છે. લાલ અને ખોરી. સડેલી. કોઈ મરી ગયું હોય અને શબ ગંધાતું હોય. અસહ્ય થઈ પડ્યું. આંખ ખોલવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. પોપચાં પર મણ મણનું વજન આવી ગયું છે. બેઠી થવા ગઈ. ન થઈ શકી. શરીરમાંથી શક્તિ જ હણાઈ ગઈ છે. છાતીમાં વજન ભરાઈ ગયું છે.

શ્વાસની ગતિ બદલાતી રહે છે. થોડી વાર શાંત અને નિયમિત. પછી દોઢેદોઢે ચાલે. બંધ પડે. ફરી ચાલવા લાગે. અચાનક ગતિ વધે. જોરજોરથી ચાલતા ધમણ જેમ. પ્રચંડ વાવાઝોડા પછી પવન સાવ પડી જાય તેમ શ્વાસોચ્છ્વાસ તદ્દન બંધ થઈ જાય. શરીરમાંથી બધું ઉપાડી લેવામાં આવ્યું હોય તેમ ખાલી થઈ જાય. અંદર કે બહાર કશુંય હલનચલન નહીં. તે સાથે રાહત થાય. છુટકારાનો ભાવ. હાશ... હવે એ નથી. આંખ ઉઘાડશે ત્યારે એ નહીં હોય. કોઈ એને જોશે, સ્પર્શ કરશે, છતાં એ નહીં હોય. ન હોવાની સભાનતાની ગંધ વધુ તીવ્ર બની. તરડાયેલા મોઢા પર હળવું સ્મિત આવ્યું. લોહીના ટશિયા જેવું. હવે પછી એણે ક્યારેય હોવું પડશે નહીં. ક્યાંય જવાનું નહીં. ક્યાંયથી આવવાનું નહીં. કોઈ ભીંસ નહીં. શ્વાસ રૂંધે એવું વજન નહીં. મન ખાલી. શરીર ખાલી. ખાલી અને સપાટ.

બંધ આંખોમાં પ્રવાહી આવરણ વચ્ચે તરતો પિંડ દેખાયો – પિંડ નહીં, લોચો, એ લોચો એના શરીરમાં ક્યાંક તરતો હતો, પછી અચાનક પાણીના પૂરમાં વહી ગયો. એ એને પકડવા મથી હતી, પરંતુ કોઈએ એને પાછળથી પકડી લીધી હતી.

ના...! ચીસ પાડી ઊઠી. ઝાટકાભેર આંખ ઊઘડી ગઈ. અંધકાર સાથે ભટકાઈ. ક્યાં છે ? કઈ જગ્યા છે આ ? એને ઘેરી વળતી બધી ગંધો આટલામાં જ ક્યાંક છે. હાથ લાંબો કરે તો પકડી શકે. હાથની નસમાં કશુંક ખોસ્યું હતું. સોઈ જેવું. હાથ લંબાવી શકી નહીં. નિઃસહાય ચુપચાપ પડી રહી.

ક્યાંક જરાસરખો અવાજ નથી. એની ચીસ કોઈએ સાંભળી નથી. સાંભળી હશે તોય કોઈ આવશે નહીં. એને અજાણી જગ્યામાં છોડીને બધાં ચાલ્યાં ગયાં છે. ફેંકી દીધી છે એને. એકલી. વગડામાં. વજન બાંધીને કૂવામાં. કદાચ રણમાં નાખી ગયા છે. ગીચ જંગલમાં. પહાડની ઊંડી ખીણમાં. ઉપર હજારો ગીધ ચક્કર મારે છે.

ફરી ચીસ ઊઠી. પોતાની, પોતાને જ સંભળાય એવી. એવી ચીસો જ એનું અસ્તિત્વ

બની ગઈ છે. બધાં એમની રીતે જીવ્યા કરશે. એને ગેરહાજર રાખીને. એમણે એની પાસેથી એનું બધું છીનવીને પોતાનું બધું સાચવી લીધું છે. બેબાકળી થઈ ઊઠી. આંખો ફેરવી. ગાઢ અંધારામાં ક્યાંય અજવાળાનો આભાસ પણ નથી. એ અંધકારનો ખડક ખોદવા છટપટાય છે. કંઈ કરી શકતી નથી. થાકીને ફરી પોતાની અંદર ઊતરી જાય છે.

*

જાળાં લટકે છે. ભીંતો ખવાઈ ગઈ છે. મોભ તૂટી ગયો છે. વળી-વંજીના ટુકડા આડાઅવળા લટકે છે. કૂતરાં છાપરે ચઢી ગયાં છે. મા બૂમો પાડે છે : નાગું કરી મેલ્યું મારું ઘર... એકેય નળિયું આખું રે'વા દીધું નહીં... ખૂંદ્યા વગર જંપતાં નથી સાલ્લાં કૂતરાં...

માની બૂમો ઘરના ઊખડેલા લીંપણનાં પોપડાંમાં અટવાતી ભટકે છે. એ ખૂણામાં ઊભી છે. માને જોયા કરે છે. વર્ષોથી. સાવ નાની હતી ત્યારથી. એની મા બહારથી ટટ્ટાર, સ્થિર-અંદરથી વાંકી વળી ગયેલી, અસ્થિર. માના સુંદર-રૂપાળા મોઢા પર ત્રસ્ત ગૂંચળાં વળી ગયાં છે. એ ખૂણામાં ઊભી ઊભી પોતાના મોઢા પર હાથ ફેરવે છે. સવારે ઊઠીને અરીસાના તૂટેલા કાચમાં પોતાનું મોઢું જુએ ત્યારે લાગે કે એનું મોઢું મા જેવું જ બનતું જાય છે. એ જ રૂપ, એ જ ત્રસ્ત ગૂંચળાં, કંટાળો અને એ જ ભય... કશુંક ભયાનક બનવાની દહેશત એણે માના મોઢા પર જોઈ છે. એ પણ એવી જ ફડક સાથે મોટી થઈ છે.

ઓરડા તરફ નજર કરે. અંદર ક્યાંક એનો બાપ ભરાઈ બેઠો છે. ટૂંટિયું વાળીને. એને માની બૂમો ક્યારેય સંભળાઈ નથી. છાપરે ચઢેલાં કૂતરાંની એને પડી નથી. એ ઊભા થવાનું જ ભૂલી ગયો છે.

મા ઓસરીનું બારણું પછાડતી ચાલી જાય. ઘરમાંથી પૂરેપૂરી બહાર નીકળતા પહેલાં આંગણામાં ખચકાય. પાછળ જુએ. એને જવું જ પડે નહીં એવું ઘરમાંથી શોધવા તલસે. કોઈ એને રોકે. પણ કોણ ? કોણ રોકે એને ? કોણે કહે કે ન જા. બાપ તો ઓરડામાંથી બહાર નીકળે નહીં. એ ખૂણામાં ભરાઈને ઊભી હોય. લાચાર મા પગ ઉપાડે. ડેલીમાંથી બહાર નીકળી જાય. જાહેરમાં. સાવ એકલી અને નિરાધાર.

મા ડેલીમાંથી બહાર જાય પછી એ આંગણામાં આવે. મા પાછળ દોડતી એને રોકવા માગે, પણ અવાજ નીકળે નહીં. ઓટલા પર ફસડાઈ પડે. મા ડેલી ઉઘાડી મૂકી ગઈ હોય. બંધ કરવા જવાની હિંમત ન ચાલે. ડર લાગે, એક વાર ડેલી બંધ કરશે તો મા ક્યારેય પાછી આવી શકશે નહીં.

ઓટલા પર બેસી રહે. બંધ આંખમાં મા જતી દેખાય. શેરીમાંથી બહાર નીકળે છે. પોતાને પોતાની નજરથી પણ છુપાવતી હોય તેમ બજારમાંથી પસાર થઈ જાય છે. ગઢમાંથી નીકળી ગામની બહાર આવે પછી એની ભીતિ વધી જાય. હવે એને બચાવી શકે એવું કશું રહ્યું ન હોય. એ આખેઆખી ખુલ્લી થઈ ગઈ છે. ઘરના છાપરા જેવી. સાડીનો છેડો ખેંચી રાખે. ઘસડાતી હોય તેમ ચાલતી એક બંગલાના ગેટમાં પ્રવેશે. સફેદ બંગલો. પોર્ચમાં સફેદ કાર ઊભી છે. મા પાછલા બારણેથી અંદર જાય.

એને પણ ઘણી વાર જવું પડ્યું છે એ બંગલામાં. માની જેમ. ત્યાંનાં બધાં કામ કરવા. ક્યારેક મા જઈ શકે તેમ ન હોય ત્યારે એણે જવું પડે. મા એને રોકવા માગતી હોય એમ આડી ઊભી રહે. બોલે કંઈ નહીં, મોઢા પર નકાર હોય, નજરમાં આતંક.

પણ મા, હું નહીં જાઉં તો –

દીકરીને રોકવા પહોળા થયેલા બંને હાથ લબડી પડે. એ ડેલીમાંથી બહાર જાય પછી મા પણ ઓટલા પર ઢગલો થઈ જતી હશે. જોતી હશે એને શેરીમાંથી, બજારમાંથી પસાર થતી અને પછી ગઢની બહાર નીકળી સાવ ખુલ્લી થઈ જતી.

બંગલાની શેઠાણી વર્ષોથી પથારીવશ છે. મા સવારથી સાંજ ત્યાંનાં બધાં કામ કરે છે. મોડી સાંજે ઘેર આવે. ક્યારેક ફાર્મ હાઉસમાં પાર્ટી હોય તો માએ જવું પડે. રાતે પથારીમાં પડે ત્યારે એનું શરીર તૂટતું હોય. એ માનું શરીર દાબે. આડીઅવળી વાતો ચાલે. મા એને કોઈક વાતનો સધિયારો આપવા માગતી હોય એવું લાગે. દીકરીના જીવનમાં આવી શકે તેવા સુખનું ચિત્ર ઊભું કરે. એ પણ માને પોતાની ભણવાની, બહેનપણીઓની અને બીજી વાતો કહે. એ માને કહેવા માગતી હોય – થોડી મોટી થવા દે મને, પછી તને ઘરની બહાર પગ મૂકવા નહીં દઉં. સ્પષ્ટપણે કહી શકે નહીં, પણ એવા ભાવની આસપાસ બોલતી રહે. મા-દીકરી થોડી વાર માટે પોતીકું ચપટીક સુખ જીવી લે. વાતો અધવચ્ચે ખૂટી પડે.

બાકીનું બધું અચાનક ફેલાઈ જતા મૌનમાં ગંઠાઈ જાય. ઘરના અંધારામાંથી કંસારીનો એકધારો કણસાટ સંભળાય. મા પડખાં પેરવે. એ પણ જાગતી પડી રહે. આવનારા દિવસો બહુ દૂર લાગે. ક્યારેય આવવાના ન હોય એટલા દૂર. અંધારામાં પણ ચારે બાજુ જાળાં દેખાય. ઓરડામાંથી બાપનાં નસકોરાં સંભળાય. એ આંખો ફેરવતી મોભ શોધે.

મોડી રાતે આંખો ઘેરાય ત્યારે વિચાર આવે : બધું અદરથી કોહવાઈ ગયું છે.

*

અંધારાનું ચોસલું થોડુંક હલ્યું. અજવાળું ઊઘડ્યું. એ આંખ ખોલી જોઈ લે છે. કોઈ અંદર આવ્યું છે, લાઇટ કરે છે. એ આંખ બંધ કરી, શ્વાસ રોકી, નિશ્ચેત પડી રહે છે. આછામાં આછો અવાજ સાંભળવા સતર્ક. કોઈ નજીક આવી રહ્યું છે. પૂછે છે કશુંક. સ્રીનો અવાજ છે. એ જવાબ આપતી નથી, જાણે પોતાની વ્યર્થ ગયેલી ચીસોનો બદલો લેતી હોય.

સ્રી એનું કાંડું પકડે છે. હાથની પકડ નીચે દબાયેલા કાંડાની નસનો ધબકાર એ પોતે પણ અનુભવે છે. શરીરની નસોમાં વહેતો અદીઠ પ્રવાહ. તો એ પ્રવાહ હજી બંધ થયો નથી ? શરીરમાં વહેતું લોહી અટક્યું નથી ? એની જ ગંધ હતી એ – પોતાના લોહીની ?

આંખ ખોલી નાખે છે. સ્રી સામે જુએ છે. સ્રીના મોઢા પર કોરી તટસ્થતા છે. કોઈ જઘન્ય અપરાધ જોઈ ગઈ હોય તેમ સ્રી નજર ફેરવી લે છે. એના બાવડામાં રૂક્ષતાથી પટ્ટો બાંધી ફુલાવે છે. એ આડી આંખે જુએ છે. ઉપર ચઢતો અને નીચે ઊતરતો પારો.

ક્યારેક તો બંધ થતી હશે ને આ ચડ-ઊતર ! સ્ત્રી કશુંક નોંધે છે. શું લખ્યું હશે એમાં ? એનું નામ. સરનામું. ઉપજાવી કાઢેલી કોઈ બીમારી. જૂઠ... બધું જૂઠ... આ સ્ત્રી કેટલું જાણતી હશે ? કદાચ બધું, કદાચ અધૂરું, કદાચ કશું નહીં. એ સ્ટૅન્ડ પર ઊંધી લટકતી બૉટલમાંથી સરકતાં ટીપાંની ગતિ ફરી ગોઠવી જવા માટે વળે છે. એ સ્ત્રીનો હાથ પકડી લે છે. સ્ત્રી ઊભી રહે છે.

પૂછવું છે કંઈ ?

પૂછવું તો ઘણું છે, પણ શું તે યાદ આવતું નથી. હાથ છોડી દે છે. પડખું ફેરવે છે. એ તરફના ખૂણામાં અંધારું છે. લોહીથી લદબદ રૂના ડૂચા જેવાં જૂઠ એ ખૂણામાં પડ્યાં હશે. ત્યાં બહારનું અજવાળું ક્યારેય પહોંચશે નહીં.

બારણું ધીરેથી બંધ થાય છે. એ સીધી થઈ. હવે કોઈ ન હતું. હવે કોઈ ભય રહ્યો ન હતો. બનવાનું બધું બની ચૂક્યું છે. ઉસરડીને ફેંકી આવ્યા હશે કચરાના ગંધાતા ખાડામાં. હવે કશું જ બાકી રહ્યું નથી. જીવવા માટે અને ન જીવવા માટે. એ પૂરેપૂરી ખાલી થઈ ગઈ છે. એક ચીસ છાતીમાં દાબી દે છે. બહારના જગતમાં કશુંય બદલાયું નથી. જે બન્યું છે તે એની સાથે જ. એણે એકલીએ જ ખાલી થઈ જવાનું વજન ઉપાડવાનું છે. શરમ, પીડા અને...

અને કશું નહીં.

રડી પડી. ડૂસકાં દબાવીને રડતી રહી. બધું નિચોવાઈ ગયું છે. ભાગી છૂટવા તરફડે છે. ક્યાં ? ભાગે તોય ક્યાં જાય ? ગઢની બહાર આવી જાઓ પછી છુપાઈ શકાય તેવી કોઈ જગ્યા રહેતી નથી.

*

અંધારી ટનલમાં છે. કોઈ એને ધકેલે છે. ટનલ વિશાળ ડેમની નીચે છે. ઉપર ડેમનું અફાટ પાણી છે. કોઈ પણ ઘડીએ ટનલની છત તૂટશે. વિપુલ જળરાશિ એના પર ત્રાટકશે. ટનલની અર્ધગોળાકાર છતમાંથી પાણીનાં ટીપાં ટપકે છે. થોડે થોડે અંતરે મૂકેલા ઝાંખા બલ્બના મેલા અજવાળામાં ખાબોચિયાં દેખાય છે. એ ખાબોચિયાંથી બચવા માગે છે. બચી શકતી નથી. ટનલમાં સડતા ભેજની ગંધ ભરાઈ ગઈ છે. એ ભાગવાનો પ્રયત્ન કરે છે. કોઈ એને ધક્કો મારે છે. એ ઊથલી પડે છે. ખાબોચિયાંમાં. ચત્તીપાટ. છતમાંથી ટપકતાં ટીપાં શરીરના કયા ભાગ પર પડશે એનું અનુમાન કરી શકતી નથી. આડાઅવળા પડતા દરેક ટીપાનું વજન વધતું જાય છે.

એની ચીસો અંધારી ટનલમાં ગોળ ગોળ ફરી પાછી એના પર જ ભટકાય છે. પડઘાના પણ પડઘા પડે છે. પગ પહોળા થઈ ગયા છે. મોઢું ફાટી ગયું છે. વસ્ત્રોનાં ચીંથરાં ઊડે છે. ધગધગતો લાવા એના શરીરમાં ઘૂસી ગયો છે. કોઈ એના ઉપરથી ઊભું થઈ ખાબોચિયાંમાં છપાક છપાક કરતું દૂર ચાલ્યું જાય છે. ભયાનક ખામોશી છવાઈ ગઈ છે. પાછળ રહે છે સફેદ ગંધ. પછી કશું જ નહીં – ન કોઈ ચીસ, ન કશાયનો પડઘો, ન હવા, ટનલનું મોઢું બંને છેડેથી સજ્જડ બંધ કરી દેવામાં આવ્યું છે.

*

બધું સફેદ. બહારની અને અંદરની દીવાલો સફેદ. ઊંચી છતો, થાંભલા, પગથિયાં, બારણાં, બારીઓ, ફર્શ, બેડશીટ, ઓશીકાં... બધું સફેદ. ડાઘની કોઈ નિશાની નહીં. સફેદ સફારી સૂટ. સફેદ બૂટ, સફેદ મોજાં. હીરાની વીંટીઓનો આંખો આંજી નાખતો ઝગમગાટ. સફેદ મોતીની લાંબી માળા સાંકળ જેમ ભરડો લે છે. ધક્કા મારે, ચીસો પાડે, કરગરે, નખ ભરાવે – દૂધ જેવા શ્વેત દાંત ચળક ચળક થયા કરે.

બીજી જ ક્ષણે બંધિયાર અંધારું. ટનલની ભેજલ છતમાંથી સફેદ ટીપાં ટપકે છે. ખાબોચિયાંનો રંગ લાલ થઈ ગયો છે.

એ ગંધ... કદાચ પરિચિત છે...

ક્યાંથી ઊઠી હતી ? ક્યારે આવી હતી એવી જ ગંધ આ પહેલાં ?

મા એના ખુલ્લા રહી ગયેલા મોઢા પર હાથ દાબે છે.

ના, કશું જ નહીં... બોલાય જ નહીં... એક હરફ પણ નહીં.

બાપ ઓરડામાંથી બહાર આવે છે. સૂંઘતો હોય તેમ આજુબાજુ જુએ છે. શું જોયું હશે ? ઘૂંટણ વચ્ચે માથું દાબી બેઠેલી દીકરી અને એની બાજુમાં ઊભા પગે બેઠેલી ખોખલી મા. એ પાછો વળી ઓરડામાં ચાલ્યો જાય છે. બેસી રહેશે પોતાના અંધકારમાં.

માએ એના ખભા પર હાથ મૂક્યો.

વર્ષોથી વલોવાતી ચીસ એના ગળામાંથી બહાર નીકળે તે પહેલાં અંદરથી ઊબકો ઊછળ્યો. માની છાતી ઊલટીથી ભરાઈ ગઈ.

*

બધું જોર એકઠું કરી બેઠી થઈ ગઈ. ખેંચી કાઢ્યું બધું. હાથમાં ખોસેલી સોઈ. લાંબી નળી. બધાં બંધન. બે હાથ દાબી ઊભી થઈ. અશક્ત પગ સ્થિર કર્યા. બારણા પાસે ગઈ. ઉઘાડ્યું. આજુબાજુ જોયા વિના દોટ મૂકી. પરસાળમાં થઈ દરવાજામાંથી. બહાર નીકળી ગઈ. ચારે બાજુ સૂમસામ હતું. એ પાછળ જોયા વિના અંધાધૂંધ ભાગતી રહી. ક્યાં જાય છે, ક્યાં જવાનું છે, શું કરવાનું છે – કશી જ ખબર ન હતી.

બહુ વાર પછી દૂરથી નદીના પ્રવાહનો અવાજ સંભળાયો. એ બાજુ દોડી. નજીક પહોંચી. ગતિ ધીમી થઈ. નદી બે કાંઠે માથું પછાડતી વહેતી હતી. આ અગાઉ એ ઘણી વાર આ નદીએ આવી છે. કુમારિકાઓના કોઈ વ્રતની ઉજવણી માટે બહેનપણીઓ સાથે આવે, નાચે, કૂદે, ગીતો ગાય.

અત્યારે એ એકલી હતી. નદી પણ એકલી વહેતી હતી.

નદી એને બોલાવતી હતી.

કાંઠે ઊભી રહી. લાંબા લાંબા શ્વાસ ખેંચ્યા. એ ટનલમાં ન હતી, નદીના ખુલ્લા કાંઠે હતી. પાછલી રાતનું અંધારું. આકાશમાં ટમટમતા તારા. વૃક્ષો, ઠંડો પવન. એ થોડી વાર, માત્ર થોડી ક્ષણો, એને હાથ લાગેલી મુક્ત જિંદગી જીવી લેવા માગતી હતી, પછી નદીમાં તણાતી તણાતી કોઈ જુદા કાંઠે પહોંચી જશે. પાછળ રહેશે બૂડબૂડ... બૂડબૂડ... કરતા પરપોટા. પાણીમાં વિસ્તરેલા તરંગ સંકેલાઈ જશે. કોઈને ખબર નહીં પડે કે એ ક્યાં ગઈ. ભૂલી જશે બધાં કે એ ક્યારેક હતી. માત્ર ડેલી ખુલ્લી રાખીને બહાર

જતી માને જોનાર કોઈ નહીં હોય.

ઊંડો શ્વાસ ખેંચ્યો. જરાય ઉતાવળ નથી. હવે કોઈ ફરક પડશે નહીં. આરામથી કાંઠે બેઠી. નદી સામે જોયું, જાણે કશાકનો જવાબ માગતી હોય. બંને પગ પ્રવાહમાં નાખ્યા. ઠંડા પાણીનો સ્પર્શ એના ખાલી શરીરમાં પ્રસરી ગયો. છેલ્લી ઘડીઓનું થોડું સુખ...

પગના તળિયામાં સુંવાળો સ્પર્શ થયો. ગલીપચી થઈ. નીચે વળી. ધારીને જોયું. પગ પાસે વેંત જેવટી માછલી દેખાઈ. એણે સંભાળીને, વહાલપૂર્વક, માછલીને ઊંચકી. માછલી પૂંછડી હલાવતી એની સામે જોતી હતી. મોઢું ઉઘાડ-બંધ થતું હતું.

અંદરથી ધક્કો વાગ્યો. એ હળવે હળવે માછલી પર હાથ ફેરવવા લાગી. છાતીમાંથી કશુંક ફૂટ્યું. બટન ખોલ્યાં. માછલીને છાતીએ લીધી. એનું બચક-બચક ચિત્તમાં ઊંડે સુધી ઊતરી ગયું. હવે કોઈ પીડા ન હતી. એણે પરમ સંતોષ સાથે છેલ્લી વાર આંખ મીંચી.

❑

**લઘુકથા**

# પૂછવાનું રહી ગયું

**ધીરેન્દ્ર મહેતા**

**સ**વારમાં એનો ફોન આવ્યો અને એના જુવાનજોધ દીકરાના મૃત્યુના સમાચાર મળ્યા : પાછળથી આવેલી બાઇકનો ધક્કો વાગ્યો ને એ રસ્તાની એક બાજુ ફેંકાઈ ગયો. રસ્તા પર ખોડાયેલો મોટો પથ્થર માથામાં વાગ્યો. એ તરત જ હોશ ગુમાવી બેઠો. તાત્કાલિક મદદ તો મળી. હૉસ્પિટલ લઈ ગયા. ડૉક્ટરોએ ઘણી મહેનત કરી પરંતુ કંઈ વળ્યું નહિ. બ્રેઇન હૅમરેજ.

મેં દિલસોજી વ્યક્ત કરી. પછી આસ્તેથી ફોન મૂક્યો. ત્યાં થયું, પેલા બાઇકસવારનું શું થયું એ પૂછવાનું તો રહી ગયું.

નિબંધ

# બદામડી

દક્ષા પટેલ

**પા**નખરમાં ખરેલાં પાંદડાંઓની પથારી દરેક ઝાડ નીચે જોવા મળે છે. એમાંય પવન આવે કે તરત બાળમંદિર છૂટ્યું હોય તેમ આખા રસ્તે ફેલાઈ જાય છે. હું સોસાયટીમાં ચાલી રહી છું. ને દૂરથી ઘેરા મરુન રંગનાં મોટાં પાંદડાં ઓળખી લઉં તેમ ઓળખી લીધાં. વર્ષોથી ખોવાયેલી, ભુલાયેલી વસ્તુ સાવ અચાનક સોમ દેખાઈ જાય અને તેને દોડીને પકડી લઈએ એમ ચારપાંચ પાંદડાં લઈ લીધઆ. બદામડીના પાન છે. બાળપણની મારી પાકી ભેરુ.

બદામડી બહુ ઓછા લોકો ઉછેરતા. જેવી બદામો લાગે, પાકી થાય કે ઘરના ને બહારનાં છોકરાંઓ અને વાંદરા, પોપટનો ઉત્પાત ચાલુ થઈ જતો.

અમારા ઘરઆંગણે કુટુંબના વડવાઓ જેવા ઊભેલા ઘટાદાર લીમડા, લીલાછમ આસોપાલવ ને ઘાટીલી ગોળાકાર ઘટાવાળી બોરસલ્લીની વચમાં બદામડી સાવ જુદી જ તરી આવતી. લીમડાનાં પાન ખાંચાવાળાં સાવ ટચૂકડાં, આંગળી જેવાં; આસોપાલવનાં સાંકડાં, લાંબાં, ઝાલર જેવી કિનારીવાળાં, આગળથી અણીવાળાં; બોરસલ્લીનાં હથેળી જેવાં ને બદામનાં પાન ખોબો ભરીને પાકી લીંબોળી અને બોરસલ્લી સમાય તેવાં મોટાં, લંબગોળ ને લીલાંછમ. મોટાંમોટાં પાનથી ભરેલી લાંબી લાંબી ડાળીઓ દૂરથી જ પોતાની ઓળખ આપી દેતી. ત્રણ લીમડા, પાંચ આસોપાલવ, બે બોરસલ્લીની સાથે બદામડી એક જ હતી. અને બાળકોને સૌથી વધુ વહાલી.

તેનું થડ લીમડા, આસોપાલવ ને બોરસલ્લી કરતાં વનમાં ઊઘડતું, સાધારણ બરછટ ને બે હાથે વળગી શકાય તેટલું પાતળું હતું. તેને પણ અમારા ઘરની જેમ ત્રણ માળ. જમીનથી દસબાર ફૂટ ઊંચે મોટી, લાંબી, પાંદડાંથી ખીચોખીચ ભરેલી જાડી ત્રણ ડાળીઓ ત્રણ બાજુ, પાંચેક ફૂટ છોડી બીજી ત્રણ મોટી જાડી ડાળીઓ, વળી પાંચેક ફૂટ છોડી ત્રણ સાધારણ પાતળી ડાળીઓ ને છેક ઉપર ભરાવદાર છોગું હતું. છોગામાં સીધી ટટ્ટાર આભને તાકતી નાનાં પાંદડાથી ભરેલી નાની ડાળીઓ. છોગાથી એવી રૂપાળી લાગતી કે અમે ત્રીજા માળની અગાસીમાંથી જોયા કરતાં. પવન મોટી ડાળીઓમાંથી પસાર થઈ જતો પણ ટોચ સાથે મન મૂકીને ગેલ કરતો. પાંદડાંઓમાં ઘૂસી જઈ પાંદડે-પાંદડું લયબદ્ધ હલાવતો જાણે કાળીનાગ નાથીને ઊભલા બાલકૃષ્ણનું ડોલતું મોરપીંછ. જરા જોરથી પાંદડાં હલતાં તો લાગે આલાપ છેડી રહેલા કોઈ ગાયક. વા-વંટોળમાં લીમડા ને આસોપાલવ એવાં વીંઝાઈ વીંઝાઈને ધૂણે કે બિહામણાં દેખાતાં. પણ બદામડી

સહેજ નમીને ટટ્ટાર થતી, ઊભી થતી નર્તકી જેવી લાગતી. અમે વિસ્મયથી, કૌતુકથી તેને જોઈ રહેતા.

નિશાળે જતાં, આવતાં, ભણતાં પણ તે મનમાંથી ખસતી નહિ. પાછા આવી તેના થડને બાઝી પડતાં. લીલાંછમ પાંદડાંઓની વચમાં માંજરવાળી સેરો દેખાતી. થોડાક દિવસોમાં આખું ઝાડ લાંબી સેરોથી ભરાઈ જતું. પછી લાગતાં બદામનાં ઝૂમખાં. બદામ મોટી ને પાકી થવાની સાથે સાથે અમારા મોજના મિનારાઓ ઊંચા ને ઊંચા વધતા જતા. ઝાડ નીચે ઊભા રહીને નવી નવી લૂમ શોધ્યા કરતા. સંયુક્ત પરિવારમાં અમે સાત બાળકો. દરેકજણ પોતપોતાની લૂમ નક્કી કરી લેતું. ઘણી વાર ડાળી નક્કી કરી લેતા. બદામડીના રીતસર ભાગલા પડી જતા. તે સાથે જ જમીન પર દરેકની સીમારેખાઓ દોરાઈ જતી. રોજેરોજ ઘડીક નવરાશ મળતાં જ સીમારેખાની જાત-તપાસ, નિરીક્ષણ કરતાં. કેમ કે પવનથી, સફાઈ કામદારથી, કબૂતરોનાં પગલાંની છાપથી, ખિસકોલીઓની દોડાદોડથી વિલિન થઈ જતી. શાળાએ જતાં-આવતાં રસ્તા પરના બે ઊંચકી શકાય તેવા દરેક પથરા દફતરમાં ભરી લાવી સીમારેખાઓને પથરાની પાળી બનાવી પાકી કરી લઈ સફાઈ કામદારને જણાવી દેતા. અગાસી પરથી જોતાં પથરાની ગોઠવણી સુંદર ચિત્ર જેવી દેખાતી.

શિયાળો જામતો જાય તેમ તેમ બદામડીનું રૂપ ખીલતું જતું. તેનાં લીલાંછમ ફુગ્ગા આકારનાં પાંદડાંઓનો રંગ લીલામાંથી પીળો, કેસરી, લાલ, ઘેરો લાલ ને છેવટે મરુન એમ ક્રમવાર બદલાઈને બાના ગવન જેવો થઈ જતો. બધામાં તેનું રૂપ નોખું તરી આવતું.

લીલી બદામો પણ પાકીને ઘેરા લાલ રંગની દેખાતી. અમે બદામની પાકી દેખરેખ રાખતા. તેની રક્ષા કરતાં છતાં પાકી બદામ સૌપહેલાં ખાવાનો અમારો ન તો કોઈ હક્ક હતો કે ન ઈજારો. ખાય તો સૌપહેલાં પોપટ, સૂડલા. એકસાથે પચીસત્રીસ પોપટનું ઉતરાણ થાય. બધા વહેંચાઈને ટપોટપ પાંદડાંની વચમાં એવા લપાઈ જાય કે નજરે ના પડે. બદામ ખાતાં ખાતાં તેમનો મીઠો અવાજ સંભળાય તો લાગે જાણે બદામડી અમને સાદ કરે છે. મીઠો અવાજ કાને પડતાં જ બધું પડતું મૂકી ત્રણ માળ હનુમાનકૂદકે કૂદતાં કૂદતાં ઝાડ નીચે પહોંચી જઈએ... પોપટના ઉજાણીઘરે. પોપટો શોધી શોધીને પાકી મીઠી બદામને ચાંચ મારે કે ટપ દઈને ખરી પડે. શ્રીરામે શબરીનાં એઠાં બોર ખાધેલાં અને અમે એઠી બદામ.

બદામને અને ઉધરસને વરસાદ અને માખીમચ્છર જેવો સાવ સીધો સંબંધ. ઉધરસ એટલી થતી કે મોં બંધ નહોતું થતું, છતાં બદામ છૂટતી નહીં. માટીમાં પડેલી, પોપટની ફોલી ખાધેલી, અધકચરી પાકેલી, ઉપરથી સડેલી બદામો ભેગી કરી અગાસીમાં સૂકવતા. જોતજોતામાં મોટી સાત ઢગલીઓ થઈ જતી. રવિવારે બદામો ફોડવાનો કાર્યક્રમ થતો. શરૂઆત થતી ફોડવા માટેના પથરાની પસંદગીથી. ઘણા પથરામાંથી બધાને એક જ પથરો અનુકૂળ આવતો. એટલે પહેલાં ઝઘડો, પછી મરામારી ને છેવટે વારા નક્કી થતા. બદામના ડાઘ અમારા બદામડી માટેના પ્રેમ જેવા પાક્કા. કપડું ફાટી જાય પણ ડાઘ

હેમખેમ રહે. પાનખરનાં પાંદડાં જેવા ગાભામાં અમારા સાતેનો વેશપલટો કરવામાં આવતો. પછી બદામ ચપટીમાં બરાબર ગોઠવીને પથરો ઠોકીને ભાંગતા. એટલે અંદરથી કારતૂસ જેવી લાંબી આછા બદામી-પીળા રંગની દેખાવડી બદામ નીકળતી. અમારા કાબેલ હાથ ક્યારેક ભૂલ કરી બેસતા ને બદામને બદલે આંગળીનું ટેરવું છૂંદાઈ જતું. લોહીનીતરતી આંગળીને પાટાથી બાંધી પાછા બદામ ફોડવા મંડી પડતા. બદામ કાઢીને નાની ડબીમાં ભરી લેતા. યાદશક્તિ વધે તેવી પાકી સમજણથી રોજ ચારપાંચ ખાતા. રવિવારે અગાસી ગાજવા લાગતી.

પોપટ બદામડી પર અને અમે નીચે. જેવી બદામ પડે કે તરત નિયમો તોડીને બધા એકસાથે ધસી જતા. જેના હાથમાં આવે તે લઈને ભાગે અને પાછળ બાકી બધા. અમે, અમારા દોસ્તો, પાડોશીનાં બાળકો... સીમાઉલ્લંઘનની સાથે બૂમાબૂમ, ખેંચાખેંચી, મારામારી, રડારડ બધું જ થતું. આવા વાંદરાવેડાને કારણે વડીલો ચમચમતા બેચાર હાથ ગાલે ધસી દે તે જુદું. વાત એટલેથી પતે નહીં. રાત્રિસભામાં વડીલો સમક્ષ રજૂ થતી, પૂછપરછ થતી, શિક્ષા થતી, ઠપકો મળતો, સંપ-શિસ્તનાં ભાષણ સાંભળવા પડતાં ત્યારે માંડ માંડ મામલો થાળે પડતો.

પાનખર શરૂ થતાં પહેલાં જ જાણે રંગારાનો કૂચડો પાંદડાં પર ફરવા લાગતો, તેની ઇચ્છા મુજબ એક રંગ કર્યો, ન જચ્યો તો બીજો રંગ કર્યો. એમ કરતાં કરતાં છેવટે બધાં પાંદડાં ઘેરા લાલ રંગનાં થઈ જતાં. પાનખર બરાબર જામતી. પાંદડાં ઝપાટાબંધ ખરવા લાગતા. સ્હેજ જોરથી પવન આવતાં, માળા તૂટતાં મોતી વેરાઈ જાય તેમ પાંદડાં જમીન પર વેરાઈ જતાં. તો ઘણી વાર એકસાથે ખરતાં ઘણાં બધાં પાંદડાંને જાણે પંખીઓનું ટોળું જમીન પર ઊતરતું હોય તેમ જોઈ રહેતાં. પાનખર પૂરી થતાં બદામો ને પાંદડાં બધું પૂરું થઈ જતું. બેબાકળા થઈ તેને જોઈ રહેતાં. થોડાક દિવસમાં ડાળીએ ડાળીએ કૂંપળો ફૂટતી અને અમે એકસાથે તેનો જયજયકાર બોલાવતા. ફરી બદામડી લીલાંછમ પાંદડાં ને પોપટથી તાજીમાજી થઈ જતી. ફરી બદામો લાગે તેની રાહ જોતાં અમે તેની નીચે જ જાતભાતની રમતો રમતા.

પરિવારમાં અમે સાતને બદલે બદામ સાથે આઠ હતા. અમે સાત શહેરોમાં જઈ વસ્યા. એક પછી એક વડીલો લાંબી યાત્રાએ ચાલી નીકળ્યાં. પણ ભોંયમાં મૂળિયાં નાખેલી બદામડીને અમારી સાથે ના લઈ જઈ શક્યા. આજે પાંદડાઓની લાંબી ટપાલ મોકલી છે. તેના થડને બાઝી પડી હોઉં તેમ પાંદડાં હૈયાસરસા ચાંપી દીધાં છે, આંખો વરસી રહી છે.

ઘરે આવી પાંદડાં સાફ કરી ઊંચાપાતળા ફ્લાવરપોટમાંથી ફૂલો કાઢી પાંદડા ગોઠવી દીધાં. દૂરથી જોતાં લાગે છે બદામડી હાજરાહજૂર છે.

❑

# શહેર*

સી. પી. કવાફી, અનુવાદ પ્રતિષ્ઠા પંડ્યા

તું કહે છે : 'હું ચાલ્યો જઈશ બીજે દેશ, બીજે પાર,
શોધી કાઢીશ એક બીજું શહેર, આનાથી સારું.
હું જે કંઈ પણ કરવાનો પ્રયત્ન કરું છું, બધું અવળું થવા બેઠું છે
અને મારું હૃદય દટાયેલું રહે છે કોઈ મડદાં ની જેમ
ક્યાં સુધી કોઈ પોતાના મનને આમ સડવા દે આ જગ્યાએ ?
જે તરફ ફરું, જ્યાં જોઉં નજરે પડે છે
જિંદગીના ભાંગેલા કાળા અવશેષો માત્ર અહીંયાં
જ્યાં મેં કેટકેટલાં વર્ષો ગાળ્યાં, વેડફ્યાં, અને સાવ ખતમ કરી નાખ્યાં.'

નહિ મળે તેને કોઈ નવો દેશ, ના કોઈ નવો કિનારો
આ શહેર કરતું રહેશે તારો પીછો.
એ જ ગલીઓમાં ચાલીશ તું, અને થઈશ ઘરડો
એ જ પાડોશમાં, થશે ધોળાંય એ જ ઘરમાં.
તું છેવટે આવી ને ઊભો રહીશ એ જ શહેરમાં.
છોડી દે આશા કોઈ બીજા પ્રદેશની
નથી કોઈ હોડી તારી વાટ જોતી, નથી કોઈ રસ્તા
હવે જ્યારે તેં વેડફી નાખી છે તારી જિંદગી અહીંયાં, આ નાના ખૂણામાં
તું આખા વિશ્વમાં બરબાદ થયો સમજ.

---

* એડમંડ કિલીના અંગ્રેજી અનુવાદ પરથી

❑

**આસ્વાદ**

# સુભાષિત સ-રસ-વતી ધાર !
# અશરીરી તે પ્રેમ હોય ?

**વિજય પંડ્યા**

**સં**સ્કૃત સુભાષિત માટે એક બીજો પણ પર્યાય પ્રચલિત છે અને તે છે મુક્તક. મુક્તકના બે અર્થ થાય છે : મુક્તક એટલે મોતી અને બીજો અર્થ છે જે મુક્ત છે, જે સંદર્ભથી મુક્ત છે. પરીક્ષામાં પૂર્વાપર-પૂર્વ અને અપર સંબંધ વિશે પુછાતું હોય છે. તો, અહીં, સુભાષિત કે મુક્તકમાં પૂર્વાવર સંબંધ હોતો નથી અને હોય તોપણ એ સંદર્ભની્ બહાર પણ તે આસ્વાદ્ય હોય છે, અને એટલે, પૂર્વાપર સંદર્ભથી જે મુક્ત છે તે મુક્તક : સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના મહાન આચાર્ય અભિનવગુપ્ત મુક્ત શબ્દને સમજાવે છે : मुक्तकम् अन्यैः न आलिङ्गितम् – મુક્તક બીજા કશાથી એટલે મુક્તક માણવા સંદર્ભ હોય તોપણ જાણવો આવશ્યક નથી. અને મુક્તક-સુભાષિત મોતી જેવું કીમતી, પાણીદાર, આકર્ષક, ચમકીલું વગેરે તો હોય છે જ. એટલે આવું એક મુક્તક આપણે જોઈએ, ના, માણીએ.

અહીં આપણે એક સંદર્ભમુક્ત પદ્ય જોઈએ.

द्वित्रैः केलिसरोरुहं त्रिचतुरैर्धम्मिलमल्लीस्त्रजं
कण्ठान्मौक्तिकमालिकां तदनु च त्यक्तवा पदैः पञ्चषैः ।
कृष्णप्रेमविघूर्णितान्तरतया दूराभिसारातुरा
तन्वङ्गी निरुपायमध्वनि परं श्रोणीभरं निन्दति ॥

(રૂપગોસ્વામીકૃત પદ્યાવલી, ૨૧૧)

અનુવાદ : (ચાલવાની ગતિમાં દેખીતી રીતે વિઘ્નરૂપ બનતાં) બેત્રણ ડગલાં પાડ્યા પછી ક્રીડા માટે રાખેલું કમળ છોડી દીધું. ત્રણચાર પગલાં ભરી, કેશની લટમાં સજાવેલી મોગરાની માળા પણ ફગાવી દીધી; ત્યાર પછી પાંચ-છ પગલાં ભર્યાં ન ભર્યાં અને (અરે, આમ તો હું ક્યારે પહોંચીશ ?) કંઠમાંથી મોતીની માળાને પણ ફગાવી દીધી, આમ કૃષ્ણપ્રેમમાં વ્યાકુળહૃદયા દૂર સુધી અભિસારે જવા નીકળેલી આતુર તનુકાયા નારી હવે માર્ગમાં કોઈ બીજો ઉપાય ન રહેતાં, પોતાના નિતમ્બના ભારને વખોડી રહી છે.

રાધા અથવા કોઈ પણ ગોપી અથવા કોઈ પણ સ્ત્રી અભિસારે નીકળી છે કૃષ્ણને મળવા. તે મિલનોત્સુકા નારીની ઉત્કટતાને પ્રસ્તુત કરતું આ પદ્ય થોડુંક સંકુલ પણ છે.

પ્રેમીનું નામ આવ્યું છે અને તે કૃષ્ણ છે પણ સામે પ્રણયાતુરા નારીનું નામ નહીં આપીને કવિએ પ્રેમભાવનું સાધારણીકરણ કર્યું છે. જોકે, રાધાનું નામ હોત તોપણ, છેવટે તો, એવું જ થાત.

ઉત્કટ પ્રણયના ભાવોથી છલોછલ, ઊભરાતી પણ ખરી એવી કોઈક નારી દૂર

રહેલા કૃષ્ણના અભિસારે નીકળી છે. એક નારીએ આ પ્રમાણેનો દૂરનો પ્રવાસ આરંભ્યો છે તેના પરથી જ તેની કૃષ્ણને મળવાની આતુરતા વ્યક્ત થાય છે.

પ્રેમ એવો ભાવ છે કે ખરેખર બે ચાહતી વ્યક્તિઓની વચ્ચે કોની ઉત્કટતા વિશેષ છે એ કહેવું ઘણી વાર કઠિન થઈ જાય છે. અહીં નારી પ્રવાસિની બની છે. તો નારીની તો ઉત્કટતા છે જ, પણ એવો ઉન્માદ ઉત્પન્ન કરનાર સામેનું પાત્ર, અહીં કૃષ્ણ, કેવું ? કોની ઉત્કટતા વિશેષ હશે ? એક કવિએ કહ્યું છે,

If there can never be equal love between the two people, then let me be more loving. જો બે વ્યક્તિઓ વચ્ચે બરાબર સરખો પ્રેમ શક્ય ન હોય તો મને વધારે ચાહનારો બનવા દો. એવી પ્રતિજ્ઞા કરીને આ નાયિકા પિયુને મળવા, અભિસારે નીકળી છે. ઘણે દૂર જવાનું છે, રસ્તો લાંબો છે, અને પ્રેમ ઉદ્દામ છે. પ્રણયઘેલીની ધીરજ ખૂટતી જાય છે, પોતાની રસ્તો કાપવાની ગતિમાં જરા પણ અવરોધક બનતી પોતાના શરીર પરની અલંકારી વસ્તુઓને વજનમાં હળવી થવા માટે ફગાવતી જાય છે. એટલે હજુ તો પ્રવાસનો આરંભ જ કર્યો છે, બેત્રણ ડગલાં માંડ માંડ્યાં છે અને હાથમાં લીલાકમળ રાખેલું છે. લીલાકમળ ? હા, બસ, એમ જ કમળ પર હાથ પસરાવવા, અથવા કમળને ગાલે લગાવવા અથવા સૂંઘવા વગેરે માટે. તે લીલાકમળને ફગાવી દે છે. ભાવિકાને થયું હશે કે ચાલો થોડું વજન (લીલાકમળનું તો કેટલું વજન !) તો ઓછું થયું.

પછી વળી નાયિકા આગળ ચાલી. અને હજુ તો ત્રણ-ચાર પગલાં ભર્યાં હશે ને નાયિકાની ધીરજ ખૂટી જાય છે. કેશની લટ પર ફૂલોની સરસ માળા સજાવી હતી. પિયામિલનકો જાના થા ન્. પણ એ પણ જો પિયુમિલનમાં અવરોધક બનતું હોય તો એને પણ ફગાવી દો. અને નાયિકાએ લટમાં ગૂંથેલી માળાને ઊતરડીને ફગાવી દીધી. નાયિકાને થયું હશે કે ચાલો થોડું વજન (મોગરાનાં પુષ્પોના ગરજાનું તો કેટલું વજન હોય !) તો ઓછું થયું. હવે ગતિમાં વેગ આવશે.

નાયિકા આગળ ચાલવા માંડી, પણ તેની અધીરતાનો પાર ન હતો અને રસ્તો તેને માટે જાણે અપાર-અંત વગરનો હતો. હવે વજન હળવું કરવા માટે કશું ફેંકી દેવાનું રહ્યું ? છે ને ! કંઠમાં પહેરેલી મોતીની માળા. તો પાંચછ પગલાં ભર્યાં હશે ને મન અધીરું બન્યું ને માળા પણ ફેંકી દીધી.

આવાં આભરણો તો સૌ નાયિકાએ ફગાવી દીધાં. પણ દીર્ઘ રસ્તાનો કોઈ છેડો દેખાતો નથી. પલ પલ પિયુને મળવાની અધીરાઈ, ઉત્કટતા, તડપ, વ્યથા વધતી જતી હતી. ઝડપથી પહોંચવું હતું. તો નાયિકાને ઝડપમાં વિઘ્નરૂપ પોતાના નિતમ્બ ભારે (ભારે તો હોય જ નહીં, પોતે તો તન્વંગી, પતલી છે.) લાગ્યા ને નિતમ્બને તે નિન્દવા લાગી. અહીંયાં નાયિકાની ઉત્કટતાની ચમર સીમા આવે છે. નિતમ્બને વખોડવાં એટલે શું ? એટલે પ્રેમનો અંતિમ આવિષ્કાર કરવામાં નિતમ્બ એટલે શરીર પણ વિઘ્નરૂપ બને તો તેને ફગાવી દેવું, એમ કવિ સૂચવવા માગે છે ? હા, ચોક્કસ એમ જ છે. પ્રેમના અદ્વૈતને પામવામાં નિતમ્બ તો કેવળ ઉપલક્ષણ—શરીરના પ્રતિનિધિરૂપ છે, તેને ત્યજી દેવું પડે તો ત્યજી દેવું. તેનો ત્યાગ કરીને જ પ્રેમના અદ્વૈતને – complete identityને

પ્રાપ્ત કરી શકાય. ત્રિપરિમાણી (three dimensional) શરીરમાં પ્રેમના સંપૂર્ણ અદ્વૈતને સિદ્ધ કરવું શક્ય જ નથી. એટલે કવિ જાણે, છેલ્લે, નાયિકાના નિતમ્બની નિન્દા દ્વારા આવું સૂચવવા માગે છે. પ્રેમને સંપૂર્ણ અદ્વૈત એટલે શું ? એટલે છેવટે બ્રહ્મ બનવું. બ્રહ્મ બનવા માટે, બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો આ અશરીરી પ્રેમનો પણ જાણે કે કેટલાક માર્ગોમાંનો એક છે. આ મુક્તકને આસ્વાદવાની આ થઈ એક પદ્ધતિ.

બીજું પણ એક અર્થઘટન છે, થઈ શકે છે. નાયિકાની એટલી ઉત્કટતા છે, નાયિકામાં ધીરજ લવલેશ નથી. એટલે પ્રિય સાથેના મિલનમાં ક્ષણનો પણ વિલંબ સહન તે કરી શકવાની નથી. તેવું નાયિકા જાણતી હોવાથી, એક પછી એક અલંકરણો અત્યારથી જ, રસ્તામાં ઉતારવા લાગે છે. (જે મોડાંવહેલાં – મોડાં તો નાયિકાને પોષાય એમ જ નથી.) અને એ રીતે તેણે લીલાકમળ, કેશની લટમાં ગૂંથેલી મોગરાની માળા અને ગ્રીવામાંનો મોતીનો હાર એ સૌ ફગાવી દીધાં. શુદ્ધ, અમિશ્રિત (unalloyed) પ્રેમ એ સિવાય અન્ય કશું જ નહીં. આવું અર્થઘટન પણ નિર્વાહ્ય બને તેમ છે, અને નાયિકાની ઉત્કટતાને ધાર ચઢાવનારું છે. આવી ઉત્કટતા તો અંતે મરણમાં જ પરિણમે. એટલે નિતમ્બનો પણ ભાર ! શૃંગારને પોષક નિતમ્બ પણ અહીં વ્યવધાનરૂપ. મરણમાં જ પ્રેમનો અંતિમ યથાર્થ સાક્ષાત્કાર ! સંસ્કૃત કવિ બાણની ‘કાદમ્બરી’માં નાયિકા કાદમ્બરી કહે છે, ‘હું તને આટલું ચાહું છું, આમ ચાહું છું, ખૂબ ચાહું છું એવું કહેવાનો કોઈ અર્થ નથી. मरणेन मे ज्ञास्यसि प्रीतिम् – મારા મરણથી મારી પ્રીતિને તું જાણીશ.’

પ્રેમ અશરીરી બનશે ત્યારે જ તેનો ચરમોત્કર્ષ અનુભવાશે.

❑

**સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી**

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યા હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઈલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઈલ આઈડી છે : vruttparabgsp2018@gmail.com

# ઉશનસ્‌ની કાવ્યધારા : તેજ અને તાસીર*

ચંદ્રકાન્ત શેઠ



છબિ સૌજન્ય : જગન મહેતા

ઈ.સ. ૧૯૨૦નું આ વર્ષ તે આપણા એક સંવેદનશીલ પ્રશિષ્ટ કવિ શ્રી ઉશનસ્‌નું જન્મશતાબ્દીવર્ષ. ઉશનસ્ ગુજરાતીના અધ્યાપક સંઘના ૧૯૭૯માં યોજાયેલા અધિવેશનના પ્રમુખ હતા. વળી ‘કુમાર’ ચંદ્રક (૧૯૫૯), નર્મદ ચંદ્રક (૧૯૭૧), રણજિતરામ ચંદ્રક (૧૯૭૨), કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર (૧૯૭૬) તેમ જ નરસિંહ મહેતા ઍવૉર્ડ (૨૦૦૨) જેવા મહત્ત્વના ચંદ્રકો–પુરસ્કારોથી વિભૂષિત ગણમાન્ય મૂર્ધન્ય કવિ પણ ખરા. આપણા અધ્યાપક સંઘે એમના વિશે વાત કરવાનો મોકો મને આપ્યો તે માટે હું સંઘનો – તેના સૌ પદાધિકારીઓનો આભારી છું. આ વર્ષે સંઘના પ્રમુખપદનો કાર્યભાર સંભાળવા માટે ડૉ. કીર્તિદા શાહને અભિનંદન આપતાં પણ મને આનંદ થાય છે.

ગુજરાતીમાં અર્વાચીન કવિતાપ્રવાહને ગતિ તથા દિશા આપવામાં જે કેટલાક તેજસ્વી કવિઓએ મૂલ્યવાન પ્રદાન કર્યું છે તેમાંના એક તે ઉશનસ્. ગુજરાતી કવિતાનો સર્વતોમુખી વિકાસ સાધવામાં જેમ દલપત–નર્મદે, કલાપી–કાન્તે, ન્હાનાલાલ–બલવંતરાયે, સુન્દરમ્–ઉમાશંકરે, રાજેન્દ્ર શાહ–નિરંજન ભગતે તેમ ઉશનસ્–જયંત પાઠકની જોડીએ પણ અજોડ કહેવાય એવી કેટલીક કામગીરી કરી છે. એ જાતનું કામ હરીન્દ્ર દવે–સુરેશ દલાલ જેવાં કવિયુગ્મો દ્વારા આગળ પણ વધ્યું છે.

જેમ કલાપી, કાન્ત, ધૂમકેતુ, સુન્દરમ્ વગેરે સર્જકો તેમનાં મૂળ નામો કરતાં

* ગુજરાતીના અધ્યાપક સંઘની બેઠકમાં રજૂ કરેલા વક્તવ્ય પર આધારિત લેખ.

ઉપનામોથી સવિશેષ ઓળખાય છે તેવું જ બન્યું છે ઉશનસ્‌ની બાબતમાં. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં આવતાં 'कवीनाम् उशना कविः ।' શ્લોકખંડ પરથી 'ઉશનસ્' નામ આપણા આ કવિને સૂઝ્યું હોવાનું જણાય છે. એમનું મૂળ નામ તો નટવરલાલ; રાશિનામ 'સદ્‌માતાના ખાંચા'માં દર્શાવ્યું છે તે અનુસાર ચંદ્રકાન્ત છે. પિતાનું નામ કુબેરદાસ પંડ્યા અને માતાનું નામ લલિતાબહેન. ઉશનસ્‌નું લગ્ન થયેલું શાન્તાબહેન સાથે. પિતાની ગાયકવાડી રાજ્યમાં નોકરી હોઈ બદલીઓ થતી. તેથી ઉશનસ્‌નું પ્રાથમિક–માધ્યમિક શિક્ષણ સિદ્ધપુર, સાવલી, ડભોઈ જેવાં સ્થળોએ થયેલું. તેમણે ઉચ્ચ શિક્ષણ લીધું વડોદરામાં. ૧૯૩૮માં મૅટ્રિક થયા બાદ, મુખ્ય વિષય સંસ્કૃત તથા ગૌણ વિષય ગુજરાતી સાથે બી.એ. અને પછીથી મુખ્ય વિષય ગુજરાતી તથા ગૌણ વિષય સંસ્કૃત સાથે એમ.એ. થયા. ત્યારબાદ તેમનું દક્ષિણાયન શરૂ થયું. તેઓ ૧૯૪૭થી ૧૯૫૬ સુધી નવસારી અને ૧૯૫૭થી આયુષ્યના અંતકાળ (૬-૧૧-૨૦૧૧) સુધી વલસાડમાં રહ્યા. વલસાડની કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે ૧૨ વર્ષ અને તે પછી આચાર્ય તરીકે ૧૧ વર્ષ કામ કરી તેઓ ૧૯૮૦માં સેવાનિવૃત્ત થયા. એ દરમિયાન તેમને આબુથી ઉંબરગામ સુધીના ગુજરાતના પ્રાકૃતિક તેમ જ સાંસ્કૃતિક વાતાવરણનો લાભ મળ્યો હતો.

ઉશનસ્‌ને ગળથૂથીમાંથી જ બ્રાહ્મણ-પંરપરાના સંસ્કાર મળ્યા હતા. વેદોપનિષદ તથા કથાપુરાણની શ્રૌત પરંપરાનો લાભ પણ સહજતયા તેમને મળ્યો. તેમની કવિકર્મ માટેની વૃત્તિશક્તિને પ્રેરે-પોષે એવું પારિવારિક પર્યાવરણ સદ્‌ભાગ્યે, તેમને સાંપડતું રહ્યું. તેથી તો આરંભે તેઓ 'પ્રહ્‌લાદાખ્યાન' અને 'સુધન્વાખ્યાન' જેવી રચનાઓ કરવા પ્રેરાયેલા. તેમનો સર્જકપિંડ બંધાયો તે તો મૂળભૂત તેમની નૈસર્ગિક કવિપ્રતિભાને લઈને. 'સમસ્ત કવિતા' (૧૯૯૬)માં 'મારી કવિતાસર્જનયાત્રા : વહેણ અને વળાંક' લેખમાં શરૂઆતમાં જ તેઓ પોતાની સમગ્ર ચેતનાના ચાલક-ધારક-પ્રવર્તક બળ તરીકે વિસ્મયનો ઉલ્લેખ કરે છે. અપાર કૌતુક-વિસ્મયના કારણે જ તેમના ચિત્તકોશમાંથી કલ્પનસમૃદ્ધ કવિતાની સરવાણી વિના રોકટોક વહેતી રહી. વતન સાવલી તેમની સર્જકતાને સંકોરતું રહ્યું. માતા-પિતા-ફોઈ-મામા-ભાઈઓ તેમ જ મિત્રો અને ગુરુજનોનો સાથસંપર્ક તેમની સર્જનપ્રવૃત્તિને માટે પ્રોત્સાહક રહ્યો. વળી પ્રશિષ્ટ સાહિત્યનું વાચન-મનન પણ તેમને ઉપરકારક નીવડ્યું. તેમણે જ દર્શાવ્યું છે તેમ, કાલિદાસ, શેક્સપિયર, રવીન્દ્રનાથ જેવા વિશ્વસાહિત્યના મનીષીઓના તથા ઘરઆંગણાના કાન્ત, બલવંતરાય, ન્હાનાલાલ, સુન્દરમ્ અને ઉમાશંકર જેવા વરિષ્ઠ સાહિત્યસર્જકોના વ્યાસંગે એમની કવિદૃષ્ટિને સમુચિત દિશામાં વિકસવામાં ગતિ-બળ આપ્યાં. ઉશનસ્ જેવા પટુકરણ સર્જક તત્કાલીન ધર્મ, સમાજ, શિક્ષણ, અર્થકારણ તથા રાજકારણના ક્ષેત્રે જે કેટલાંક સામ્યવાદ, સમાજવાદ, સર્વોદય, ભૂદાન જેવાં વિલક્ષણ આંદોલનો ઊઠ્યાં તેથી પણ પ્રભાવિત થયા હતા. ગાંધીપ્રભાવે તો તેમના વૈયક્તિક ઘડતરમાંયે અગત્યનો ભાગ ભજવ્યો હતો. શ્રી રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ, સંત શ્રી વિનોબા ભાવે જેવી વિભૂતિઓનું તેમને આકર્ષણ હતું. તેથી પ્રકૃતિ, પ્રણય તથા પ્રભુથી અનુપ્રાણિત એમની એક અપૂર્વ ત્રિગુણાત્મક કાવ્યભાવસૃષ્ટિનું નિર્માણ થયું. એ સૃષ્ટિ જેમ વૈવિધ્યપૂર્ણ ને વિશાળ તેમ અવારનવાર

ભવ્ય ને રમ્ય હોવાનું પણ પ્રતીત થાય છે.

ઉશનસ્ મુખ્યત્વે તો કવિતાના જીવ; પણ ચિત્ર, સંગીત જેવી કળાઓનો રસરંગ પણ એમને ગમતો હતો. એમનામાં એક જવાબદાર નાગરિક સાથે એક આદિવાસી-વનવાસી પણ હતો તો જોડે એક 'વ્યાકુળ વૈષ્ણવ' પણ ખરો. ઉશનસ્ પૂર્ણતયા પ્રતિબિંબિત થયા હોય તો કવિતામાં. તેમણે આયુષ્યની અવધિએ–'વયસમય'ના અંતિમ તબક્કે પણ કવિતાના શબ્દને છોડ્યો નથી. તેઓ સતત શબ્દને છેડતા રહ્યા તો શબ્દ પણ એમને છેડતો રહ્યો ! ઉશનસે પોતાની કારયિત્રી પ્રતિભાથી ઇયત્તા તેમ જ ગુણવત્તાની દૃષ્ટિએ માતબર કવિતા ગુજરાતી ભાષાને–ગુજરાતને આપી તો ગદ્યમાં સ્મૃતિકથા ('સદ્‌માતાનો ખાંચો'), લઘુનવલ ('વગડો'), હળવા નિબંધો ('હળવાશની ક્ષણોમાં') અને એકાંકી નાટકો ('ડોશીની વહુ અને બીજાં એકાંકી') આપ્યાં. આ ઉપરાંત એમની કેફિયત અનુસાર નાટક, પ્રવાસ વગેરેનું કેટલુંક સર્જનાત્મક લખાણ પણ અપ્રકાશિત હોવાની વકી છે. ઉશનસ્‌ની ભાવયિત્રી પ્રતિભાએ આસ્વાદ અને વિવેચનાના કેટલાક ગ્રંથો પણ આપ્યા છે. જોકે ઉશનસ્‌ની આત્મમુદ્રાનું ખરું અભિજ્ઞાન તો કવિતામાંથી જ પામવાનું રહે.

*

કવિ શ્રી ઉશનસે એમના છેલ્લા કાવ્યસંગ્રહ 'શબ્દને મેં પ્રેમ ભણી વાળ્યો છે'-(૨૦૦૭)માં છેલ્લા પાને આપેલી સર્જનાત્મક ગ્રંથોની યાદીમાં કુલ ૨૫ કાવ્યસંગ્રહો છે, જેમાંનો એક ગ્રંથ 'કિંકિણી' તો એમણે ૧૯૭૧માં સંપાદિત કરી આપેલો ગીતસંગ્રહ છે. એ યાદીમાં ૨૦૦૭માં પ્રકાશિત થયેલો 'ગઝલની ગલીમાં' ગઝલસંગ્રહ નોંધવાનો રહી ગયો છે. જેમ 'કિંકિણી' તેમ ૭૫ વર્ષ થતાં ઉશનસે ૭૫ કાવ્યોનો એક ચયનગ્રંથ 'મારી કાવ્યચયનિકા' (૧૯૯૬) પ્રસિદ્ધ કરેલો અને તે પછી ૨૦૧૨માં 'વનોમાં, પ્હાડોમાં' એ નામનો પોતાનાં પસંદગીનાં પ્રકૃતિકાવ્યોનો ગ્રંથ સંપાદિત કરી આપેલો. આ બંને ગ્રંથો પણ એમની ઉપર્યુક્ત છેલ્લી યાદીમાં સમાવવાના રહે. ઉશનસ્‌ને ૭૫ વર્ષ થતાં, ૧૯૫૫થી ૧૯૯૫ સુધીમાં પ્રગટ થયેલી એમની સર્વ કાવ્યરચનાઓને સમાવી લેતો 'સમસ્ત કવિતા' નામે બૃહત કાવ્યગ્રંથ ૧૯૯૬માં પ્રસિદ્ધ થયો. આ સંગ્રહમાં ૧૯૯૫ સુધીમાં રચાયેલી ૯૬ કાવ્યરચનાઓનો સંગ્રહ 'રૂપ-અરૂપ વચ્ચે' એમાં સમાવેશ પામી શક્યો નથી; કેમ કે એ પ્રકાશિત થયો ૧૯૯૬માં. એમના 'સમસ્ત કવિતા'ના સંગ્રહમાં છેલ્લા ત્રણ કાવ્યસંગ્રહો – 'મારી પૃથ્વી'; 'મારું આકાશ' તથા 'મને ઇચ્છાઓ છે'ની પ્રથમ આવૃત્તિની સાલ પણ ૧૯૯૬ છપાયેલી મળે છે ! (અન્યત્ર તે સંગ્રહોની ૧૯૯૫ની સાલ તો નોંધાયેલી છે.) વળી 'સમસ્ત કવિતા'માં 'આર્દ્રા' (૧૯૫૯) તથા 'મનોમુદ્રા' (૧૯૬૦)નો પૂર્વાપર ક્રમ પણ સચવાયો નથી. વસ્તુતઃ તો 'સમસ્ત કવિતા'નો બીજો ખંડ બહાર પડી શકે એટલા (આઠ) કાવ્યસંગ્રહો તો પછીથી પ્રકાશિત થયેલા હોવા ઉપરાંત કદાચ અગ્રંથસ્થ કાવ્યરચનાઓ જો રહી ગઈ હોય તો તેય એમાં આવરી લેવાનાં રહે.

ઉશનસ્‌ના જીવન તેમ જ કવનના કેન્દ્રમાં છે પ્રેમ. ઉશનસે એમના છેલ્લા કાવ્યસંગ્રહ શબ્દને મેં પ્રેમ ભણી વાળ્યો છે'માં નિવેદનમાં લખ્યું છે :

*'જીવનભરના પ્રશ્નોનો અને સર્વે સંઘર્ષોનો અંત હવે માત્ર 'પ્રેમ'ના અઢી અક્ષરમાં કર્યો છે. વયના પાકટપણાથી જીવનની સમજ પણ પાકટ થઈ છે કે પ્રેમ*

*જ જીવનનું ચાલક અને ધારક બળ છે.'* (શબ્દને૦, પૃ. ૩)

ઉશનસે પ્રેમનું નામ પાડ્યા વિના પણ એમની કવિતામાં તેનાં વિવિધ ભાવ-સ્વરૂપોનું દર્શન-નિરૂપણ કર્યું જ છે. જેમ પ્રકૃતિપ્રેમ તથા વિશ્વપ્રેમ એમના પૃથ્વીપ્રેમ, રાષ્ટ્રપ્રેમ અને વતનપ્રેમમાંથી તેમ મનુષ્યપ્રેમમાંથી પણ પામી શકાય છે. દીનદલિતો પ્રત્યેનો વાત્સલ્યપ્રેમ; ગુરુશિષ્ય, માતા-પિતા-બંધુ-મિત્ર વગેરે માટેનો સ્વજનપ્રેમ તથા પ્રણયજીવન, જાતીય જીવન એ લગ્નજીવનમાં અનુભવાતો સાયુજ્યપ્રેમ—આ સર્વમાં મનુષ્યહૃદયના પ્રેમનાં ભાવાત્મક અને ભાવનાત્મક રૂપો પ્રગટ થતાં હોય છે. ઉશનસ્‌નો અધ્યાત્મપ્રેમ, લૌકિકથી અલૌકિક ભૂમિકા સુધીનો પોતાનો વ્યાપ-વિકાસ દાખવતો 'પરમ પ્રેમ પરબ્રહ્મ'નું સત્ય પ્રતિષ્ઠિત કરીને રહે છે. ઉશનસ્‌ને માટે પ્રેમ અને પ્રકૃતિનો સંબંધ અવિયોજ્ય છે. તેઓ કહે છે : 'પ્રકૃતિનો મને પ્રેમ છે, ને પ્રેમ એ જ મારી પ્રકૃતિ છે, બધું એકાકાર થઈ ગયું છે.' ('પ્રકૃતિ'ના અર્થભેદ પણ ધ્યાનમાં લેવા જોઈએ ખરા!) ઉશનસ્‌ની કવિતામાં પ્રેમ તથા પ્રકૃતિનો વિસ્મયાનંદ તો વળી વળીને પ્રાપ્ત થાય છે. એ રીતે એમના કાવ્યલોકમાં આશ્ચર્યલોકની ઝાંખી કરી શકાય એમ છે. એમની કવિતામાં છેલ્લે છેલ્લે તો ભાવક 'પ્રશમાનન્દ'થી આર્દ્ર થાય છે એવો પણ કવિનો સદાશય વ્યક્ત થાય છે.

કવિ ઉશનસ્‌નો કોઠો પ્રેમના શબ્દથી તથા શબ્દનાપ્રેમની સદ્ય ભીંજાય એ પ્રકારનો છે. તેમણે કહ્યું જ છે : 'દૃષ્ટિ ભીની ભીતર કરું તો ક્યાંય કોરી ન માટી.' આ ઉશનસ્ તો રસરૂપરંગ ને ગંધના જીવ. ઇન્દ્રિયાતીતને પણ ઇન્દ્રિયગ્રાહ્યરૂપ આપવામાં પ્રશસ્ય પટુતા દાખવે એવા. જેવો વિશ્વદર્શનમાં તેવો જ ઉત્કટ રસ એમનો આત્મદર્શનમાં. તેથી તો તેઓ કહી શકે છે : 'ભીની માટીગંધે ઉશનસ્ તણો પ્હાડ ઝમતો.' સુન્દરમે 'હું માનવી માનવ થાઉં તો ઘણું' — એમ કહેલું તો એમને જ પગલે ચાલીને આ કવિએ કહ્યું :

**'હું માનવી ઢેફું વસુંધરાનું**
**માણી રહ્યું દુર્દમ દિવ્ય ગંધ**
**અણુ અણુ કો અણજાણ કુળની.'**

(સર્જકની આંતરકથા, ૧૯૮૪, પૃ. ૧૩૬)

કોઈ તરુવરની જેમ આ કવિવરને 'ધૂળરસ' સાથે 'નભોરસ'ની પણ તરસ રહે છે. તૃણથી તે તારક સુધી વિસ્તરી તેમણે દ્યાવાપૃથિવીની વારસાઈની ગરિમા તથા ધન્યતા પ્રતિષ્ઠિત કરવાનું લક્ષ્ય કાવ્યક્ષેત્રે સતત દૃષ્ટિ સમક્ષ રાખ્યું. આ 'મેદાનના માણસ' (શબ્દને૦, પૃ. ૩૯)ને 'ભીતરના ધક્કા'ની — 'ઠેઠના ઠેલા'ની અપેક્ષા પણ રહેતી હતી. એમને તો તૃણથી તારક સુધીના વિસ્તારને પોતાની ઊંડળમાં લેવાનું ગમ્યું. તેમણે તો કહ્યું :

**'હું તારકો ને તૃણની બિચોબિચ,**
**છું તારકો ને તૃણથી ખીચોખીચ;'**

(સમસ્ત કવિતા, પૃ. ૩૪૫)

ઉશનસ્‌ને તો મૃણ્મય મુન્મયમાં કેમ પલટાવાય તેની ખેવના રહેતી હતી. તેઓ સ્પષ્ટ કહે છે : 'નથી હું અવ એકલો, વહું સમષ્ટિને વ્હાલમાં.' (શબ્દને૦, પૃ. ૧૦૭)

તેઓ પોતાને ‘અખંડ ચાલતી ઘટમાળના અંશ’ રૂપે નિહાળે છે. તેવો અધ્યાત્મદૃષ્ટિએ પોતાની મનઃસ્થિતિનો અંદાજ આપતાં કહે છે :

**‘અહંકાર ઓગાળી જેવો**
**નીતર્યો હું ઓમકારે,**
**સમરસ થઈ સૌ સંગાથે હું**
**સરી રહ્યો સંસારે.’**

(શબ્દને૰, પૃ. ૨૩)

વળી શબ્દનો પ્રેમ એમના કવિહૃદયને કેવી અસર કરે છે એ દર્શાવતાં તેઓ લખે છે :

**‘શબ્દે મારો પ્રેમ, પ્રેમનો**
**શબ્દ અરે પાગલપણ,**
**પ્રેમની છાલકછોળ શબ્દને**

**ઠેલે છે આગળ પણ;**

**ઉશનસ્ એથી ઊછળ્યો ખુદને**
**એને ઊર્ધ્વ ઉછાળ્યો છે**
**શબ્દને મેં પ્રેમ ભણી વાળ્યો છે.’**

(શબ્દને૰, પૃ. ૧૧)

આપણા પ્રમુખ કવિઓ સુન્દરમ્ તથા રાજેન્દ્ર શાહની જેમ, ઉશનસે વિપુલ પ્રમાણમાં (પચીસેક) કાવ્યગ્રંથો આપ્યા છે. તેમાં કાવ્યોનાં વિષયો, સ્વરૂપો વગેરેનું ખાસું વૈવિધ્ય છે. આમ તો નાટ્યાત્મક કવિતાના પ્રયત્નો ‘પ્રાચીના’ના કવિ ઉમાશંકરને અનુસરી ‘નેપથ્યે’ (૧૯૫૬)માં તથા ‘આરોહ-અવરોહ’માં કર્યા છે, પરંતુ મુખ્યત્વે તેઓ ઊર્મિકવિ ને એમાંયે આપણા એક ઉત્તમ સૉનેટ-કવિ છે. ‘પ્રસૂન’થી આરંભાયેલી એમની કાવ્યયાત્રાએ ‘આર્દ્રા’, ‘મનોમુદ્રા’ પછી કાવ્યજ્ઞો તથા કાવ્યરસિકોનું વિશેષભાવે ધ્યાન ખેંચ્યું. ‘તૃણનો ગ્રહ’ (૧૯૬૪) તથા ‘સ્પંદ અને છંદ’ (૧૯૬૮)થી. ૧૯૬૦થી ૧૯૭૦ના ગાળામાં ઉશનસે પોતાના કવિત્વનો ઉત્તમ ફાલ આપણને આપ્યો. ઉશનસે દેશવિદેશમાં અનેક પ્રવાસો કર્યા તેના ફલ સ્વરૂપે તેમની પાસેથી સ્થળવિશેષને લગતાં અનેક કાવ્યો-સૉનેટો, સૉનેટમાળાઓ વગેરે મળે છે. આ સંદર્ભમાં ‘ભારતદર્શન’ (૧૯૭૪), ‘પૃથ્વીને પશ્ચિમ ચહેરે’ (૧૯૭૯) જેવા કાવ્યસંગ્રહો તો ‘અનહદની સરહદે’ જેવી સાપુતારા, ડાંગ જેવા વન્ય અને પહાડી પ્રદેશોને લગતી સૉનેટમાળાઓ આપણને સાંપડી છે. સ્થળદર્શનની કવિતામાં ઉશનસ્‌ની આગવી દૃષ્ટિસંવેદનાની આગવી ગતિ હોવાનું સ્વીકારવું પડે. ઉશનસે વતનમાં જો માનો ચહેરો જોયો છે તો વનવગડામાં પોતાની આદિમતાને અનુભવી છે. ઉશનસે મુંબઈ, અમદાવાદ જેવાં નગરોને કવિતામાં સ્કેચીઝમાં ચમકાવ્યાં છે. જોકે એમને વનોમાં ને પહાડોમાં જે પોતીકાપણું – આત્મીયતા લાગે છે તે નગરોમાં લાગતાં નથી. તેમણે તો ‘કેદી’ કાવ્યમાં પોતાને ‘સભ્યતાના જનમટીપ કેદી’ તરીકે ઓળખાવ્યા છે ! ઉશનસ્‌ને યંત્રયુગીન ભૌતિકતાવાદી સંસ્કૃતિમાં શ્રદ્ધા હોય એવું

લાગતું નથી.

ઉશનસે ૧૯૭૧માં 'કિંકિણી'માં પોતાનાં ગીતો સંગૃહીત કરીને આપેલાં, પરંતુ 'વ્યાકુળ વૈષ્ણવ' (૧૯૭૭) તો 'ગીતાંજલિ'કાર રવીન્દ્રનાથની અસર હેઠળ રચાયેલો, 'પ્રીતિ-ગીતિની એકાકારતા' દર્શાવતો એમનો ગીતિસંગ્રહ છે. પરંપરાગત ગીતસ્વરૂપની મુદ્રા ઉશનસ્‌ના 'ગીતિ'સ્વરૂપમાં કંઈક અનોખી લાગે ! આ પછી ઉશનસે એમના છેલ્લા કાવ્યસંગ્રહમાં (શબ્દને૦,માં) અધ્યાત્મ, ચિંતન, પ્રણય ને પ્રકૃતિ – એવા ચાર વિભાગમાં ૫૪ ગીતરચનાઓ આપી છે. કેટલીક રચનાઓને એમણે 'પદ' નામ આપ્યું છે. જોકે ગીતરચનામાં ઉશનસ્, ન્હાનાલાલ, સુન્દરમ્ કે રાજેન્દ્ર શાહના જેવા ગીતના ઉમંગે ઊછળતા ઉપાડ ને નિર્વાહ દાખવી શકતા નથી. 'ધન્ય ભાગ્ય' કે 'રામની વાડીએ' જેવી ગીતરચનાઓ પણ એમની ઝાઝી નથી. 'શિશુલોક' (૧૯૮૪) શિશુજગતનું લીલામય દર્શન કરાવતો-વસ્તુવૈશિષ્ટ્યે મહત્ત્વનો કાવ્યસંગ્રહ છે. 'સ્પંદ અને છંદ'માં હાઈકુમાળાનો પ્રયોગ પણ થયો છે. ઉશનસે ગઝલના કાવ્યસ્વરૂપને 'ગઝલના વળાંકે' (૨૦૦૪) તથા 'ગઝલની ગલીમાં' (૨૦૦૭) અજમાવ્યું છે. એમણે આ સંદર્ભમાં કહેલી વાત ધ્યાને લેવા જેવી છે. તેઓ કહે છે :

**'ગીતમાં જાઉં, જાઉં ગઝલમાં;**
**વાત રહે એની એ જ અસલમાં.'**

(ગઝલની ગલીમાં, પૃ. ૫)

ઉશનસ્‌ને મતે જે કહેવું છે તે સવિશેષ અગત્યનું હોય છે. તેથી કેટલીક વાર કવિતાની સુઘડતા-સફાઈ માટે લેવાવી જોઈએ એવી કાળજી કે ચીવટ ન લેવાયેલી પણ લાગે ! ઉશનસ્ એટલે ગતિ. તેમણે પોતે જ કહ્યું છે :

**'ઉશનસ્‌ને સૌ ઉચ્છલ ગમતું,**
**ના રસ એને છીછરા છલમાં.'**

(ગઝલની ગલીમાં, પૃ. ૫)

ઉશનસ્‌ની કાવ્યરાશિમાં ઉપર્યુક્ત કાવ્યસંગ્રહો ઉપરાંત 'અશ્વત્થ' (૧૯૭૫), 'રૂપના લય' (૧૯૭૬), 'પૃથ્વીગતિનો છંદોલય' (૧૯૯૩), 'એક માનવી લેખે' (૧૯૯૬), 'મારાં નક્ષત્રો' (૧૯૯૭), 'છેલ્લો વળાંક' (૨૦૦૫) તથા 'ઉપાન્ત્ય'નો સમાવેશ થાય છે.

ઉશનસ્ લાક્ષણિક રીતે રોમૅન્ટિક કવિ તો સાથે સાથે ક્લાસિકલ કવિ પણ લાગે. બલવંતરાય તથા સુન્દરમ્ – એ બંનેય કવિઓની કેટલીક લાક્ષણિકતાઓના અનુસંધાનમાં ઉશનસ્‌ની લાક્ષણિકતાઓનું અવલોકન રસપ્રદ જણાય. ગાંધીયુગીન તેમ જ અનુગાંધીયુગીન પરિબળોનો પ્રભાવ ઝીલતાં ઝીલતાં ઉશનસ્‌નો કાવ્યપ્રવાહ પોતાની રીતે આગળ વધ્યો છે. એમની કવિતાની સ્થિતિગતિમાં દાયકે દાયકે અવનવા વિવર્તો-પરિવર્તો આવતા રહ્યા છે. એક તબક્કે 'સર્વોદયના કવિ'ની છાપ ઊભી કરે એવી કવિતાથી શરૂઆત કરનારા આ મૂલ્યનિષ્ઠ સર્જક ૧૯૬૦ પછી, ૧૯૭૦ના અરસામાં સૌન્દર્યલક્ષી શુદ્ધ કવિતાનાં વલણો તરફ વળે છે. ગુજરાતી છંદોબદ્ધ કવિતામાં ને એમાંય સૉનેટમાં

અને તેમાં પણ ‘શ્વાસવગા’ ને ‘લોહીવગા’ શિખરિણી છંદમાં પોતાની તેજસ્વી કાવ્યમુદ્રા અંકિત કરનારા આ કવિ ૧૯૭૬થી ૧૯૮૦ દરમિયાન અછાંદસ તરફ અને તેમાંય અછાંદસ સૉનેટ તથા ગીત તરફ વળે છે એ ધ્યાન અને ચિંતનનો વિષય બને એવી ઘટના છે. આ પ્રવાસપ્રિય કવિ પોતાને બિનધાસ્ત ‘સહજયાત્રી’ તરીકે ઓળખાવતાં કહે છે :

**‘સહજમાર્ગનો હું તો યાત્રી,**
**સહજ મળે તો માણું :**
**આ કરવું, આ ના કરવું,**
**હું મનાઈ કોઈ ન માનું.’**

(શબ્દને૦, પૃ. ૨૩)

સરહદમાં અનહદ અને અનહદમાં સરહદ દર્શાવનારા આ અધ્યાત્મચિંતક કવિ. વિશ્વયાત્રાની સાથે અંતર્યાત્રાનો મહિમા પ્રીછનારા કવિ. ‘અખિલાઈમાં પરમ સુષમાકાર’ (શબ્દને૦, પૃ. ૯૬) ધારણ કરવાની ખેવના રાખનારા કવિ. કોઈની કંઠી બાંધ્યા વિના, વિના કોઈ ગ્રન્થિ, મુક્તપણે ‘સંસારે મુગ્ધ ભ્રમણ’ કરવાની મનીષાવાળા કવિ—એમને આપણે સાર્થકતાના કવિ તરીકે પૃથ્વીતત્ત્વનો પ્રકર્ષ દર્શાવનારા, દ્યાવાપૃથિવીના પનોતા વારસદાર કવિ તરીકે જોઈ શકીએ. પૃથ્વી તેમ જ આકાશનું ઉશનસ્‌ની કલ્પનપ્રેરિત કવિદૃષ્ટિએ દર્શન કરતાં એ બંનેની ભવ્યતા ને રમ્યતાનો સરસ સાક્ષાત્કાર આપણને થાય છે. તડકાની તાજગી, વસંતનો વૈભવ તેમ જ તૃણબ્રહ્મનું તેજ આપણને આ ‘આરણ્યક’ કવિના કેલિડોસ્કૉપમાં અવનવી રીતે દેખવા-માણવા મળતું હોય છે. પ્રકૃતિરસ, ઇન્દ્રિયરસ તથા અધ્યાત્મરસનું ત્રિવણીતીર્થ એમના કાવ્યપ્રદેશનું પ્રબળ આકર્ષણ છે. ઉશનસ્‌ની કવિતાબાનીનું પોત ખાદીના જેવું રુક્ષ લાગે; પરંતુ એ રુક્ષતા એમની કવિત્વશક્તિનું ઓજસ દાખવતી હોય છે. જેમ બલવંતરાયની તેમ ઉશનસ્‌ની કવિતામાં અર્થલક્ષિતા, શ્રવણગ્રાહ્યતાના મુકાબલે સવિશેષ વજનદાર મનોગ્રાહ્યતા, અર્થઘનતા, સચોટતા તથા રજૂઆતની અપૂર્વતા અને ઉત્કટ કૌતુકરાગિતા જોવા મળે છે. પૃથ્વીની પ્રથમ વરસાદી ગંધે ઉત્તેજિત થઈ ‘રાગાવેશે’ આ કવિ પોતાના નિરૂપણમાં ઇન્દ્રિયગ્રાહ્યતા સાથે ઇન્દ્રિયવ્યત્યયનો આશ્રય લઈ કહે છે :

**‘પ્રથમ પ્હેલી હેલી આલાલીલી પ્રથમી ગંધ,**
**કોઈ ઋણાનુબંધે મ્હેક્યો આદિમય સ્મૃતિસંબંધ !**

* * *

**ટપટપતો ટપકે ના ધ્વનિ કો**
**આજે આ મુજ કાને,**
**ગંધ જ શ્રુણું, ગંધ જ સ્પરશું,**
**ગંધ જ ચાખું જાણે !**
**ગંધ-આધારે ખુદને પામું મૂળમાં, આંખે બંધ !’**

(શબ્દને૦, પૃ. ૬૮)

આ કવિને જે કંઈ અમૂર્ત છે તેને કલ્પનોના કીમિયાથી મૂર્ત રૂપ આપવાનું ગમે છે.

એમાં જે તે વસ્તુ કે પદાર્થને સમસ્ત ભાવે – સમસ્તના સંદર્ભમાં–સાપેક્ષતાના પરિપ્રેક્ષ્યમાં જોવા-માણવા-પ્રમાણવાની એમની મનોવૃત્તિ કારણભૂત છે.

ઉશનસ્‌નો જેમ ચિત્તકોશ તેમ શબ્દકોશ પણ સમૃદ્ધ છે. અઢારે વર્ણની જેમ સંસ્કૃત તત્સમ-તદ્ભવ શબ્દોથી માંડીને દશ્ય-તળપદા-શબ્દોનો-રૂઢિપ્રયોગોનો અવનવી વાચિક લઢણોનો મોટો ખજાનો છે. આ 'મધુર નમણા ચહેરાઓનો ભવોભવનો ઋણી' કવિ 'પળે મળે તે પદમણી' – એ ન્યાયે – એમની પાસે ધસી આવતી પદાવલીને પોતાના કામમાં જોડી દેતા હોય છે – પછી એ શબ્દો 'ઢેફું' કે 'ગંડુ' જેવા હોય કે 'પાશેરામાં પહેલી પૂણી' કે 'સાત સાંધે ત્યાં તેર તૂટે' જેવા રૂઢિપ્રયોગો કે લોકોક્તિઓ હોય. 'આવવા દો જેણે આવવું, આપણ મૂલવશું નિરધાર' જેવા રાજેન્દ્રીય મિજાજથી તેઓ કાવ્યબાની સાથે કામ પાડતા હોય છે. આમ તો સંસ્કૃત કાવ્યશાસ્ત્રની પરિપાટી અનુસાર ઉશનસ્‌ ઓજસ્‌ ગુણ ધરાવતા વિચિત્ર માર્ગના કવિ લેખાય. એમની કાવ્યશૈલી નારિકેલ પાક જેવીયે લાગે; પરંતુ ઉશનસ્‌ના કવિત્વને વ્યાપ અને ઊંડાણથી જોનારા જાણે છે કે બહારથી કઠોર લાગતા આ કવિ કાર્કશ્યથી કશું કચડાય નહીં એની સાવધાની રાખનારા કવિ છે. તેઓ તો શિયાળામાં તડકા નીકળે એમ હૂંફાળી કવિતા લઈને નીકળનારા કવિ ! તૃણ અને તારકો વચ્ચે ઝૂમતાં ઝૂમતાં 'લીલા ટહુકા'થી મનખાની માટીને પણ મીઠી ને મુલાયમ કરવાની ભાવના સેવનારા ભાવુક કવિ. આપણે વિના કોઈ વિઘ્ન એમની કવિતામાં સીધેસીધા સમરસ થઈ શકીએ તો એ જ હશે આપણી એમને સાચી જન્મશતાબ્દી-વંદના !

*

**અષાઢે**

**અષાઢે તણખલું ના તોડીએ જી,**
**એ જી, એ તો ફૂટતું રે ઘાસ,**
**એમાં ધરતીના શ્વાસ,**
**એની પત્તીની પીમળમાં પોઢીએ જી. – અષાઢે૦**

**પ્રભાતે પછેડિયું ના ઓઢીએ જી,**
**એ જી, આવ્યાં અજવાળાં જાય,**
**આવ્યા વાયુયે વળી જાય,**
**આવ્યા રે અતિથિ ના તરછોડીએ જી. – અષાઢે૦**

**તારે આંગણિયે ઊગ્યું એ પરોઢિયે જી,**
**એ જી, એ તો ફાગણ કેરું ફૂલ,**
**એમાં એવી તે કઈ ભૂલ ?**
**પરથમ મળિયા-શું મુખ ના મોડીએ જી. – અષાઢે૦**

(સમસ્ત કવિતા, ૧૯૯૬, પૃ. ૩૨૮-૩૨૯)

# આકરી ચિકિત્સા અને વિચારોત્તેજકતા | રમણ સોની

[**‘વિદ્યાવિનાશને માર્ગે’ : સુરેશ જોષી,** પુનર્મુદ્રણ, સંવાદ પ્રકાશન, વડોદરા, ૨૦૦૩]



**છબિ સૌજન્ય : જગન મહેતા**

**સુ**રેશ જોષીના બહોળા લેખન-વિશ્વમાં આ નાનકડી પુસ્તિકા ખોવાયા-સરખી રહી છે. એની ખાસ ચર્ચા થઈ નથી, એટલું જ નહીં, એ બહુધા અનુલ્લેખ્ય રહી છે. ‘ગુજરાતી સાહિત્યકોશ-૨’માં એનું નામ નથી. ‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-૭’માં સુરેશ જોષી વિશેના પ્રકરણમાં, એમનાં પુસ્તકોની યાદીમાં એ ગેરહાજર છે, માત્ર નિબંધોની ચર્ચામાં એનો શીર્ષક-નિર્દેશ છે. સુરેશભાઈના સમગ્ર લેખનકાર્યમાં એનું કોઈ મોટું પ્રદાન નથી એ ખરું, પણ એમના વિચારજગતનો એ એક તેજસ્વી અંશ તો છે જ. વળી, જો લેખકે પોતે રદ કરેલા કાવ્યસંગ્રહ ‘ઉપજાતિ’નો, એક ઐતિહાસિક તથ્યલેખે ઉલ્લેખ થતો રહ્યો હોય તો, એવા જ એક તથ્યલેખે પણ આ પુસ્તિકાનો ઉલ્લેખ તો અવશ્ય થતો રહેવો જોઈતો હતો.

બીજી તકલીફ એ છે કે, તત્કાલીન શિક્ષણ-સ્થિતિનું ચિત્ર આપતા આ પુસ્તકમાં એનું પ્રકાશનવર્ષ જ લખેલું નથી! ૨૦૦૩માં એનું પુનર્મુદ્રણ થયું એમાં કે ‘સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : નિબંધ-૨’(૨૦૦૩)માં આ પુસ્તિકા મુદ્રિત થઈ છે એમાં પણ – પ્રથમ આવૃત્તિના પ્રકાશનવર્ષ વિશે કોઈ નોંધ-નિર્દેશ નથી. એટલે, આ પુસ્તક ક્યારે લખાયું હશે એ વિશે, સંલગ્ન વિગતો શોધવી પડે એમ છે. ‘સુરેશ જોષી સંચય’ (૧૯૯૨)માં આ પુસ્તકનો એક લેખાંક (ક્રમ-૨) લીધેલો છે ને અનુક્રમમાં એની સામે ‘ઊહાપોહ, જુલાઈ, ૧૯૭૪’ એવી નોંધ છે. વળી, આ પુસ્તકમાં ‘નવનિર્માણ-આંદોલન’ (૧૯૭૩-૭૪) અને ‘રાષ્ટ્રીય કટોકટી’ (૧૯૭૫-૭૭)ના ચર્ચાનિર્દેશો છે. એટલે, ૧૯૭૦ના દાયકામાં આ લેખાંકો લખાતા રહ્યા હોય ને વહેલામાં વહેલું દાયકાના અંત સુધીમાં એનું

પ્રકાશન થયું હોય એવું અનુમાન થઈ શકે. ઉચ્ચશિક્ષણની અને દેશની વિલક્ષણ પરિસ્થિતિમાં આ પુસ્તિકા લખાઈ છે ને સુરેશ જોષી માટે એ કપરી સ્થિતિની આલોચના કરવી અનિવાર્ય બની છે એ બાબત ઘણી મહત્ત્વની છે.

□

૬૪ પાનાંના આ પુસ્તકમાં શીર્ષકો વિનાના ૧૫ લેખાંકો છે. એમાં મુદ્દાસરની સળંગસૂત્રતા બહુ નથી, પણ આપણી વિદ્યાપીઠો-યુનિવર્સિટીઓ-વિશેની સુરેશ જોષીની વિચારણાનું દ્યોતક ચિત્ર એમાં જરૂર ઊભું થાય છે. એક લગભગ તૂટી પડેલી વ્યવસ્થા તરીકે એમણે વિદ્યાપીઠોની સ્થિતિની આલોચના કરી છે ને વિદ્યાકીય મૂલ્યો ફરી સ્થાપવાં હોય તો શું કરી શકાય એનાં વિચારણીય સૂચનો – એક રીતે તો, યુનિવર્સિટી કેવી હોવી જોઈએ એ અંગેનું એક આદર્શ સ્વપ્ન એમણે રજૂ કર્યું છે. આમ તો ઉચ્ચશિક્ષણની સ્થિતિ વિશે કેટલાક વિચારકો-તદ્‌વિદો દ્વારા ઘણું લખાતું રહ્યું છે (સુરેશભાઈએ તો એમના ટૂંકા નિવેદન ‘મદીય’માં લખ્યું છે કે ‘હું શિક્ષણશાસ્ત્રી કે ચિંતક નથી’), પરંતુ આ પુસ્તિકામાં સુરેશ જોષીની એક પોતીકી અને તેજસ્વી વિચારકમુદ્રા જરૂર ઊપસી આવે છે.

પહેલા જ લેખાંકમાં એમણે, કેટલાક પશ્ચિમી ચિંતકોના, આત્યંતિક લાગે એવા વિચારમાં સૂર પુરાવતાં લખ્યું છે કે જો વિદ્યાપીઠો નિરર્થક – ‘અકાર્યકર’ – જ થઈ ગઈ હોય, નવીનવી વિદ્યાપીઠો શરૂ થાય છે એ કોઈ આગવાપણું ઉપસાવવાને બદલે નકલરૂપ વધારો કરનારી જ નીવડતી હોય તો ‘બહેતર છે કે વિદ્યાપીઠો નાબૂદ થાય.’ (પૃ.૮). આ ચર્ચાની માંડણી કરતાં એક વ્યાપક, પણ આજે તો વધારે ને વધારે સાચું પડી રહેલું એક નિરીક્ષણ એમણે કર્યું છે કે, ‘આપણો સમાજ ને આપણો આ દરિદ્ર દેશ કેટલીક નકામી અકાર્યકર સંસ્થાઓ નાહક નભાવી રહ્યો છે !’ (પૃ.૧).

આવો જરૂરી આઘાત આપ્યા પછી બીજા લેખાંકથી સુરેશભાઈ વિધાયક દિશાઓ સૂચવવા તરફ પણ વળ્યા છે. વિદ્યાપીઠ-નાબૂદી જો બીજાં જોખમો નોતરતી હોય તો, એને બદલે એમાં ધરમૂળથી આંતરિક સાફસૂફી કરી શકાય–એમ કહીને એમણે પહેલાં તો બગડેલી સ્થિતિનું નિદાન કર્યું છે. જ્ઞાનસંવર્ધનની મૂળભૂત કામગીરીને બદલે નરી તંત્રપરકતા વધી હોવાથી, જે કંઈ થાય છે એ પણ કર્મકાંડ જેવું બની રહે છે. એથી, ‘અનેક સામયિકો, પુસ્તકપ્રકાશનની શ્રેણીઓ, સંવિવાદો, વ્યાખ્યાનો બધું જ છે છતાં એમાંથી કશું સંગીન નીપજતું નથી.’ (પૃ.૧૦). આ સ્થિતિ માટે એમણે પહેલી પસ્તાળ અધ્યાપકો પર પાડી છે. અભ્યાસક્રમો જ ‘ધરમૂળથી ફેરફાર માગે’ એવા છે ને જે છે એમાંય અધ્યાપકની કામગીરી તો કેવળ ‘તૈયાર સામગ્રીની વહેંચણી કરનાર આડતિયા’ જેવી છે, જ્ઞાનસંવર્ધકની નહીં. અધ્યાપકની અકર્મણ્યતા પર સુરેશભાઈએ કરેલો કટાક્ષ શિક્ષકોનાં દંભ અને દરિદ્રતા બંનેને રમૂજથી ઉઘાડાં પાડી આપે છે. એમણે કહ્યું છે, કારકિર્દી દરમ્યાન સંગીન અર્પણ કરવાને બદલે અધ્યાપક ‘ઉપલી પાયરી’ પર જવા માટે કેટલુંક લેખન-પ્રકાશન કરે છે પણ પ્રોફેસર થઈ ગયા પછી એ ‘સાચા અર્થમાં ક્ષેત્રસંન્યાસ લઈ લે છે. જ્ઞાનોપાર્જનની કશી પણ જંજાળથી નિર્લિપ્ત રહીને અર્થોપાર્જન કર્યે જાય છે. એથી પ્રોફેસર તો આપણા જ્ઞાનજગતનો સાચો સંન્યાસી છે.’ (પૃ.૧૫).

બીજી પસ્તાળ એમણે વિદ્યાર્થીઓ પર પાડી છે. સાચી વિદ્યા કે ખરી સ્વતંત્રતા શું એ તે જાણતા નથી. નવનિર્માણમાં સાચા વિદ્રોહની આશા જાગેલી પણ 'વૈચારિક પૂર્વભૂમિકા વિનાની વિદ્રોહની પ્રવૃત્તિમાત્ર કોઈક વાર થતાં છમકલાં રૂપે મરી પરવારે છે' (પૃ.૮) એથી જ, 'નવનિર્માણ પછી વિદ્યાજગતમાં એક અનિષ્ટ ખાસ ફાલ્યું છે – વિદ્યાર્થીઓ પોતાનું સાચું હિત શેમાં છે તે વિચાર્યા વિના ધાકધમકીથી ને ગુંડાગીરીથી પોતાનું ધાર્યું કરાવતા થઈ ગયા.' (પૃ.૧૬) અને રાજકીય પક્ષો એનો ગેરલાભ લેતા થઈ ગયા! એ રીતે વિદ્યાપીઠો રાજકારણનાં પોષણકેન્દ્રોની ગરજ સારતી થઈ ગઈ. પરિણામે એક તરફ મોટાભાગનો વિદ્યાર્થીવર્ગ 'ટોળામાં જ સાહસિક બને છે' ને બીજી તરફ વિદ્યાજિજ્ઞાસુ ને તેજસ્વી વિદ્યાર્થીની વિદ્યાપીઠમાં સક્રિય ભૂમિકા રહેવી જોઈએ એ થતું નથી.

એ જ રીતે વિદ્યાપીઠોમાં વિદ્વાનોનું ઉચિત ગૌરવ થતું નથી – 'યુનિવર્સિટીના વહીવટી અધિકારીઓ વિદ્યાપીઠમાંના ગણમાન્ય મનીષીઓને, સર્જકોને, પોતાના હાથ નીચેના નોકર ગણીને વર્તતા હોય છે.' (પૃ.૨૮). એટલે પછી 'વિદ્વાન દેશના ગમે તે ખૂણે પડ્યો હોય તોય તેને શોધીને વિદ્યાપીઠોએ તેના જ્ઞાનનો લાભ લેવો જોઈએ' (પૃ.૨) એ આદર્શ તો કેટલો છેટો પડી જાય!

એથી, આ પુસ્તિકામાં, વચ્ચેવચ્ચે 'અહીં દાર્શનિક વિચારણાની આવશ્યકતા વરતાય છે' (પૃ.૨૩) – એ પ્રકારની અમૂર્ત વૈચારિક ભૂમિકા એમણે બાંધી છે, પણ વળી વળીને એમને વાસ્તવિક સ્થિતિ અને ઉચિત(આદર્શ) સ્થિતિ વચ્ચેની ખાઈ દેખાયા કરે છે. 'વિદ્યાપીઠ મને માનવીના સર્વ બૌદ્ધિક પુરુષાર્થથી પરિચિત કરાવે...' ને વિશાળ પરિપ્રેક્ષ્યમાં 'માનવસંદર્ભમાં રહેલી સમસ્યાઓને સમજીને એનું નિદાન કરવાની ક્ષમતા આપે એ એનું લક્ષ્ય હોવું જોઈએ' (પૃ.૨૮) – એમ કહીને છેવટે તો એમને નિશ્વાસ નાખવાવારો આવ્યો છે – 'પણ આજે આ બધું ઠાલી વાતો જેવું નથી લાગતું ?' (૨૮)

વિદ્યાપીઠના ત્રણે ઘટકો કે વર્ગો – વિદ્યાર્થી, શિક્ષક અને સંચાલક (સમાજ) વચ્ચેના વિસંવાદની પીડા એમને સતત થયાં કરે છે. એ કહે છે કે, એ બધા જ સીમિત દૃષ્ટિવાળા અને સ્વ-કેન્દ્રી છે, જ્ઞાનસંવર્ધનની વ્યાપક ભૂમિકાએ એ પ્રવર્તતા જ નથી. અને એ જ કારણે વિદ્યાપીઠની ઉત્તમ પરંપરાનાં બે મૉડેલ આપણને સુલભ થયાં – નાલંદા-તક્ષશિલાનું અને ઑક્સફર્ડ-કેમ્બ્રિજનું – 'પણ એ બેમાંથી એકેય આદર્શને આપણે ચરિતાર્થ કરી શક્યા નથી.' (પૃ.૨૨)

વિદ્યાપીઠોને સમાજ પર જે એક મોટો વિધાયક પ્રભાવ ઊભો કરી શકી હોત એના અભાવ અંગેનું એક મહત્ત્વનું નિરીક્ષણ એમણે કર્યું છે : 'ટૅક્નૉલૉજીનો વિકાસ થતો રહ્યો છે, પણ એની સમાન્તરે સાંસ્કૃતિક વિકાસ થયો નથી. એથી માનવીનો પણ એક સાધન તરીકે ઉપયોગ થવા લાગ્યો છે.' (૩૬). એની સામે એમણે, ફ્રાન્સમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ જે આંદોલન કરેલું એનું એક સૂત્ર ટાંક્યું છે : 'લૉંગ લીવ ધ પેશનેટ રૅવોલ્યુશન ઑફ ક્રિયેટિવ ઇન્ટેલિજન્સ.' (પૃ.૫૦). આવી સર્જનાત્મક-સંવેદનાત્મક બુદ્ધિશીલતાની આવશ્યકતાને એમણે શિક્ષણનું મહત્ત્વનું લક્ષ્ય ગણાવ્યું છે.

આ પુસ્તિકામાં આવાં બીજાં પણ કેટલાંક નિરીક્ષણો અને વિચારણા-નિષ્કર્ષો ધ્યાનાર્હ છે. આન્દ્રે ગોર્ઝ, લેનિન, ઓર્તેગા, ફિલિપ એરિસ, વગેરે પશ્ચિમી વિચારકો અને

ફિલસૂફોને એમણે ક્યાંક ટાંક્યા છે તેમ આનંદ કુમારસ્વામી અને પ્રો. અરવિંદ ઘોષનાં વિચારો-કાર્યો નોંધ્યાં છે, ને એમ બૃહદ પરિપ્રેક્ષ્યમાં પોતાની વિચારણા મૂકી છે. પણ એમના લક્ષ્યમાં આપણું સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ આગળ રહ્યું છે. એમનું એક નિદાન એ છે કે, 'આપણા સાંસ્કૃતિક સંદર્ભને અનુરૂપ શિક્ષણવ્યવસ્થા આપણે ટાળતા રહ્યા છીએ.' (પૃ.૩૪). પરિણામે 'સમાજનો શિક્ષણ પામેલો ઉપલો થર પોતાની ભાષા સુધ્ધાં ખોઈ બેઠો છે અને અંગ્રેજી ભાષા પાસેથી જે શ્રેષ્ઠ પામી શકાય તેનાથી પણ મોટે ભાગે વંચિત રહ્યો છે.' (પૃ. ૩૪).

આવી વિષમ વિદ્યાકીય સ્થિતિમાં એક અધ્યાપક તરીકેની પોતાની ભૂમિકા અંગેની પણ બે બાબતો આ પુસ્તિકામાં નિર્દેશ પામી છે. એક તે આ : 'નવનિર્માણના સમય દરમ્યાન વિદ્યાર્થીઓ બૌદ્ધિક પ્રામાણિકતાથી પોતાના વ્યવહારનો નિર્ણય લઈ શકે એ માટે વિકલ્પાત્મક બધી વિચારસરણીઓનો પરિચય કરાવવાને મેં યોજના કરેલી, એની એક બેઠક થઈ. અમુક રાજકીય પક્ષે પછી એની બેઠકો થવા જ ન દીધી.' (પૃ.૨૫). સુરેશભાઈની આ યોજના થઈ શકી હોત તો કોઈ વિધાયક પરિણામની શક્યતા જરૂર ઊભી થઈ હોત.

બીજી બાબત તે વિદ્યાપીઠના રૂઢ ઢોંચામાંથી બહાર નીકળીને કશું વિશેષ કરવાની એમની ઇચ્છા. 'વિદ્યાપીઠો ભલે ચાલે, એની સમાન્તરે બીજી વિદ્યાકીય પ્રવૃત્તિ શરૂ કરવી જોઈએ' (પૃ.૫૮) એમ કહીને એમણે આંતરવિદ્યાકીય વિષયો પરનાં વ્યાખ્યાનોની શ્રેણીની, એક પ્રકારના કૅપ્સ્યૂલ અભ્યાસક્રમની સંકલ્પના મૂકી છે. પુસ્તકના અંતે એમણે લખ્યું છે કે, 'આવાં ક્રમિક વ્યાખ્યાનોની શ્રેણીનું હું આયોજન કરી રહ્યો છું.' એ યોજના થઈ શકી કે કેમ એ ખબર નથી પણ સુરેશભાઈએ અન્ય વિભાગોમાં તેમજ બીજી યુનિવર્સિટીઓમાં સાહિત્યસંલગ્ન વિષયો પર – વિશેષે ફિલસૂફી પર ઉત્તમ વક્તવ્યો કરેલાં.

આ પુસ્તક, શરૂઆતમાં લખ્યું એમ સુયોજિત લેખશ્રેણી નથી – મુદ્દા'બદ્ધ' એ રહી શક્યા નથી. વિચારોનો એક દોર પ્રગટ થતો ને વળી અંતર્ધાન થતો ચાલ્યા કરે છે. કેટલાંક પુનરાવર્તનો, જુદાજુદા લેખોમાં જ નહીં, ક્યારેક તો કોઈ એક લેખની અંતર્ગત પણ આવતાં રહ્યાં છે. પરંતુ આ આખા લખાણમાં નિસબતભર્યો એક સ્પષ્ટ દૃષ્ટિકોણ છે ને એમનાં દ્યોતક દિશાસૂચનો ને ચિકિત્સક આલોચનાઓમાં વિશદતા અને સોંસરાપણું છે. મૌલિક વિચારબિંદુઓ ઉપસાવતાં આ લેખાંકોમાં સતત એક વિચારોત્તેજકતાનો અનુભવ થાય છે – એ આ પુસ્તિકાનો સૌથી મહત્ત્વનો વિશેષ છે.

અને આજે, આમાં આલેખાઈ છે એથી પણ વધુ વિષમ સ્થિતિમાંથી આપણે પસાર થઈ રહ્યાં છીએ ત્યારે તો આ લખાણો ઘણાં વધુ પ્રસ્તુત છે. એટલે વિદ્યારસિકોએ અને શિક્ષણની અવદશાની ચિંતા કરનારાઓએ આ પુસ્તિકામાંથી પસાર થવા જેવું છે ને ખાસ તો, જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને એ વાંચવાની ભલામણ કરવા જેવી છે.

---

**નોંધ :** સુરેશ જોષીની જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે સુ.જો. વિષયક લેખો 'પરબ'માં પ્રગટ કરવાનું મનમાં છે. જેની શરૂઆત રમણ સોનીના આ લેખથી થાય છે. – તંત્રી

❑

શ્રદ્ધાંજલિ

# અલ્કાઝી : મારા કલાગુરુ

ભરત દવે



**આ**પણને ગમતી કોઈ પણ વ્યક્તિ – પછી એ પિતા હોય કે ગુરુ – આપણા જીવનના પ્રારંભિક તબક્કે જે આપણું લક્ષ્ય, આપણી દિશા કે આપણું ઘડતર કરી આપવામાં કારણભૂત સિદ્ધ થઈ હોય, જીવનભર આપણી પ્રેરણા કે આદર્શરૂપ બની હોય – એવી વ્યક્તિ ગમે તેટલી વયે વિદાય લે – આપણું મન ઊંડા શોકમાં ગરકાવ થઈ જાય છે અને જીવનમાંથી કશુંક મૂલ્યવાન ગુમાવ્યું હોવાનો વસવસો દિવસો સુધી પીડતો રહે છે.

હા, હું મારા નાટ્યગુરુ, મારા જેવા સંખ્યાબંધ એનએસડી સ્નાતકોના ગુરુ શ્રી ઈબ્રાહિમ અલ્કાઝી (૧૯૨૫-૨૦૨૦)ની ચિરવિદાયની વાત કરી રહ્યો છું. તેઓ ૯૪ વર્ષની જૈફ વયે દિલ્હીમાં અવસાન પામ્યા. ભારતીય નાટ્યજગતની એક બહુ મોટી કદાવર હસ્તી. એક ભવ્ય યુગની સમાપ્તિ થઈ હોવાની લાગણી થાય છે. સ્વાતંત્ર્યોતર ભારતમાં નાટકો તો અનેક કલાકારોએ કર્યાં છે. નામાંકિત નટ-દિગ્દર્શકોની સંખ્યા પણ બહુ મોટી છે. દરેકે પોતપોતાની રીતે રંગભૂમિ પર ઈતિહાસ સર્જ્યા છે પરંતુ એ બધાંમાં અલ્કાઝી નોખા અને વિશિષ્ટ એટલા માટે રહ્યા કે આઝાદી પછીની ભારતીય રંગભૂમિ પરનાં નાટકોની ભજવણીમાં આવેલાં સાંગોપાંગ પરિવર્તનના તેઓ અગ્રદૂત બન્યા, અધિષ્ઠાતા બન્યા. નાટકને તેમણે એકંદરે ‘મૉડર્ન લૂક’ અને ‘મૉડર્ન એપ્રોચ’ આપ્યો. નાટક માત્ર હંસીમજાક કે સ્થૂળ મનોરંજનનું સાધન નથી પણ એક સર્વોચ્ચ કલાસ્વરૂપ છે એવી પ્રેક્ષકોને પ્રતીતિ કરાવી. નાટ્યકલાને અને સાથે તેના કલાકારોને સમાજમાં ગૌરવ અપાવ્યું. ઉત્તમ નાટકો કરવા નાટ્યશાસ્ત્ર ભણવું પડે, તેની વિધિસરની તાલીમ લેવી પડે એ ગળે ઉતાર્યું. નાટ્યસર્જક શિક્ષિત હોવો જોઈએ, અભ્યાસી અને અધ્યયનશીલ હોવો જોઈએ, સમાજ સાથે ગાઢ નિસબત ધરાવતો અને માણસમાત્રનો પ્રેમી હોવો જોઈએ,

જીવનના અવનવા રંગો પ્રતિ સદાય જાગ્રત, જિજ્ઞાસુ અને નિરીક્ષક રહેવો જોઈએ તે શિખવાડ્યું.

નાટ્યદિગ્દર્શકો તો અનેક મળશે. કદાચ અલ્કાઝીથી પણ ચડિયાતા મળશે, પણ અલ્કાઝીસાહેબ જેવા આદર્શ શિક્ષક નહીં મળે. એમના માર્ગદર્શન હેઠળ અમે નાટ્યકલા તો શીખ્યા જ, પણ તેથીય વધારે તેમણે અમને જીવન જીવવાની એક નવી અભ્યાસપૂર્ણ દૃષ્ટિ આપી, અમારી કલાદૃષ્ટિ કેળવી, સાચા સૌંદર્યને ઓળખવાની અને સમજ આપી અને સૌથી વધુ તો દુનિયાભરનાં નાટકો ભણાવી, સમજાવી, તૈયાર કરાવી અમને એક અજાણ હકીકતનું ભાન કરાવ્યું કે તમે ફ્રેન્ચ નાટક ભજવો, રશિયન નાટક ભજવો કે ભારતીય નાટક ભજવો, દરેકની સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ભલે જુદી જુદી હોય પણ દરેકમાં માણસ લગભગ એકસરખો છે જે સુખમાં હરખાય છે ને દુઃખમાં હિજરાય છે, ન મળે તો ઈર્ષ્યા ને લોભ કરે છે, મળે તો અભિમાની અથવા ઉદાર બને છે. દરેક માણસ તેની પરિસ્થિતિનો ગુલામ છે. સંજોગો માણસને ઘડે છે, ક્યારેક નીચે પટકે છે તો ક્યારેક ઉપર ઉઠાવે છે. ટૂંકમાં દુનિયાભરમાં માણસની સંવેદના લગભગ એકસરખી જોવા મળે છે. અલ્કાઝીસાહેબે અમને નાટ્યસાહિત્ય ભણાવીને એવી પણ સમજણ આપી કે શેક્સપિયર, સોફોક્લીસ, બ્રેખ્ત, ચેખૉવ, ઇબ્સન, મૉલિયર, લૉર્કા, શૉ, સાર્ત્ર, પિરાન્દેલો, ઉપરાંત મોહન રાકેશ, ધર્મવીર ભારતી, શંકર શેષ, તેન્ડુલર, કર્નાડ, બાદલ સરકાર વગેરે આપણા પ્રાચીન ઋષિમુનિઓથી સહેજ પણ ઊતરતી કોટિના આર્ષદ્રષ્ટા ન હતા. ઊંડાણથી સમજી શકો તો નાટ્યકલા એક તપસ્યા જ છે.

નાટ્યક્ષેત્રે તેમણે અમને 'શિસ્ત' (ડિસિપ્લિન) શિખવાડી. પરંતુ શિસ્ત એટલે સંયમિત વાણીવર્તન કે નિયમ પ્રમાણે કામકાજના મર્યાદિત અર્થમાં નહીં. અલ્કાઝીસાહેબની શિસ્ત એટલે તમારા સમગ્ર આચારવિચારમાં એક સૌજન્ય, ભદ્રતા, દરેક કામમાં ચીવટ, ચોકસાઈ, ઊંડાણ, દરેક વિષયનો મૂળગામી અભ્યાસ, નિરંતર અધ્યયન, પોતાની સ્મૃતિ પર ભરોસો રાખ્યા વગર દિગ્દર્શક દ્વારા કહેવાતા કે પોતાને મનોમન સ્ફુરતા હર એક વિચારને તાબડતોબ કાગળ પર નોંધી લેવાની સલાહ વગેરેનો સમાવેશ થઈ જાય. આ ઉપરાંત અલ્કાઝીનાં ડિસિપ્લિનમાં સુંદરતા, સ્વચ્છતા, સુઘડતા, વ્યવસ્થાને પણ એટલી જ પ્રાથમિકતા. ડ્રામા સ્કૂલના વર્ગમાં કોઈ વિદ્યાર્થી દાઢી કર્યા વગર આવે, વાળ ઓળ્યા વગર આવે, સહેજ પણ લઘરવઘર આવે, શર્ટનાં બટન પૂરાં બંધ ન કર્યાં હોય તો નજર પડતાં જ તેને હૉસ્ટેલમાં પાછા મોકલે અને વ્યવસ્થિત થઈને આવવાનું કહે. અભ્યાસ યા રિહર્સલ દરમિયાન આળસ, સુસ્તી, ઉદાસીનતા, પ્રમાદ, મોટેથી હસવું, ટોળટપ્પા, ફુવ્વડપણું, ભુલકણાપણું, બેધ્યાનપણું બિલકુલ ન ચલાવી લે. એમનો પ્રભાવ જ એવો કે મોટા ભાગે તો કોઈ આવું કશું કરવાની હિંમત જ કરે નહીં.

સામાન્ય રીતે લોકોના મનમાં મોટા મોટા કલાકારોની છબી કેવી છે ? વાળ લઘરવઘર હોય, ચોળાયેલા લેંઘો-ઝભ્ભો હોય, સતત સિગરેટ પીતા હોય યા તમાકુ કે મસાલો ચાવતા હોય, કેટલાક અવારનવાર શરાબસેવન પણ કરતા હોય, ઘણી વાર ભાષા પણ તોછડી હોય. જ્યારે એ બધાના મુકાબલે અલ્કાઝીની છબી સાવ જ નોખી. ગૌર વર્ણ, અરેબિક નાક-નકશો, વેધક આંખો, મોટું કપાળ, ચાલ મક્કમ, ઊંચાઈ

સાડાપાંચ ફૂટથીય ઓછી પરંતુ પ્રતિભા સંમહિત કરી દે તેવી. તેમની સામે ઊભા રહો તો તેમના વ્યક્તિત્વમાં ચુંબકીય આભા વર્તાય. ખૂબ જ ઉચ્ચ કક્ષાનું અંગ્રેજી, શુદ્ધ રણકતા ઉચ્ચારો સાથે બોલે. એક એક શબ્દ તોળી તોળીને બોલે. પહેરવેશમાં સદાય સૂટેડ-બૂટેડ, ચોખ્ખાચણક જોવા મળે. ચકમકતી શેવ કરી હોય, ખૂબ હળવા પરફ્યૂમથી મહેકતા હોય. જીવનમાં કોઈ કરતાં કોઈ વ્યસન નહીં. 'પરફેક્ટ જેન્ટલમૅન.' સ્કૂલની વિદ્યાર્થિનીઓ સાથે અધિક સૌજન્યથી અને વહાલથી વાણીવર્તન કરે. રિહર્સલ દરમિયાન અભિનય કરી રહેલી છોકરી ક્યાંક ભૂલ કરે તો 'હની', 'માય સ્વીટ' કહીને તેને વહાલથી સુધારે. તમે સહયોગ કરો, નિષ્ઠા દેખાડો, તમારી મહેનતમાં પ્રામાણિકતા દેખાડો તો અલ્કાઝીસાહેબ ગમે તેવી ભૂલોને પણ માફ કરી દે.

રિહર્સલમાં રોજ સંપૂર્ણ હોમવર્ક કરીને આવે. અને વિદ્યાર્થીકલાકારો પાસેથી પણ એવી જ અપેક્ષા રાખે છે કે તેઓ તેમના સંવાદો પૂરેપૂરા તૈયાર કરીને આવે. કલાકારોનાં પાત્રો નાનાં હોય કે મોટાં હોય, બે સંવાદ બોલવાના હોય કે બાવીસ સંવાદ બોલવાના હોય, રિહર્સલ દરમિયાન બધા વિદ્યાર્થીઓએ પૂરો સમય હાજરી આપવાની અને રિહર્સલ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું. તમારે માત્ર તમારો પાઠ નથી ભજવવાનો પરંતુ આખુંય નાટક શાના વિશે છે, નાટકનો મુખ્ય વિચાર શો છે, કથાપ્રવાહ કઈ રીતે આગળ વધે છે, બીજાં પાત્રોનું યોગદાન શું છે, તમારા પાત્રનો બીજાં પાત્રો સાથે સંબંધ શો છે, નાટકની ભાષા કેવી છે, સંવાદોની બાંધણી કેવી છે, નાટકમાં ક્યાં ક્યાં પરાકાષ્ઠાનાં દૃશ્યો આવે છે, દિગ્દર્શક દ્વારા આપવામાં આવતી સમજૂતી તેમજ તેમના દ્વારા તૈયાર કરાવવામાં આવતા 'કમ્પૉઝિશન્સ' (પાત્રોની ગોઠવણી અને હલન-ચલન) વગેરે વગેરે બાબતો હર એક કલાકારે શીખવી જરૂરી ગણવામાં આવતી.

જે કોઈ વિદ્યાર્થીમાં કલાકૌશલના ચમકારા જોઈ જાય, તેની નિષ્ઠા ઓળખી જાય તો તેને બનતી મદદ કરી છૂટે. મારો જ એક વ્યક્તિગત દાખલો આપું. અહીં કેન્દ્રમાં હું નથી પણ એક ઉમદા શિક્ષક તરીકે માત્ર અલ્કાઝીનો જ પરિચય આપવાનો મારો હેતુ છે. એક દિવસ હું વહેલી સવારે મારી ડૉરમેટરીમાં બેસીને સિતાર પર રિયાઝ કરતો હતો. એવામાં અચાનક અલ્કાઝીસાહેબ ક્યારે મારી સામે આવીને ઊભા રહી ગયા એનું મને ભાન ન રહ્યું. આ રીતે તેઓ હૉસ્ટેલમાં અવારનવાર ઓચિંતા આવી ચડતા હતા એવું મેં સાંભળેલું. મારું ધ્યાન પડ્યું કે તરત હું 'ગુડમૉર્નિંગ સર' કહીને ઊભો થઈ ગયો. મને કહે કે સિતાર ક્યારથી વગાડો છો ? સિતાર સિવાય બીજા કયા શોખ છે ? મેં કહ્યું મને પેઇન્ટિંગમાં ખૂબ રસ છે. પોતે ચિત્રકાર અને ચિત્રકલાના ઊંડા અભ્યાસી. એટલે તરત મને કહે, તમારાં ચિત્રો છે ? મેં તરત મારો પૉર્ટફોલિયો કાઢીને મારાં પેઇન્ટિંગ્ઝ બતાવ્યાં. ખુશ થયા હોય એવું લાગ્યું. પછી કહે કે તમે ઑઇલ પેઇન્ટિંગ કરો છો ? મેં કહ્યું, આજ સુધી તો વૉટરકલર્સ જ કર્યા છે, વળી કૅનવાસ અને ઑઇલકલર્સ મને મોંઘાં પણ પડે. મને કહે કે મને ઑફિસમાં આવીને મળજો. ૧૧ વાગે તેમની ઑફિસમાં જઈને મળ્યો તો તરત ક્લાર્કને બોલાવીને કહે કે આમને રૂ. ૪૦૦ આપો. પછી મને કહે કે આમાંથી જરૂરી ખરીદી કરી ઑઇલ પેઇન્ટિંગ બનાવજો. હું તો આશ્ચર્યચકિત થઈ ગયો ! એક સંસ્થાનો વડો કેટલી સહજતાથી એક વિદ્યાર્થીના કલા-

કૌશલ્યને પારખી લઈને આટલી ઝડપથી અને આટલી સરળતાથી તેને આર્થિક સહાય કરી દે !! એ જ દિવસે હું કૅનવાસને બદલે કૅનવાસ-પેપર્સ લઈ આવ્યો (જે પ્રમાણમાં સસ્તાં પડે), ઑઇલકલર્સ પણ લઈ આવ્યો અને વધેલા પૈસા ઑફિસમાં જમા કરાવી દીધા.

બીજા જ દિવસે સવારે ફરી અલ્કાઝી આવ્યા. હાથમાં છસાત પુસ્તકો હતાં. મને કહે, 'ધિઝ આર ફૉર યુ.' હું તો આભો જ થઈ ગયો! આ બધાં મહાન ચિત્રકારો પરનાં સચિત્ર પુસ્તકો હતાં જે તેમણે પોતાના અંગત સંગ્રહમાંથી આપેલાં. દરેક પુસ્તકના પહેલા પાના પર પર લખેલું 'To Bharat, With affection, E. Alkazi.' હું તો ગદ્ગદ થઈ ગયો. હું કોઈ મોટો ચિત્રકાર નહોતો એ છતાંય તેમણે મને કેટલો બધો પ્રોત્સાહિત કર્યો ? મેં પાંચેક ઑઇલ પેઇન્ટિંગ્ઝ તૈયાર કર્યાં અને તેમને અર્પણ કરવા ગયો તો પ્રસન્ન થઈને કહે, 'મને આપવાની જરૂર નથી, તમારા સંગ્રહમાં જ રાખો અને વધુ ને વધુ રિયાઝ કરતા રહો.' એ પછી અલ્કાઝીએ ઘણી વાર નાટકોની સેટડિઝાઇન તેમજ અન્ય ફોટોપ્રદર્શન જેવાં કાર્યોમાં મારા કૌશલનો લાભ લીધેલો.

અલ્કાઝીની વિશેષતા એ હતી કે તેઓ દરેક વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખી લેતા હતા. દરેક વિદ્યાર્થી સારો ઍક્ટર ન બની શકે, સારો ડિરેક્ટર ન બની શકે, તો શું કરવું ? ચિત્રો બનાવવાનું કૌશલ દેખાય તો તેઓની મદદ સેટડિઝાઇનમાં લે, અભ્યાસી જણાય, ભાષા અને સાહિત્યની સૂઝસમજ દેખાય તો એવાઓને દિગ્દર્શન-સહાયમાં અથવા સ્ક્રિપ્ટને મઠારવામાં કામે લગાડે. સંગીતની સૂઝ દેખાય તો તેમને સંગીતવિભાગમાં કોઈ કામ સોંપે. એક પણ વિદ્યાર્થીને એવું ન લાગવા દે કે તે આ નાટ્યનિર્માણનો હિસ્સો નથી.

અલ્કાઝીસાહેબની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેઓ નાટકને ખરા અર્થમાં વિવિધ કલાઓનો સમન્વય સમજતા હતા. એટલે તેમની અપેક્ષા હતી કે દરેક વિદ્યાર્થીઓએ અને તેમાંય ખાસ કરીને દિગ્દર્શક બનવા માંગતા વિદ્યાર્થીઓએ અભિનય ઉપરાંત ચિત્રકલા, છબીકલા, શિલ્પકલા, આર્કિટેક્ચર, વિઝ્યુઅલ આર્ટ, ગ્રાફિક-ડિઝાઇન, વિવિધ ચિત્રશૈલીઓ, ભારતીય તેમજ વિદેશની સંગીતશૈલીઓ, વાગ્નર અને મૉઝાર્ટની સિમ્ફની, વેશભૂષાની કલા, વિવિધ પ્રકારના ફેબ્રિક્સ અને રંગોની સમજ, સ્ટેજ પર સન્નિવેશ અને વસ્ત્રોના રંગોની સમતુલા, પ્રેક્ષકોના મન જુદા જુદા કલર્સ અને ટેક્સ્ચરની પડતી અસરો, વગેરેને ઊંડાણથી સમજવાનો આગ્રહ રાખતા. તેઓ કહેતા કે નાટ્યકલામાં આ તમામ કલાઓનો સમન્વય તો છે જ પણ તેથીય વધારે આ વિભિન્ન, સ્વતંત્ર લાગતી કલાઓ નાટકમાં પ્રયોજાય ત્યારે એકબીજા સાથે એકરૂપ થઈ જઈને સુસંવાદિત અસર પેદા કરે છે. અમારી કલાદૃષ્ટિ કેળવવા માટે અલ્કાઝીસાહેબે દુનિયાના ખ્યાતનામ ચિત્રકારો રેમ્બ્રાં, વાનગૉગ, સુઝાન, મૉને, ડાલી, ઍલ ગ્રિકો, પિકાસો, હેનરી મૂર જેવાઓનાં શિલ્પો વગેરેની સ્લાઇડ્ઝ પ્રોજેટ કરી એક એક ચિત્ર કે શિલ્પનું કલાત્મક વિશ્લેષણ કરીને અમને સમજાવેલું. સાથે સાથે આ બધાનો નાટ્યનિર્માણમાં શો ઉપયોગ થઈ શકે એ પણ ઉદાહરણો સાથે સમજાવતા.

અલ્કાઝી પર એક મોટો આક્ષેપ ભારતીય નાટ્ય વિદ્યાલયમાં વિદેશી નાટકોને

વધારે પડતું મહત્ત્વ આપવા બાબતે રહેલો. એ વાતમાં થોડુંઘણું તથ્ય જરૂર હતું પરંતુ માત્ર એ મુદ્દા પર અલ્કાઝીનો વિરોધ યોગ્ય નહોતો. અલ્કાઝી પાશ્ચાત્ય રંગે રંગાયેલા તેનો કોઈ ઇન્કાર ન કરી શકે પરંતુ ભારતીય કલાસંસ્કૃતિ અને કથાસાહિત્યનું ઊંડાણ પણ અલ્કાઝીમાં એટલું જ હતું. તેમની સાથે 'અંધાયુગ' કરતી વખતે તેમણે જે વિસ્તારથી મહાભારતનો મર્મ સમજાવેલો, અશ્વત્થામાના ચરિત્રને જે રીતે વર્તમાન મનુષ્યમાં રહેલાં વેર, હિંસા અને વિનાશની લાગણી સાથે જોડી આપીને સમજાવેલું તે આજે પણ મનમાં તાજું છે. અલ્કાઝી વિદેશી નાટકો જ કરે છે તેવી ફરિયાદ કરનારાઓએ ભૂલી ન જવું જોઈએ કે પાશ્ચાત્ય નાટકોની ભજવણીઓ સાથે સાથે અલ્કાઝીએ ભારતીય નાટ્યસર્જકોના 'ગોદાન', 'આષાઢ કા એક દિન', 'અંધાયુગ', 'તુઘલક', 'સુલતાન રઝિયા', 'મૃચ્છકટિક', 'સૂર્યમુખ' જેવાં નાટકો પણ કરેલાં.

બીજું, એક એ હકીકત પણ ધ્યાન પર લેવી જોઈએ કે અલ્કાઝીનો ઉછેર હબીબ તનવીર, કારંથ, થિયમ કે પનિકરની જેમ ભારતા ગ્રામીણ પ્રદેશોમાં નહોતો થયો. એટલે તેમનું કુદરતી વલણ આરંભથી જ લોકનાટ્યો કે ભારતીય નાટકો પરત્વે એટલું સમૃદ્ધ નહોતું જેટલું પાશ્ચાત્ય નાટકો પરત્વે હતું. વળી એક નિષ્ણાત દિગ્દર્શક દરેક પ્રકારના નાટકમાં નિષ્ણાત હોય એવો આગ્રહ ક્યારેય રાખી શકાય નહીં. ઉદાહરણ તરીકે અલ્કાઝીએ 'The Trojan Women' અથવા 'Look Back in Anger' જે રીતે ભજવી બતાવ્યાં એ કદાચ હબીબ તનવીર ન કરી શકે. અને એવી જ રીતે અલ્કાઝી પણ હબીબ તનવીર જેવી કાબેલિયતથી 'ચરનદાસ ચોર' જેવું પ્રહસન તૈયાર ન કરાવી શકે. દરેક દિગ્દર્શકની પોતપોતાની ખૂબી અને વિશેષજ્ઞતા હોય એ સ્વીકારવું જ પડે. એક વ્યક્તિ નાટકની તમામ કલાઓની પારંગત હોય પણ દરેક શૈલી-સ્વરૂપનાં નાટકો એકસરખી પારંગતતાથી ન ભજવી શકે. એ જ તો દરેક કલાકારની આગવી ઓળખ હોય છે. અને એટલે જ એ ખોટ પૂરી કરી આપવા અલ્કાઝીસાહેબ છૂટથી બીજા વિશેષજ્ઞોની મદદ લેતા.

મારા સમયમાં અલ્કાઝીસાહેબે કન્નડ લોકનાટ્ય 'યક્ષગાન' શીખવવા કર્ણાટકથી ડૉ. શિવરામ કારંથ અને બી. વી. કારંથને બોલાવેલા. ભરતનાટ્યશાસ્ત્ર ભણાવવા આચાર્ય બૃહસ્પતિને નિમંત્રેલા. ધર્મવીર ભારતીનું 'સૂરજ કા સાતવાં ઘોડા' નાટક તૈયાર કરવા રાજેન્દ્રનાથને આમંત્રણ આપેલું, બ્રેખ્તનાં નાટકો શીખવવા જર્મનીથી કાર્લ વેબર, ફ્રિટ્ઝ બેનેવિટ્ઝને અને ચેખૉવનું 'ચેરી ઑર્ચર્ડ' નાટક તૈયાર કરાવવા અમેરિકાથી રિચાર્ડ શેખનરને બોલાવેલા. કાબુકી શૈલીમાં 'ઇબારાગી' ભજવવા જાપાનીઝ ડિરેક્ટર સોઝો સાટોને આમંત્રેલા. અલ્કાઝી હર એક દેશ-પ્રદેશથી હર એક ભાષા અને નાટ્યશૈલીના નિષ્ણાતોને નિમંત્રવામાં ખુલ્લું મન ધરાવતા હતા. હર એક કલાસ્વરૂપમાં પોતે પ્રભુત્વ ધરાવે છે અથવા સર્વજ્ઞાતા છે એવો મિથ્યા ગર્વ અંશભાર પણ નહોતો. વિદ્યાર્થીઓ માત્ર વિદેશી નાટકોથી અથવા ભારતીય નાટકો કે લોકનાટ્યોથી બંધાઈ ન જાય તે અંગે તેમણે પૂરતી કાળજી લીધેલી.

લોકો એક મહત્ત્વની વાત ભૂલી જાય છે કે એનએસડીમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ સ્કૂલમાં થિયેટર-પ્રૅક્ટિસ કરવા નથી આવતા પણ નાટકના પાયાગત કલાકસબ શીખવા

આવે છે. તેઓ કોઈ એક શૈલી કે એક પરંપરામાં બંધાઈ જાય તે એમના માટે લાભદાયી નથી. અલ્કાઝીએ શ્રેષ્ઠ રીતે નાટ્યનિર્માણનાં મૂળભૂત પાસાંઓ શિખવાડ્યાં – પછી નાટક વિદેશી હોય કે ભારતીય – જેની દરેક વિદ્યાર્થીને શીખવાની જરૂર હતી. અલ્કાઝીના છોડી ગયા પછી અલબત્ત, નીતિનિર્ણાયકો દ્વારા સ્કૂલમાં ભારતીય નાટક અને તેમાંય લોકનાટ્યો પરનું જોર એકદમ વધારી દેવામાં આવ્યું. આ બાબતે કોઈ એવો પ્રશ્ન પણ પૂછી શકે કે સ્કૂલમાં ભવાઈ, તમાશા કે નૌટંકી જેવા લોકનાટ્યો પર તમે વધારે પડતો ભાર મૂકો તો સાથે એ વિચાર કરો છો ખરા કે ભણવા આવનાર કુલ વિદ્યાર્થીઓમાંથી કેટલા ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ બાદ પોતાના વતનમાં પાછા ફરી લોકનાટ્ય-આધારિત થિયેટર કરી શકવાના છે ? મોટા ભાગના કલાકારો રંગમંચ, ફિલ્મ કે ટેલિવિઝન પર રિયાલિસ્ટિક (વાસ્તવવાદી) ભજવણી જ કરવાના છે. વિવિધ લોકનાટ્યોનો અભ્યાસ તમે ચોક્કસ કરાવો પણ તેમાં વર્તમાન નાટ્યજગતની વાસ્તવિકતા પણ યાદ રાખવી જોઈએ.

બાકી રંગમંચના મૂળભૂત કલાકસબ શીખી ગયેલી વ્યક્તિ બાદમાં ઇચ્છે તો રતન થિયમ કે પ્રસન્નાની માફક લોકનાટ્યકલા કે લોકજાગૃતિનાં નાટકો પર પોતાનું ધ્યાન જરૂર કેન્દ્રિત કરી શકે છે. રતન થિયમ એનએસડીમાં ભણેલા એટલે જ મણિપુરના અગાઉના દિગ્દર્શકોના મુકાબલે નાટ્યનિર્માણની આધુનિક ટૅકનિક્સમાં અલગ પડ્યા. થિયમના નાટકમાં જોવા મળતી ટૅક્નિકલ ચુસ્તી એનએસડીના અભ્યાસના પરિણામે છે. વાસ્તવમાં નાટ્યકલા, નથી માત્ર ભારતીય કે નથી પાશ્ચાત્ય, અલબત્ત હર એક દેશની પોતપોતાની આગવી કલાસંસ્કૃતિ હોવાની જ, એટલે હકીકતમાં જરૂર છે નાટ્યકલાના મૂળભૂત સિદ્ધાંતોને શીખવા અને સમજવાની. ડ્રામા સ્કૂલમાં ભણવા આવતો આજનો આધુનિક વિદ્યાર્થી નાટકના પાયાના નિયમો શીખે છે, નાટકના કલાકસબ જાણે છે, સાહિત્યના પાઠ ભણે છે, પાત્રોનું મનોવિજ્ઞાન સમજતો થાય છે, માનવસંબંધોને ઉકેલવાની દૃષ્ટિ કેળવે છે, માનવમનના ઊંડાણમાં ખાંખાંખોળા કરી અજ્ઞાત રહસ્યોને પારખતાં શીખે છે અને ખાસ તો વર્તમાન જગતમાં વધારે સ્થિર, સમ્યક્, બૌદ્ધિક દૃષ્ટિકોણ સાથે જીવવાની દૃષ્ટિ પણ કેળવે છે. આ બધો યશ અલ્કાઝીસાહેબની શિક્ષણપદ્ધતિને જાય છે.

એનએસડીમાં ભારતીય વિરુદ્ધ પાશ્ચાત્ય નાટકોનો આ વિવાદ છેક આપણી સંસદ સુધી પહોંચેલો. એ વખતે રાજ્યસભાના સદસ્ય આપણા કવિશ્રી ઉમાશંકર જોશીએ ઊભા થઈ મક્કમ અવાજે અલ્કાઝીનું સમર્થન કરતાં કહેલું કે ‘નાટ્યકલામાં હું ભારતીય અને વિદેશી એવા ભેદ નથી જોતો.’ યોગાનુયોગ એ વખતે સ્કૂલમાં નાટક ‘Danton's Death’ના પ્રયોગો ચાલી રહેલા જેમાં નસીરુદ્દીન શાહ, ઓમ પુરી, મનોહરસિંઘ વગેરે કામ કરતા હતા. ઉમાશંકરે કહેલું કે, ‘Danton's Death’ ફ્રેન્ચ ક્રાંતિનું અદ્‌ભુત નાટક છે જે વિદેશી હોવા છતાં મારો આગ્રહ છે કે ભારતના હર એક શહેરમાં ભજવાવું જોઈએ. જેમ કાવ્યક્ષેત્રે અગત્યનો છે એમ દાન્તે કે વર્ડ્‌ઝવર્થ પણ એટલા જ અગત્યના છે. જેટલો સોફોક્લીસ જોવો જોઈએ એટલા જ ટાગોર અને ભારતેન્દુ પણ જોવા જોઈએ. કલાક્ષેત્રે આવા કોઈ ભેદ કે સીમાડા હોઈ જ ન શકે. વર્તમાન જગતમાં વિદેશી નાટકો

વિરુદ્ધ આટલી બધી સૂગ શાને માટે ?

રિહર્સલ દરમિયાન, નાટક તૈયાર કરાવતી વખતે, વચ્ચે વચ્ચે અલ્કાઝીસાહેબ નાટકના સંદર્ભમાં મનુષ્ય વિશે કે માનવસંબંધો વિશે કેટલીક એવી અદ્‌ભુત વાતો બોલી જતા (કે મારા જેવા તરતોતરત પોતાની નોંધપોથીમાં ટપકાવી લેતા) અને ક્યારેક વિદ્યાર્થીકલાકાર પાસેથી ધાર્યો પ્રતિભાવ આવે નહીં તો અનહદ વ્યાકુળ થઈ ઊઠતા, ક્યારેક નાસીપાસ થઈ જતા અને પરિણામે રોષ પણ પ્રગટ કરી દેતા. એવે વખતે મારા જેવા ઘણાને એવો વિચાર ઝબકી જતો કે અલ્કાઝી અમારા જેવા મિડિયૉકર ઍક્ટર્સ પાછળ આટલી બધી શક્તિ અને સમયનો વ્યય શા માટે કરતા હશે ? આને બદલે મુંબઈ જઈને ટોચના વ્યાવસાયિક ઍક્ટર્સ સાથે નાટકો કરીને આંતરરાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ કેમ હાંસલ નહીં કરતા હોય ? અને એમાં અલ્કાઝીને કેટલાં બધાં યશ, કીર્તિ અન ધનરાશિ મળી શકે ? આવી સ્કૂલના પગારદાર બની રહેવામાં શો ફાયદો ? અમને ખબર પડેલી કે ૧૯૬૦ના અરસામાં શંભુ મિત્ર અને ઉત્પલ દત્તને ઑફર થયેલી પરંતુ એમાંથી કોઈ પોતાની ધીખતી પ્રોફેશનલ કેરિયર છોડીને ડ્રામા સ્કૂલમાં ભણાવવા આવવા તૈયાર નહોતા થયા.

અલ્કાઝીએ જે કોઈ કારણસર ડ્રામા સ્કૂલમાં જ રહીને વિદ્યાર્થીઓને ભણાવવાનો વિકલ્પ સ્વીકાર્યો હોય પણ આજે મને ખરેખર સાચી પરિસ્થિતિનું ભાન થાય છે કે પ્રોફેશનલ ઍક્ટરો સાથે અલ્કાઝી નિઃસંદેહ અનેકગણું ઉત્કૃષ્ટ કામ કરી શક્યા હોત; તેમની મહેનત, તેમની વિશેષજ્ઞતા, તેમની અપેક્ષાઓ ખરેખરમાં સાર્થક નીવડી હોત. પરંતુ બે ઘડી વિચારી જુઓ, એવી રીતે ધનકીર્તિ કમાઈ લેવાને બદલે અલ્કાઝીએ સ્કૂલમાં જ શિક્ષણ કાર્ય કરતા રહીને આખાય દેશના નાટ્યક્ષેત્રે કેટલું મૂલ્યવાન હાંસલ કર્યું ? એક શિક્ષક કેટલી પેઢીઓને તૈયાર કરવાનું ઉદાત્ત કાર્ય કરે છે ?

અગાઉ ભલે એમ કહ્યું કે આજે અલ્કાઝીના જવા સાથે એક યુગની સમાપ્તિ થઈ હોવાનો અનુભવ થાય છે. પરંતુ સાથે સાથે નવા યુગનાં મંડાણ પણ નજરે ચડે છે. ઘડીક વિચારી જુઓ, અલ્કાઝીએ પ્રોફેશનલ સ્ટેજ પર કામ કરવાને બદલે ડ્રામા સ્કૂલની જવાબદારી સ્વીકારી અને પેલાં સંભવિત વીસપચીસ નાટકોને બદલે તેમના હાથ હેઠળ સેંકડો-હજારો વિદ્યાર્થીઓ તૈયાર થયા જેઓ આજે દેશનાં વિભિન્ન રાજ્યોમાં ફેલાઈ જઈને એક નવી રંગભૂમિ સર્જવા પુરુષાર્થ કરી રહ્યા છે એનું મૂલ્ય કોણ આંકી શકે છે ?

અલ્કાઝી માત્ર નાટ્ય કે ચિત્રક્ષેત્રની જ વ્યક્તિ ન હતા, તેઓ પૂરેપૂરા અર્થમાં એક મહાન સંસ્કૃતિપુરુષ હતા. અમે તમામ વિદ્યાર્થીઓ તેમના જીવનભરના ઋણી છીએ. આજે અમે જે કંઈ છીએ તે એમની તાલીમને પ્રતાપે છીએ. અમારામાં જોવા મળતું સઘળું શ્રેષ્ઠ એમનું છે, નબળાઈઓ બધી અમારી છે. તેમને શત શત નમન.

❑

# રણ – રેશમ રેશમ અને જણજણનું

નરોત્તમ પલાણ

**આ**જે 'રણ' વિશેનાં બે પુસ્તકોની વાત કરવી છે. એક છે ભારતી રાણેનું 'રણ તો રેશમ રેશમ' (૨૦૧૮) અને બીજું છે ધીરેન્દ્ર મહેતાનું 'રણ, જણજણનું' (૨૦૨૦). બન્નેમાં રણ છે અને રણના કાંઠે વિકસેલા ઉઝબેકિસ્તાન, જૉર્ડન અને કચ્છની વાતો છે. ભારતીબહેન બે દેશોના પ્રવાસની સહજ, સરળ અને ક્યાંય મુગ્ધ તથા નાસમજ રજૂઆત કરે છે તો ધીરેન્દ્રભાઈ કચ્છની આંતરિક સમૃદ્ધિ સમાં કચ્છી ભાષા અને સાહિત્યની, ક્યાંક થાક લાગી જાય તેવી વાતો કરે છે ! બન્નેનું ગદ્ય માણવું ગમે છે અને બન્નેનું ભાવવિશ્વ પણ વિશાળ તથા આપણને વિહરવું ગમે તેવું છે. ભારતીબહેનમાં ઇતિહાસ અને શિલ્પસ્થાપત્યની સાથે સમાજદર્શન છે, જ્યારે ધીરેન્દ્રભાઈમાં ઇતિહાસ, મંદિર, મૂર્તિ નથી... માત્ર સાહિત્ય છે. બન્ને સહૃદયી અને આમ ભર્યા ભર્યા છે, પણ જૉર્ડનના કરાકનો કિલ્લો, અકાબા, જેરાશ તથા અમ્માનમાં વાહનો વિશેની પોતાની જાણકારીમાં ભારતીબહેન હાસ્યાસ્પદ અને શુષ્ક છે. આવું જ 'કચ્છનાં નારીસર્જકો'ના અવલોકનમાં ધીરેન્દ્રભાઈ તર્કની કાખઘોડીથી વારે વારે ઠોકર મારતા કઠોર અનુભવાય છે !

ભારતીબહેન સિત્તેર પૃષ્ઠોમાં ઉઝબેકિસ્તાન અને એટલાં જ પૃષ્ઠોમાં જૉર્ડન તથા ગુફાનગરી પેટ્રાના મોહમ્મદ માર્ગરાઇટની પ્રેમકહાણી દ્વારા આપણને રેશમનો સ્પર્શ કરાવે છે અને ધીરેન્દ્રભાઈ 'અસાંજો કચ્છ–અસાંજો કચ્છ' કહેતા કહેતા આપણા હૃદયમાં પણ કચ્છ પ્રતિ મમત્વ જન્માવે છે. બન્ને સર્જક છે, વાચકોને રમાડી શકે છે અને પોતાના રણ પ્રત્યેના લગાવનો ગુલાલ ઉડાડી આપણને રણ-રણ રટતા કરી મૂકે છે ! આમ જુઓ તો બન્ને રણકાંઠાના વતની છે. ભારતીબહેન સુરેન્દ્રનગર એટલે નાનું રણ અને ધીરેન્દ્રભાઈ ભૂજ એટલે મોટું રણ. એકમાં બે દેશોનો પ્રવાસ છે, બીજામાં કચ્છહૃદયમાં પ્રવેશ છે.

ભારતીબહેનની સફર દિલ્હીથી વાયુમાર્ગે તાશ્કંદ અને બુખારા પહોંચે છે. વચ્ચે વિસ્મયકર પ્રકૃતિદર્શન છે અને બુખારા, જે સંભવતઃ બૌદ્ધવિહારો ઉપરથી 'વિહારા' અને 'બુખારા' છે તેનાં દર્શનીય સ્થળોનો વિહાર છે. રશિયાના વિઘટન બાદ બુખારા ૧૯૯૧થી સ્વતંત્ર મુસ્લિમ રાષ્ટ્ર છે અને ઉદારવાદી વિદ્યાધામ છે. બુખારાના આ વિદ્યાધામમાંથી જ 'અલ-જબર' તે આજનું 'એલજિબ્રા' અને 'માદાદિસીનો' એટલે 'મેડિસીન' છે. 'કુરાન' પછી ઇસ્લામમાં પવિત્ર મનાતા બીજા ગ્રંથ 'હદીસ'નું સર્જન અહીં થયું છે. એના સર્જક ઇમામ અલ 'બુખારી'નું સ્મારક અહીં 'પુસ્તક'ના રૂપનું બનાવાયું છે. એશિયન કલાના પ્રતિનિધિ સમું ઈંટથી બનેલું આ સ્મારક, ભારતીબહેન

કહે છે તેમ મૂળનાં ઝોરાષ્ટ્રીયન પ્રતીકો પણ ધરાવે છે. મુસ્લિમ રાષ્ટ્ર હોવા છતાં અહીંનો લગ્નવિધિ અગ્નિ ફરતા સાત ફેરાનો બનેલો છે ! આ પ્રથા માત્ર બુખારામાં જ છે, અન્યત્ર નથી. (પૃ. ૧૬). અહીંના મૂળ વતની ઇરાનીઓ (આર્યો)ની ઘણી પ્રથાઓ આજે સદીઓ વીત્યા પછી પણ અહીં ચાલુ છે. ભારતમાં હિન્દુ અને જૈન મંદિરો મસ્જિદ બન્યાં છે, તેમ અહીં મૂળના ઝોરાષ્ટ્રીયન ધર્મસ્થાનકો મસ્જિદમાં ફેરવાયાં છે.

બુખારા સાથે જ જેનું નામ જોડાયેલું છે તે સમરકંદના માર્ગો ઉપરથી પસાર થતાં ભારતીબહેન ઉમાશંકરની એક દીર્ઘ રચના ‘કદી ભુલાશે નહીં બાપલા, સમરકંદ-બુખારા’, જે પ્રવાસની તૈયારી કરતા હતા ત્યારે દક્ષાબહેન વ્યાસે તેમને લખીને મોકલી હતી તે અને હાફિઝ શિરાઝીની ‘એના ચહેરા પરના તલ ઉપર, હું ન્યોચ્છાવર કરી દઈશ સમરકંદ-બુખારા’ યાદ કરે છે અને હુમા પક્ષીયુગલના કલાત્મક શિલ્પ સાથે ભારતીય અનુબંધ રચે છે. અહીં ભારતીબહેન સાહિત્ય અને કલાથી ભર્યાં ભર્યાં રસિક સન્નારી અનુભવાય છે. શિમગન પર્વતમાળા વચ્ચે ‘ચાર્વાક લેક’ સુજ્ઞ ભારતીબહેન અનુમાને છે કે ‘નક્કી એ પાણીનું નહીં, ઘીનું સરોવર હોવું જોઈએ !’

પૂર્વનું મક્કા ગણાતા તાશ્કંદમાં, બરાબર બીજી ઑક્ટોબરે હાથમાં ગુલાબનાં ફૂલો લઈને લાલબહાદુર શાસ્ત્રીના સ્મારક વિશે પૂછે અને એક નાનકડું બાળક દોડતું આવીને ‘લાલબહાદુર શાસ્ત્રી ? ધિસ વે !’ એમ કહીને આંગળી ચીંધે ત્યારે એ બાળકની જાણકારી તથા દેશભક્ત ભારતીબહેનને સલામ કર્યા વિના રહેવાતું નથી. હા, તૈમૂર લંગનું પ્રભાવક પૂતળું જોઈને, આપણા દેશ સાથેના એના ક્રૂર વર્તનનો ઇતિહાસ જાણતા છતાં તૈમૂરની ન્યાયશીલતાની કદર કરે ત્યાં થોડી મુગ્ધતા અને ‘લંગ’ (લંઘ) તે અપમાનકારક શબ્દ નથી પણ એના વંશનું નામ છે ત્યાં થોડી નાસમજ પ્રગટ થાય છે. કહો કે તાશંકદના મીઠા અને ખારા—બન્ને રોટલાનો સ્વાદ અહીં છે !

જૉર્ડનનો પ્રવાસ, ક્યાંક ક્યાંક ચમકી જતા ભારતીબહેનના કાવ્યચમકારા સમા ગદ્યના કારણે અને ખાસ તો ત્યાંની લોકજાતિ બેદૂઇન (નેબેરિયન)ના ખુલ્લા-નિખાલસ વહેવારના કારણે, તેમજ સિરિયાના બૉમ્બધડાકા વચ્ચે ‘અમારો દેશ એકદમ સલામત છે’ એમ ઉત્સાહભેર પ્રવાસીઓને આવકારતા અહીંના નાગરિકો પ્રતિ ભારતીબહેન સાથે આપણા દિલમાં પણ માન જન્મે છે. ભારતીબહેન નોંધે છે કે ‘ન તો ક્યાંય બંદૂકધારી સૈનિક કે પોલીસ દેખાઈ કે ન તો ક્યાંય ઊંચો અવાજ કે ઝઘડોમાત્ર પણ જોવા મળ્યો.’ (પૃ. ૭૬)

‘રેતના અફાટ મહાસાગર પર જ્યારે શીતળ ભરતી ચઢે—’ સાવ સહજ અને ધમપછાડા વિનાના સામાન્ય ગદ્યમાં ભારતીબહેન રણને દરિયો અને રાતને ભરતી કહે ત્યારે આપણે રણપ્રદેશનો ધબકાર માણી રહીએ છીએ. જૉર્ડનના પ્રવાસમાં બે પુસ્તકોની વાત ભારે કુનેહપૂર્વક વણાયેલી છે. ‘લૉરેન્સ ઑફ અરેબિયા’ અને ‘મેરિડ ટૂ અ દેબૂઇન’ — આ પુસ્તકોના સહારે જૉર્ડન અહીં જીવતું થાય છે. ‘ભર્યે ખોબે જૉર્ડન’ (ફૂલ બાઉલ ઑફ જૉર્ડન) કહેવાય છે તેનો રોચક પરિચય અહીં છે. ડેડ સી, રેડ સી અને જૉર્ડનના છેડે ઊભા રહીને ભારતીબહેન રણની એક ખાસિયત સમુદ્ર સાંકડો પણ રણની વિશાળતા

એવી કે આપણને આંગળી ચીંધીને 'પે-લી દેખાય તે ભૂમિ ઈજિપ્ત' – એમ એકસાથે ત્રણ દેશોનું દર્શન કરાવે ત્યારે રણની અફાટતા આપણે પ્રમાણી રહીએ છીએ !

છેલ્લાં ચાર પ્રકરણો જૉર્ડનની જુગજૂની રોકસીટી પેટ્રા વિશે છે અને એ ભાવભર્યો ઊથલો મારતી સૉનેટની છેલ્લી બે પંક્તિઓ જેવા છે ! આપણા અજંટા-ઈલોરાની જેમ આખું શહેર 'પેટ્રા' રોકકટ છે ! 'વર્લ્ડ હેરિટેજ'નો મહામૂલ્યવાન દરજ્જો પેટ્રાને મળેલો છે. અહીંનો એક પણ આવાસ, મકાનની માફક ચણતર કરેલો નથી પણ મોટી મોટી શિલાઓમાં કોતરી કાઢેલો છે. આવી મનુષ્યના મન જેવી આડી-અવળી, સાંકડી-પહોળી, ક્યાંક કુદરતી, ક્યાંક મૅનમેઇડ ગુફાસમૂહમાં બેદૂઈન લોકો રહે છે, દુકાન અને હોટલ પણ ચલાવે છે. સમય જેટલો જૂનો છે તેનાથી અર્ધું જૂનું (હાફ ઍઝ ઑલ્ડ ઍઝ ટાઈમ) પેટ્રા, આપણા મનમાં વસી જાય છે તે તો ત્યાં બનેલી એક અદ્‌ભુત પ્રેમકથાના કારણે ! મૂળ ડચ જાતિની વિદેશી યુવતી માર્ગરાઈટ જૉર્ડનના પ્રવાસે આવે, પેટ્રા ગમે અને યોગાનુયોગ વધુ રોકાવાનું થાય. પોતાની નાનકડી દુકાન ચલાવતા મોહમ્મદ નામના યુવાનના પરિચયમાં આવે અને સ્વભાવથી જ સાહસિક માર્ગરાઈટ સમય જતાં મોહમ્મદ સાથે લગ્ન કરીને કાયમ માટે પેટ્રા રહી જાય ! ત્રણ સંતાનોની માતા બને, પોતાના નર્સિંગના અનુભવે ક્લિનિક શરૂ કરે અને આજે, હા, આજે ! માર્ગરાઈટનો ભારતીબહેન સાથે ઈ-મેઈલ વહેવાર છે !

પેટ્રા, મોહમ્મદ, માર્ગરાઈટ અને ભારતીબહેન – આપણે એક અજબગજબની કહાણી માણી રહીએ છીએ અને ભારતીબહેન ઊડીને પરત બારડોલી આવી જાય છે ! અને હા, આપણને રણનો રેશમ અનુભવ જરૂર કરાવે છે.

*

'રણ, જણ જણનું' એવા શીર્ષકમાં માત્ર વર્ણાનુપ્રાસ નથી, એક ઊંડી સમજ પણ છે. પ્રત્યેક વ્યક્તિને એનો પોતાનો દરિયો અને એનું પોતાનું રણ હોય છે, એની પોતાની મોરચંગ અને એના પોતાના નિજી સૂર હોય છે. ધીરેન્દ્રભાઈના આ સવાસો પેજ, કચ્છનું આંતરબાહ્ય જે લાખેણું રૂપ છે, તેનો સાક્ષાત્કાર કરાવે છે. અહીં મુકાયેલા લેખોનો આરંભ વાતચીતની ઢબના નિબંધથી થાય છે. 'જણ જણનું રણ' પણ અગાધતા, અફાટતા અને અતાગતા ધરાવતું હોય છે. રાજસ્થાનના રણમાંથી પસાર થતા ઉમાશંકર પણ ઉદ્‌ગારી ઊઠે છે કે 'અહો મોકળાશ !' તરસ, ઝંખના અને પીડા પણ રણના પર્યાય છે. ધીરેન્દ્રભાઈ કહે છે કે 'ચંદ્ર, રણની છાતી પર બાઝી ગયેલું પીડાનું ચકામું છે !' હા, પીડાને પણ એક સૌંદર્ય હોય છે !

આ સંગ્રહના આરંભના બે નિબંધો પૂરા કરતાં આપણા મનમાં 'ચિહ્ન' અને 'દિશાંતર'નો વિકલાંગ નાયક ઊપસી આવે છે, જોકે આ ચિત્ર લાંબું ટકતું નથી. ત્રીજો નિબંધ અહેવાલ જેવો છે અને પછી વ્યાખ્યાનો, કચ્છ વિશેનાં પુસ્તકોનો પરિચય, રમણ સોની-હર્ષદ ત્રિવેદી અને ચિનુ મોદીને લખાયેલા પત્રો અને જાતે અનુભવેલો કચ્છનો ભૂકંપ છે. લેખક પોતે આને લેખો કહે છે. અહીં કચ્છી ભાષા અને તેની કાયસ્થ બોલી વિશેની નોંધ સાથે ધીરેન્દ્રભાઈ કચ્છી સાહિત્યની જે વાત માંડે છે તે આપણા સાહિત્યિક ઈતિહાસની ખૂટતી કડી છે. દુલેરાય કારાણી વિશે તો ધીરેન્દ્રભાઈ પુનરુક્તિ વહોરીને

પણ વારેવારે વરસ્યા છે ! અદ્યાપિ અજાણી રહેલી કચ્છની અર્વાચીન સંતકવયિત્રી ગોમતીબાઈ વિશે અહીં ઉપાદેય માહિતી છે. જોકે લેખક જે રચનાઓની વાત કરે છે તે સાવ અધ્ધર રહી જાય છે : આ રચનાઓ ક્યાં છે ? સંગ્રહ હોય તો એનું નામ, પ્રકાશન વર્ષ, પ્રકાશક – વગેરેની કોઈ સ્પષ્ટતા અહીં નથી. આમ જુઓ તો આ લેખ ભૂમિકા વિનાનો છે અને 'ભજન' તથા 'સંતવાણી'ને અલગ અલગ ગણાવે છે, તેમજ 'ગોમતીબાઈની ભાવદશાને પશ્ચિમના સ્ત્રીસંતો સાથે સરખાવી છે.' (પૃ. ૮૫). એટલે શું ? યસ, અહીં બેધ્યાન ધીરેન્દ્રભાઈ પણ છે જ ! આગળ જુઓ, હરેશ ધોળકિયા સંપાદિત 'કચ્છનાં નારીસર્જકો'ની એક પણ જમાબાજુ ધીરેન્દ્રભાઈ નોંધતા નથી અને દર્શના ધોળકિયાએ તોરલને 'ગુજરાતનાં આદિ કવયિત્રી' કહ્યાં તેની સામે મીરાંનો હવાલો નાખે છે ! મીરાં જન્મ ઈ.સ. ૧૪૯૮ અને ચાલીશ વર્ષ પછી સૌરાષ્ટ્ર-આગમન છે. સંભવતઃ આ સમયે 'પાપ તારું પરકાશ' ગાતાં ગાતાં તોરલનો કચ્છપ્રવેશ થઈ રહ્યો છે. તોરલ નરસિંહની ઉત્તરાવસ્થામાં છે અને કવયિત્રી તરીકે આદિ છે.

ખેર, કોઈ અભ્યાસી ધીરેન્દ્રભાઈના આ સંગ્રહને બે દાયકા પૂર્વે પ્રગટ થયેલા 'ધટડો મિંજ તો ગરે'નું કોઢકામ કહે તો નવાઈ નહિ ! હા, અહીં 'રણ' ઉમેરાયું છે અને તે કચ્છ તરફના મમત્વથી ભર્યું ભર્યું, હૂંફાળું તથા અધ્યયનશીલ છે.

## સેલ્મા લૉગેલફ | દર્શિની દાદાવાલા



**પરિચય :**

સેલ્મા લૉગેલફ[1] ૨૦ નવેમ્બર ઈ.સ. ૧૮૫૮ના દિવસે મૉરબક્કા એસ્ટેટ, વારમ્લાન્ડ કાઉન્ટી, સ્વીડનમાં જન્મ્યાં હતાં. સેલ્મા પાંચ ભાઈ-બહેનોમાં લૉગેલફ દંપતીના ચોથા ક્રમનાં સંતાન હતાં. કહેવાય છે કે એમને પગે કોઈક પ્રકારની તકલીફ જીવનભર રહી. સેલ્માના પિતા આર્મીમાં લૅફ્ટનન્ટ હતા. સેલ્માને બાળપણથી જ વાચનનો ખૂબ શોખ હતો જેને વિકસાવવા માટે પરિવારનું વાતાવરણ પોષક હતું. સેલ્મા પ્રથમ નવલકથા લખી રહ્યાં હતાં ત્યારે મિત્રને પત્રમાં લખ્યું હતું : 'If tell you now that I have known ever since my childhood that I would become quite an eminent author. I am destined to this, and I do not know that I am haughty about it.' એમનું આ વિધાન દર્શાવે છે કે એમનામાં સર્જનાત્મક જીવનને માટેની મહત્ત્વાકાંક્ષા પહેલેથી જ પ્રબળ હતી.

સેલ્માએ શિક્ષકના વ્યવસાય માટેની તાલીમ મેળવી હતી. તેઓ લાન્સક્રુનામાં આવેલી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી રહ્યાં હતાં, ત્યારે સમાંતરે લેખનકાર્યમાં

પ્રવૃત્ત થયાં હતાં. ઈ.સ. ૧૮૯૫માં સેલ્માએ ફૉલોન શહેરમાં સ્થળાંતર કર્યું. એમને રાજવી પરિવાર અને સ્વીડિશ એકૅડેમી તરફથી આર્થિક સહાયતા પ્રાપ્ત થઈ. એટલે એમણે નોકરી છોડી દીધી અને લેખનકાર્યને સમય આપ્યો. સેલ્માએ મિત્ર સૂફી ઍલ્કાન સાથે યુરોપ અને આસપાસનાં વિવિધ સ્થળોએ લાંબા પ્રવાસો કર્યા. એક સમયે સેલ્માના પિતા નાદાર જાહેર થયા. પરિણામે એમની માલિકીની મૉરબક્કા એસ્ટેટ વેચી દેવી પડી. સેલ્માને નૉબેલ પારિતોષિક મળ્યું.[૨] એ પારિતોષિકનાં નાણાંમાંથી સેલ્માએ પારિવારિક એસ્ટેટ પાછી ખરીદી અને શેષ-જીવન એ જ એસ્ટેટમાં વિતાવ્યું. એમનું ૧૬ માર્ચ, ઈ. સ. ૧૯૪૦ના દિવસે, ૮૨ વર્ષની વયે મૉરબક્કા એસ્ટેટમાં અવસાન થયું.

સેલ્મા બાળપણથી કાવ્યો અને કઠપૂતળીઓનાં નાટકો લખતાં હતાં. એમણે ઈ.સ. ૧૮૯૦ સુધી કોઈ પ્રકાશન કર્યું ન હતું. સેલ્માને સ્વીડનનાં The Idun સાપ્તાહિકે સાહિત્યિક સ્પર્ધામાં પ્રથમ ઇનામ આપ્યું. આ સાપ્તાહિકે સેલ્માની પ્રથમ અને સૌથી સુપ્રસિદ્ધ નવલકથા Gösta Berling's Saga (1891)માંથી કેટલાક અંશો પ્રકાશિત કર્યા. આ નવલકથા રસસભર કલ્પનાથી ભરપૂર છે. સેલ્માના સમયે પ્રવર્તમાન વાસ્તવવાદ અને નિસર્ગવાદથી પ્રભાવિત થયા વિના એમણે આ નવલકથાનું લેખન કર્યું છે. આ નવલકથાના પ્રકાશન સમયે અને તે પછીના તરતના ગાળામાં ખાસ કોઈનું ધ્યાન આ કૃતિ પ્રત્યે ખેંચાયું ન હતું પણ જ્યારે નવલકથાનો ડેનિશમાં અનુવાદ થયો, ત્યારે નવલકથાને ઘણો સારો પ્રતિભાવ મળ્યો. સ્વીડન તથા અન્ય દેશોમાં એની સફળતા માટેનો માર્ગ આ પ્રતિભાવ થકી રચાયો. વાર્તાસંગ્રહ Invisible Link (1894) પ્રગટ થયો. ઇટલીનો પ્રવાસ કર્યા પછી એમણે સિસિલીને પશ્ચાદ્‌ભૂમાં રાખીને સમાજવાદી નવલકથા The Miracles of Antichrist (1897) લખી. Tales of a Manor એમની મહત્ત્વની કૃતિઓમાંની એક ગણાય છે. ઇજિપ્ત અને પૅલેસ્ટાઇનમાં ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦ દરમિયાન એમણે પસાર કરેલા સમયથી પ્રેરાઈને Jerusalem, 2 Vol. (1901-02) નવલકથા લખી. આ કૃતિએ એમને સ્વીડનના ઉત્તમ નવલકથાકાર તરીકે સ્થાપિત કર્યા. The Treasure (1904) અસરકારક રીતે કહેવાયેલી ઐતિહાસિક કથા છે. The Wonderful Adventures of Nils and Further Adventures of Nils, 2 Vol. (1906-07) ભૌગોલિક સામગ્રી ધરાવતી બાળકો માટેની કૃતિ છે.

સેલ્મા પ્રથમ વિશ્વયુદ્ધથી ઘણાં વિચલિત થયાં અને એ વર્ષો દરમિયાન એમનાથી ખાસ લેખનકાર્ય ન થઈ શક્યું. એમણે Memories of My Childhood (1930) અને The Diary of Selma Lagerlof (1932) એ બંને પુસ્તકોમાં શૈશવને કલાત્મક રીતે વર્ણવ્યું છે. વારમ્લાન્ડ ટ્રાયૉલૉજિમાંની એક The Ring of the Lowenskold (1925) અઢારમી સદીને પશ્ચાદ્‌ભૂમાં રાખીને લખાયેલી કૃતિ છે. બીજી કૃતિ Charlotte Lowenskold (1925) અને ત્રીજી કૃતિ Anna Svard (1928) છે.

સેલ્માની સાહિત્યવૃષ્ટિ વારમ્લાન્ડ કાઉન્ટી, સ્વીડનની લોકકથાઓ, દંતકથાઓ અને સ્થાનિક વાર્તાઓ સાથેનાં સઘન જોડાણમાંથી વિકસ્યું છે. એમની કૃતિઓમાં ૧૯મી

સદીનાં ધાર્મિક પુનરુત્થાનના સમયમાં પ્રજાના સંજોગો, વિચારો અને સામાજિક જીવન અંગેનાં વાસ્તવદર્શી નિરૂપણો જોવા મળે છે. પ્રભાવિત કરી દેનારી વર્ણનશક્તિ અને ભાષાની સ્પષ્ટતા તથા શુદ્ધિ એમની વાર્તાઓનાં પ્રમુખ લક્ષણો છે.

સરવાળે, સેલ્મા પ્રતિભાશાળી અર્વાચીન વાર્તાકાર તરીકે પ્રસિદ્ધ થયાં છે એમ કહી શકાય.

**સાહિત્યસૃષ્ટિ :**

Gösta Berling's Saga : સેલ્માની આ કૃતિ સ્વીડનના જીવનનું ગદ્ય-મહાકાવ્ય ગણાતી સૌથી પ્રખ્યાત નવલકથા છે. નવલકથાનો સ્થળવિશેષ વારમ્લાન્ડ કાઉન્ટીના તળાવનો કિનારો છે. વરુ, બરફ, કેટલાંક અલૌકિક તત્ત્વો, ઉચ્ચ વર્ગનાં પાત્રો ઈ.સ. ૧૮૨૦ દાયકાના વારમ્લાન્ડને રજૂ કરે છે.

ગોસ્ટા બર્લિંગ પાદરી અને કવિ છે. તે મરી રહ્યો હોય છે ત્યારે ઍકેબીની શેઠાણી તેને બચાવે છે અને આશ્રય આપે છે. શેઠાણીના આશ્રિતો તેની સંપત્તિને મરજી મુજબ ભોગવે છે અને શેઠાણી ભીખ માગતી ફરે છે. આ આશ્રિતોના પ્રમુખ તરીકે ગોસ્ટા આગળ વધે છે. કાઉન્ટેસ ઈલિઝાબેથ ગોસ્ટાને પ્રેમ કરે છે અને તેની સાથે લગ્ન કરે છે. આ લગ્ન પછી તેમના જીવનમાં પરિવર્તન આવે છે. શેઠાણી પોતાના જૂના ઘરે પરત ફરે છે અને ત્યાં જ મૃત્યુ પામે છે.

આ કૃતિના અંગ્રેજીમાં અનુવાદો થયા. કૃતિ-આધારિત ફિલ્મ, ટી.વી.ની શ્રેણી અને ઑપેરાનું નિર્માણ થયું. કૃતિનું નામ ધરાવતું સંગીતનું એક રૉક ગ્રૂપ પણ બનાવવામાં આવ્યું.

Invisible Link : સેલ્માનો આ વાર્તાસંગ્રહ છે. એમણે આ સંગ્રહમાં મનુષ્યોનાં જીવન અને કાર્યોને પ્રભાવિત કરતાં અદૃશ્ય તત્ત્વોને વર્ણવ્યાં છે. મનુષ્યોનાં અલૌકિક તત્ત્વો સાથેના સંબંધો અહીં રજૂ થયા છે. જંગલો, માણસો, વહેમો, વહેમોમાંથી ઊભાં થતાં અપાર્થિવ તત્ત્વોને કારણે આ વાર્તાઓમાં વાચકને અદ્‌ભુત રસનો અનુભવ થાય છે. વાર્તાઓનો પરિવેશ વારમ્લાન્ડ છે. સ્વીડનનો ઈતિહાસ અને દંતકથાઓ આ વાર્તાઓમાં સંકલન પામ્યાં છે.

The Miracles of Antichrist : સિસિલિની દંતકથાઓ પર આધારિત આ નવલકથા છે. તેમણે સિસિલીની પ્રજાનાં બાહ્ય અને ભીતરને સમભાવપૂર્વક વર્ણવ્યાં છે. આ કૃતિમાં તેમણે સિસિલીની પ્રાચીન દંતકથાનું અનુસરણ કર્યું છે. દંતકથામાં મુખ્યત્વે ક્રાઈસ્ટ અને ઍન્ટિક્રાઈસ્ટનો નિર્દેશ છે. એમણે પોતે જ કહ્યું છે કે – ‘When Antichrist comes he shall seem as Christ. There shall be great want, and Antichrist shall go from land to land and give bread to the poor. And he shall find many followers.’[3] સેલ્માએ આ દંતકથાની સમાંતરે તત્કાલીન સમયમાં સિસિલીમાં આવી રહેલાં વાસ્તવવાદી પરિવર્તનોને કૃતિમાં કુનેહપૂર્વક વણી લીધાં છે અને એ રીતે એક

આગવો સંદર્ભ ઊભો કર્યો છે.

Tales of a Manor : એક તરફ સંકુલ મનોવૈજ્ઞાનિક કૃતિ અને બીજી તરફ લોકવાર્તા જેવી આ નવલકથા પ્રણયકથા અને ગૉથિક મૅલોડ્રામાનું સંમિશ્રણ છે. ગુનાર અને ઇંગ્રિડ કૃતિનાં પાત્રો છે. એક પાત્ર બરફવર્ષામાં પોતાનાં ઘેટાં ગુમાવીને લગભગ પાગલ થઈ જાય છે જ્યારે બીજું પાત્ર પારિવારિક હૂંફની ગેરહાજરીમાં મરણને શરણ જીવી રહ્યું હોય છે. બંને એકબીજાંની મદદે આવે છે અને માનસિક સંતાપની સ્થિતિમાંથી બહાર આવીને, રોજબરોજની પ્રેમ અને સારપની દુનિયામાં પાછાં ફરે છે. આ કૃતિ વાસ્તવિકતા અને કલ્પના, ગાંડપણ અને શાણપણ, અંધકાર અને ઉજાસ, પ્રાપ્તિ અને વ્યય, જીવન અને મરણ જેવા અંતિમોની વચ્ચ વિકસે છે. આ નવલકથા પરથી The Blizzard (ઈ.સ. ૧૯૨૩) નામની ફિલ્મ પણ બની છે.

Jerusalem : સેલ્માને નૉબેલ પારિતોષિક અપાવનાર કૃતિઓમાંની એક આ કૃતિ છે. સેલ્મા અને તેમની સૂફી નામની મિત્ર જેરૂસલેમની મુલાકાત લે છે. ત્યાં તેઓ લાંબો સમય રહે છે. સેલ્મા સ્વીડન પાછાં ફરે છે. તે પછી એ સમય દરમિયાન થયેલા અનુભવોનાં સંસ્મરણોને આધારે એમણે આ નવલકથા લખી જેના બે ભાગ છે. એ દરમિયાન સેલ્મા ઓગણીસમી સદીના અંતમાં જેરૂસલેમની અમેરિકન કૉલોનીમાં જોડાનાર સ્વીડિશ સમુદાય વિશે જાણવા ઉત્સુક બને છે. તેઓ ખેતી, ડેરી, વણાટકામ, બૅકરી અને ફોટોગ્રાફી જેવાં ક્ષેત્રોમાં આ સમુદાયે કરેલી નવી શરૂઆત વિશે જાણે છે. તેમને એમ પણ જાણવા મળે છે કે સાંસ્કૃતિક મતમતાંતરોની વચ્ચે ફસાયેલો આ સમુદાય ત્યાંની સ્થાનિક પ્રજા સાથે સુમેળભર્યા સંબંધો બાંધી શક્યો છે. આ સમુદાય નવલકથાના કેન્દ્રસ્થાને છે. કૃતિમાં ૧૯મી સદી દરમિયાનની પેઢીઓની વાત છે. મધ્ય સ્વીડનના દોલાના વિસ્તારના સ્વીડિશ સમુદાયો જેરૂસલેમમાં સ્થળાંતર કરે છે એવા અનેક પરિવારોની કથા નવલકથામાં વણાયેલી છે. નવલકથાની શરૂઆત્માં સ્વીડનમાં શાંતિથી જીવતા ખેડૂતોની કથા છે. આ ખેડૂતો જેરૂસલેમ સ્થળાંતર કરે છે વગેરે બાબતોથી કથાનો વિસ્તાર થયો છે. સેલ્માએ બે જેરૂસલેમનું નિરૂપણ કરવાનો પડકાર ઝીલ્યો છે—એક છે સ્વપ્નમાં કલ્પી લીધેલું સમૃદ્ધ જેરૂસલેમ અને બીજું છે વાસ્તવમાં અનેક દારુણ પ્રશ્નો વચ્ચે ફસાયેલું જેરૂસલેમ. આ કૃતિ પરથી પણ ફિલ્મો બની છે એનું નાટ્યરૂપાંતરણ પણ થયું છે.

The Treasure : કૃતિનો પરિવેશ ૧૬મી સદીનો સ્વીડિશ પ્રાંત બુહુઝ્લાન છે. જેલમાંથી ભાગી છૂટેલા સ્કૉટિશ કેદીઓ એક પરિવારની હત્યા કરી લૂંટ કરે છે એની આ નવલકથા છે. પરિવારની અનાથ અને દત્તક લીધેલી એક દીકરી બચી જાય છે. ખૂનીઓને શોધી કાઢવાની જવાબદારી એના પર આવી પડે છે, પણ હત્યારાઓમાંના એક સાથે તે પ્રેમમાં પડી જાય છે. આ કૃતિ નવલકથા હોવા છતાં નાટક જેવી લાગે છે… સાથોસાથ ભૂતકથા જેવી પણ લાગે છે. આ કૃતિ પરથી પણ Sir Arne's Treasure, Arnes Penningar, Pkland Pana Arna નામની ત્રણ ફિલ્મો બની છે.

The Wonderful Adventures of Nils and Further Adventures of Nils : આ કલ્પનાસભર કૃતિ બે ભાગમાં પ્રકાશિત થઈ હતી. આ કૃતિ રચવા પાછળનો મૂળ આશય નવથી અગિયાર વર્ષનાં બાળકોને ભૌગોલિક અને સાંસ્કૃતિક જાણકારી આપવાનો છે. આ કૃતિને સ્વીડનની શાળાઓમાં પૂર્તિરૂપ વાચનસામગ્રી તરીકે સ્વીકારવામાં આવી હતી. આ પુસ્તકને વયસ્કોએ પણ ઘણું મૂલ્ય આપેલું છે.સેલ્માએ પ્રકૃતિ, પશુઓ અને પંખીઓ વિશે ત્રણ વર્ષ સુધી અભ્યાસ કર્યો. એમણે ભિન્ન પ્રાંતોની દંતકથાઓ અને લોકકથાઓનો પણ અભ્યાસ કર્યો. એમણે આ અધ્યયનને આધારે કૃતિનું લેખન કર્યું. કૃતિનું મુખ્ય પાત્ર નિલ છે. નિલને જમવું, સૂવું અને ધમાલ કરવી ગમે છે. તેને પ્રાણીઓને ઈજા પહોંચાડવી પણ ગમે છે. નિલ ટૉમ્ટે[૪] પોતાની જાળમાં ફસાવે છે. ટૉમ્ટે સોનાનો મોટો સિક્કો આપવાની લાલચ આપી પોતાને છોડવા માટે નિલને કહે છે પણ નિલ તેની વાતને સ્વીકારતો નથી. ટૉમ્ટે નિલને પોતાના જેવો કરી દે છે. ટૉમ્ટે બન્યા પછી નિલ નાનો બની જાય છે અને પ્રાણીઓ સાથે વાતો કરી શકે છે. તેનો નાનો બનેલો જોઈને પ્રાણીઓ તેની સાથે વેર વાળવા તત્પર થઈ જાય છે. એવામાં એક હંસની ડોકને વળગીને નિલ એ પ્રાણીઓ વચ્ચેથી ઊડી જાય છે એ પક્ષીઓની દુનિયામાં પ્રવેશે છે. ત્યારબાદ તેઓ એક રસપ્રદ પ્રવાસે નીકળે છે, જેમાં તેઓ સ્વીડનની કુદરતી સંપત્તિ, આર્થિક સ્રોતો, અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેતા હોય છે. પ્રવાસ દરમિયાન નિલ જાણે છે કે જો એ સારો બની જવાની ખાતરી આપશે તો ટૉમ્ટે એને પાછો પહેલા જેવો બનાવી દેવા તૈયાર છે. કૃતિ રસપ્રદ બની છે કેમ કે એમાં સ્વીડન વિશેની ભૌગોલિક જાણકારી તો છે જ, ઉપરાંત પ્રકૃતિ અને પશુ-પંખીઓનું વિશ્વ પણ વિસ્તર્યું છે.

સેલ્માનાં Memories of My Childhood અને The Diary of Selma Legerlof આત્મકથનાત્મક લેખનો છે. શારીરિક રીતે પડકાર પામેલી, સમૃદ્ધ પરિવારમાં ઊછરેલી, જીવનને અસામાન્ય રીતે અનુવતી સેલ્મા અહીં સર્જક તરીકે ખૂબ વિકસી છે. તેનું અનૌપચારિક અને અંગત કથન વાચનને જુદી જ ભૂમિકાએ લઈ જાય છે. Memories of My Childhood સ્મરણકથાનો દસ વર્ષની સેલ્મા સ્ટૉકહૉમથી મૉરબક્કા પાછી ફરે છે ત્યાંથી થાય છે. આ કૃતિમાં સ્વીડનના ઘરમાં, લગભગ પચાસ વર્ષ પહેલાં, ધીમે ધીમે વિકસેલા જીવનનું સમગ્રલક્ષી ચિત્ર મળે છે.

The Ring of the Lowenskolds, Charlotte Lowenskold, Anna Svard : સેલ્માની આ નવલકથાત્રયી છે. કર્લોટ, કાર્લ અર્ટુર, થીઆના પરિવારોની કથા અહીં વર્ણવાઈ છે. સ્ત્રી-પુરુષના સંબંધો અને સંઘર્ષો કથામાં જણાય છે. કથામાં ઈર્ષ્યા અને વેર જેવા ભાવો વણાયા છે. આ નવલકથાત્રયીના પણ અંગ્રેજી અનુવાદો થયા છે અને તે પરથી ફિલ્મ પણ બની છે.

સેલ્મા લૉગેલફ પાસેથી લગભગ ૩૭ કૃતિઓ મળે છે. આ લેખને અંતે મેં એમનાં પુસ્તકોની એક યાદી મૂકી છે. આ લેખમાં ઉલ્લેખિત કૃતિઓ એમની સુખ્યાત કૃતિઓ છે. એકંદરે કહી શકાય કે એમની મોટાભાગની કૃતિઓના અંગ્રેજી ઉપરાંત અન્ય

ભાષાઓમાં પણ અનુવાદ થયા છે. અનુવાદોને કારણે સેલ્મા સ્વીડનના સૌથી વધુ અનૂદિત સાહિત્યકાર તરીકે ખ્યાત છે. આ અનુવાદોને કારણે સેલ્મા સાહિત્યકાર તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ થયાં છે, એમની સાહિત્યસૃષ્ટિ વિશે લગભગ ૧૧ જેટલાં સંશોધનાત્મક અધ્યયનો પણ થયાં છે.

મૉરબક્કા એસ્ટેટના સેલ્માના ઘરે જો આપણે જોઈએ તો ગાઇડ આપણને ઘરનો એ ખૂણો બતાવશે જ્યાં શિશુ સેલ્મા દાદીમા પાસે બેસીને ગીતો અને વાર્તાઓ સાંભળતી હતી. ગાઇડ આપણને એ પણ કહેશે કે સેલ્માએ એના દાદીમા વિશે શું કહ્યું છે : '...songs and stories drove away from the farm, sealed inside a long, black coffin, never to return...'[૫] અદ્વિતીય સર્જકપ્રતિભા ધરાવતાં સેલ્મા સ્વીડનની કંઠ્ય પરંપરાની કથાઓથી ખૂબ પ્રભાવિત થયાં. તેનું કારણ એ કે બાળપણથી એમણે દાદીમા પાસેથી એ કથાઓ સાંભળી હતી. પરિણામે એમની પાસેથી અભૂતપૂર્વ કલ્પનાસભર અને સર્વ માટે ભરપૂર પ્રેમ છલકાવતી વાર્તાઓ અને કૃતિઓ મળે છે. સેલ્મા પરંપરાગત રીતે તેમ છતાં વિવિધ સ્તરે કથાનક વિકસાવીને વાર્તા કે દંતકથા કહેવાનું પસંદ કરે છે. સેલ્માના સ્વીડિશ જીવનકથાકાર એલિન વેગ્નર એમની કૃતિઓ વિશે એક રસપ્રદ નિરીક્ષણ આપે છે : She knows that people once thought in images, not in concepts, and she is instinctively keeping close to this universal language.' સેલ્મા કલ્પનોની અદ્ભુત શ્રેણીઓ રચી શકવાને કારણે વિશ્વભરમાં ચાહના પામ્યાં છે.

એમની કૃતિઓમાં એવો સૂર સંભળાય છે કે સંસ્કૃતિ-સંરક્ષણ અને સંવર્ધન મહિલાઓ દ્વારા થઈ શકે. પુરુષપ્રધાન સમાજની વાસ્તવિકતા અને તેમાંથી મહિલાઓના પ્રશ્નોને પણ સેલ્મા નિરૂપે છે. એમની સાહિત્યસૃષ્ટિમાં એક તરફ પરીકથાઓ જોવા મળે છે તો બીજી તરફ આધુનિક સંદર્ભો ધરાવતી મનોવૈજ્ઞાનિક કહી શકાય એવી નવલકથાઓ પણ મળે છે. ભિન્ન ભિન્ન લેખનશૈલીને અનુસરનાર સેલ્મા પોતાની કૃતિઓ વિશે કહે છે : 'I have always consciously searched for the appropriate style for my books, and I assure you [...] that we authors regard a book as close to completion when we have eventually found the style in which it can be written...'

સેલ્માની નવલકથાઓ અને વાર્તાઓ સતત લોકપ્રિય થતી રહી પણ એમનાં સાહિત્યિક કાર્યની સર્જકતા અને સંકુલતા વિશે ઈ.સ. ૧૯૦૫૦ની આસપાસ લખાવાનું શરૂ થયું અને તે પછી એમનાં સાહિત્યિક કાર્યોનું યોગ્ય મૂલ્યાંકન થયું. સેલ્માના વ્યક્તિત્વની અંગત ઝાંખી કરાવતું એમનું આ અવતરણ ઘણું હૃદયસ્પર્શી છે : 'Have you ever seen a child sitting on its mother's knees listening to fairy stories ? As long as the child is told of cruel giants and of the terrible suffering of beautiful princesses, it holds its head up and its eyes open; but if the mother begins to speak of happiness and sunshine, the little one closes its eyes and

falls asleep with its head agianst her breast... I am a child like that, too. Others may like stories of flowers and sunshine; but I choose the dark nights and destinies.'[૬]

**નૉબેલ-સ્વીકૃતિ વક્તવ્ય :**

ડિસેમ્બર ૧૦, ૧૯૦૯ના રોજ ગ્રાંડ હૉટેલ, સ્ટૉકહોમ ખાતે યોજાયેલા નૉબેલ પરિતોષિક સમારંભમાં સેલ્માએ આપેલાં વક્તવ્યના કેટલાક અંશો સંકલિત કરીને મૂક્યા છે :

સ્ટૉકહોમ જવાની ટ્રેનમાં હું મુસાફરી કરી રહી હતી. વહેલી સાંજનો સમય હતો; મારા કંપાર્ટમેન્ટમાં ઓછો પ્રકાશ હતો અને બ્હાર કોઈ નહોતું. પોતપોતાના ખૂણાઓમાં મારા સાથી મુસાફરો ઝોકાં ખાઈ રહ્યાં હતાં, અને હું ખૂબ શાંત હતી, ટ્રેનના દોડવાનો અવાજ હું સાંભળી રહી હતી.

અને પછી હું એ તમામ પ્રસંગોને યાદ કરવા લાગી જ્યારે જ્યારે હુ સ્ટૉકહોમ ગઈ હતી. સામાન્ય રીતે કશુંક મુશ્કેલીભર્યું કામ કરવા જ આવવાનું બન્યું હતું – પરીક્ષાઓ પાસ કરવાની હોય અથવા તો મારાં પુસ્તક માટે પ્રકાશકને શોધવાનો હોય. અને હવે હું સાહિત્યનું નૉબેલ પારિતોષિક મેળવવા આવી રહી છું. એ પણ, જોકે મને ઘણું મુશ્કેલ જણાય છે. હું મારા વારમ્લાન્ડના જૂના ઘરમાં આખી પાનખર દરમિયાન એકાંતમાં રહી છું, અને અહીં હવે મારે અનેક લોકોની હાજરીમાં આગળ આવવાનું છે. મારા એકાંતને પાછળ મૂકીને જીવનની હલચલમાં સામેલ થવાના અને દુનિયાની સામે આવવાના વિચારથી જ ભયભીત થઈ ગઈ છું.

આ પારિતોષિક મળ્યાનો આનંદ ક્યાંક ભીતરમાં ઊંડે અનુભવાઈ રહ્યો છે, અને એ ભયથી મુક્ત થવા માટે હુ મારા સદ્ભાગ્ય માટે ખુશ થનારા આ સૌનો વિચાર કરું છું. એમાં મારા ઘણા સારા મિત્રો છે, બહેનો અને ભાઈઓ છે. ઉપરાંત પ્રથમ અને સૌથી મહત્ત્વની વ્યક્તિ, મારી વૃદ્ધ મા છે. મા ઘરે બેઠી છે અને એને આ સારો દિવસ જોવા મળ્યો છે એ માટે ખુશ જણાય છે.

પણ હું જ્યારે મારા પિતાનો વિચાર કરું છું ત્યારે ખૂબ દુઃખ થાય છે કારણ કે એ હયાત નથી, અને હું એમને જઈને કહી શકતી નથી કે મને નૉબેલ પારિતોષિક મળ્યું છે. હું જાણું છું કે એમના જેટલું કોઈ જ ખુશ ન થયું હોત. લિખિત શબ્દો માટે અને એના સર્જક માટે એમને જે પ્રેમ અને માન હતાં, તે કક્ષાના ભાવ ધરાવતા બીજા કોઈ મનુષ્યને હું મળી નથી. હું ઇચ્છું છું કે મારા પિતા જાણી શકે કે સ્વીડિશ એકૅડેમીએ આ મહાન પારિતોષિક મને આપ્યું છે. હા, એ ખૂબ દુઃખની વાત છે કે હું એમને કહી શકતી નથી...

(આ રીતે વાત શરૂ કર્યા પછી સેલ્મા એવું સ્વપ્ન જુએ છે કે એ પિતાને સ્વર્ગમાં મળવા જાય છે અને એમની વચ્ચે આ બાબતે સંવાદ શરૂ થાય છે...)

સેલ્મા : હું તમારી સલાહ લેવા આવી છું. મારી પર ઘણું ઋણ ચઢી ગયું છે. શું તમે

મારી મદદ કરશો ?

પિતા : મારી પાસે ઋણ ચૂકવવા માટે નાણાં નથી.

સેલ્મા : નાણાંનું ઋણ નથી. એથી પણ ખરાબ છે...

પિતા : સેલ્મા, આખી વાત શરૂઆતથી અને વિગતે કર...

સેલ્મા શરૂ કરે છે કે, ‘અમે બાળપણમાં તમને બાળકો માટે પિયાનો વગાડતાં અને ગીતો ગાતાં જોયા છે, દરેક શિયાળામાં ઓછામાં ઓછા બે વાર અમને તમે Tegner, Runeberg અને Andersen જેવા લેખકોને વાંચવા દીધાં છે. એ પહેલો પ્રસંગ હતો જ્યારે હું એમની ઋણી રહી અને મને થયું કે હું આ સૌનું ઋણ કઈ રીતે ચૂકવી શકીશ. એમણે મને પરીકથાઓ અને વીર પુરુષોની કથાઓને, જે ભૂમિ પર આપણે મનુષ્ય તરીકે જીવન જીવીએ છીએ એનાં તમામ દુઃખોને અને ભવ્યતાને પ્રેમ કરતા શીખવ્યું હતું... [...]

મારા જીવનમાં અનેક બધા મનુષ્યો આવ્યા છે, જેઓએ મને શીખવ્યું છે કે પથ્થરો અને ગાઢ જંગલોમાં કેટલી તો કવિતા છે... એવાં કેટલાં બધાં સાધુઓ અને સાધ્વીઓ છે જેઓએ મને જીવનદર્શન આપ્યું છે, પોતે સાંભળેલી વાતો મને કહી બતાવી છે... એઓ પાસેથી કેટલીય દંતકથાઓ મેં ઉધાર લીધી છે.. અને જેરૂસલેમ ગયેલા આપણા ખેડૂતો વિશે કંઈક કહેવાનો મને મોકો મળ્યો... હું માત્ર મનુઅષયોની ઋણી છું એમ નથી, હું પ્રકૃતિની પણ એટલી જ ઋણી છું... પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષો અને ફૂલો... એ સૌએ પોતાનાં રહસ્યો મને કહ્યાં છે... [...]

આપણી ભાષાને સાહિત્યસર્જનના માધ્યમ તરીકે વિકસાવનાર સૌની પણ હું ઋણી છું... એ માધ્યમનો ઉપયોગ કરતા મને એમણે જ શીખવ્યું છે. હું એ વ્યક્તિઓની પણ ઋણી છું જે પથદર્શકો છે અને મારી પૂર્વે જેમણે ગદ્ય અને પદ્ય રચનાઓ કરી છે, લેખનનું કલામાં પરિવર્તન કર્યું છે... મારાં બાળપણ દરમિયાન રશિયા અને નૉર્વેના સર્જકોએ જે કંઈ લખ્યું તેમની પણ શું હું ઋણી નથી..? આપણા દેશનાં સાહિત્યને શિખરે પહોંચાડનારા દેશના મહાન સાહિત્યકારો અને મારી મિત્ર સૉફીની પણ શુ હું ઋણી નથી...? આ સૌએ મારી કલ્પનાને પોષણ આપ્યું છે, સાહિત્યસર્જનના માર્ગ પર આગળ વધીને હું મારાં સ્વપ્નો સિદ્ધ કરું એ માટેનું પથદર્શન પણ કર્યું છે, તો શું હું એ સૌની ઋણી નથી...? [...]

પિતાજી, તમને એ વાતની પણ ખબર છે કે હું મારા વાચકોની પણ ઋણી છું... રાજાથી માંડીને નાનાં બાળકો સુધીનાં સૌએ મને વાંચી છે અને પ્રતિભાવો આપ્યા છે... જો કોઈએ મારાં પુસ્તકો ન વાંચ્યાં હોત તો શું થયું હોત...? જેમણે મારા વિશે લખ્યું છે એ સૌને પણ હું શી રીતે ભૂલી શકું...? તમે વિચારો કે વિદેશની ભૂમિ પર મારાં સાહિત્ય વિશે કામ કરનારા સૌએ મારી વિવેકપૂર્ણ પ્રશંસા કરી છે એ માટે પણ હું એમની ઋણી છું... [...]

મારા પર કોઈએ વિશ્વાસ નહોતો કર્યો ત્યારે મારા મિત્રે મને સાથ આપેલો... તમે વિચારો કે જેઓએ મારી કૃતિઓને જાળવી અને તેમનું રક્ષણ કર્યું... તમે મારા એ મિત્રનો વિચાર કરો જે મને પ્રવાસે લઈ ગયા અને કલાસૌંદર્યનો અનુભવ કરાવ્યો; એટલું જ નહીં, મારા જીવનને હળવું અને સુખકર પણ બનાવ્યું... મને મળેલી એ તમામ સિદ્ધિ-પ્રસિદ્ધિ અને પ્રેમ... પિતાજી, તમને સમજાય છે કે હું તમારી પાસે કેમ આવી પહોંચી છું...? મારે તમારી પાસેથી જાણવું છે કે આ ઋણ હું કઈ રીતે ચૂકવું... [...]

હું સૌથી વધુ જેમની ઋણી છું એ તો મેં તમને જણાવ્યું જ નહીં, પિતાજી. ખરેખર તો એ માટે પણ હું તમારી સલાહ માંગું છું. જેમ કે, આ સ્વીડિશ એકૅડેમી... જેઓએ આ પારિતોષિક માટે મારું નામ આગળ કર્યું. જેઓએ મારી પસંદગી કરી... એ સૌનું ઋણ હું કઈ રીતે ચૂકવીશ...? એ સૌએ મને માત્ર સમ્માન અને નાણાં જ નથી આપ્યાં પણ મારા કામમાં વિશ્વાસ મૂકીને, સૌની વચ્ચેથી મારું ચયન કરીને, મને આખી દુનિયામાં સૌની સામે પ્રસ્તુત કરી છે... હું એ ઋણ પણ કઈ રીતે ચૂકવીશ ? [...]

**પાદટીપ :**

૧. સાહિત્યનું ૧૯૦૯નું નૉબેલ પારિતોષિક મેળવનાર પ્રથમ મહિલા અને સ્વીડનના પ્રથમ લેખક

૨. The Nobel Prize in Literature 1909 was awarded to Selma Ottilia Lovisa Lagerlöf "in appreciation of the lofty idealism, vivid imagination and spiritual perception that characterize her writings."

૩. Pauline Bancroft Flach (Translator), The Miracles of Antichrist, 1910

૪. ૩ ફૂટ ઊંચાઈ ધરાવતું, સફેદ દાઢીવાળું, શંકુ આકારની ટોપી પહેરતું નોર્ડિક લોકકથાનું પૌરાણિક પાત્ર

૫. Selma Lagerlof's Marbacka (1922)

૬. Selma Lagerlöf, Gösta Berling's Saga

❑

## સમીક્ષા/ગ્રંથાવલોકન

# નવલકથા ‘અનાહતા’ : દ્વંદ્વનો ઊજળો ચહેરો | ડૉ. સેજલ શાહ

**ન**વલકથાના સ્વરૂપ વિશે વાત કરતાં એલિઝાબેથ ડ્રૂ-એ કહ્યું છે કે, 'Life, of course, is the basic raw material of all art, but no artist is so close to his raw material as the novelist.'

જીવાતા જીવનની સૌથી વધુ નજીક નવલકથાકાર હોય છે. રચના વખતે જીવનસામગ્રીનો જેમ ભરપૂર પ્રયોગ કરે છે, તેમ જ તે, પરિચિત પૌરાણિક સામગ્રીનો પણ ઉપયોગ કરે છે. આ સામગ્રીનો ઉપયોગ કરતી વખતે તેમા માટે પડકાર એ હોય છે કે પરિચિત સામગ્રીમાં એવું નાવીન્ય ઉમેરે જેથી વાચકનો રસ જળવાઈ રહે. એક તરફ પરિચિત સૃષ્ટિ અને બીજી તરફ એમાં નાવીન્ય ઉમેરતી વખતે તેના મૂળ સત્ત્વને હાનિ ન પહોંચે, તેની પૂરતી કાળજી અત્યંત આવશ્યક છે. ખ્યાત કથાનક જેટલી પરિચિતતાની સગવડ આપે છે, તેટલા જ પડકાર આપે છે, નાવીન્ય અને મૌલિકતા અંગેના. વાચકને પુનરાવર્તનનો અનુભવ ન થાય અને ખ્યાત વસ્તુને નાવીન્યમય અર્થઘટન પ્રાપ્ત થાય છે.

કુમારપાળ દેસાઈલિખિત ‘અનાહતા’ નવલકથા ૬૩૧ પાનાં અને ૬૩ પ્રકરણોનો દીર્ઘ વિસ્તાર ધરાવે છે. આ બૃહદકથામાં કુંતી અને મહાભારતનું કથાનકમાત્ર નથી, કથાના કેન્દ્રમાં કુંતીની પ્રત્યક્ષ હાજરી કરતાં વધુ તેની અધ્યાત્મ, રાજકીય, સામાજિક, વૈચારિક ઊંચાઈને નિરૂપિત કરી છે. જાણીતા સંઘર્ષને વધુ સ્પષ્ટતા, સ્વસ્થતા અને આદર્શમય રજૂઆત સાથે, નારીપક્ષીય અભિગમ વિચારને વ્યક્ત થવાનો અવકાશ આપ્યો છે. આમ તો સાવ સરળ અને પરિચિત આયોજન-સંયોજનની વચ્ચે કુંતીના સંવાદો, વિચારો એક પણ નવીન ઘટના ન બનવા છતાં વાચકને જકડી રાખે છે. કારણ, જે પાત્રને એક ચોક્કસ બંધિયાર દીવાલોમાં મૂકી દેવાયું હતું, તેને સર્જક – અહીં સશક્ત, વિચારક, પ્રતિભાશાળી, લડાયક પાત્ર તરીકે ઉપસાવવામાં સફળ રહ્યાં છે. સમય, ઘટના બદલાયાં નથી, રૂપક, પુરાકલ્પન નથી, તોય પાત્રની રાજકારણીય વિશિષ્ટતા, રાણી, તરીકેનું ગૌરવ, માતા તરીકેની અડગતા, તેની અધ્યાત્મ અને રાજકીય ઊંચાઈ વાચકને પ્રભાવિત કરી દે છે. ઘટના કે કથાવસ્તુ, જે રીતે સર્જકે ઉઘાડીને મૂક્યું છે, જેથી તરત સમજાય છે કે સર્જકને સંપૂર્ણ મહાભારતની વાત કરતાં, ‘કુંતી’ નામક પાત્રમાં વધુ રસ છે, માનવીય વૃત્તિમાં રસ છે. કુંતીના કેન્દ્રની આસપાસ બનતી ઘટનામાં રસ છે અને વાચકોનો પણ એ રસ પોષાય, ઘડાય એ માટેનો પરિવેશ, વાતાવરણ, ઘટના, વસ્તુગૂંથણી કરવામાં સર્જક સફળ નીવડ્યા છે. અહીં કુંતીનું અનુસંધાન કુંતી સાથે જ છે અને એ જ કથાની મહત્ત્વની મુખ્ય બાબત છે. પરંપરાથી છેડો નથી ફાડ્યો અને વર્તમાનને અવગણ્યો નથી. કુંતીની ન કહેવાયેલી કુંતીપક્ષીય, નારીપક્ષીય કુંતીના દ્વંદ્વની કથા

કહેવાઈ છે. 'અનાહતા'—જે સંઘર્ષોથી ડર્યા વગર સતત લડતી અને તેની લડતમાં ખુમારી, ગૌરવ છે. આ માનવીય ગૌરવ, વીરરાણીને શોભે એવું છે. જે પાત્ર અનેક વાર લાચારી અને દયામય અનુભૂતિ આપતું, તેમ અહીં થવા નથી દીધું. ધીરુબહેન પટેલ કહે છે તેમ, 'કુમારપાળ દેસાઈની કુંતીએ પોતાનું વ્યક્તિત્વ અક્ષુણ્ણ રાખીને આખો સંગ્રામ પૂરો કર્યો અને આપણા ચિત્તમાં એક અમીટ છાટ મૂકતી ગઈ, એક બહાદુર વિદુષીની, એક વત્સલ માતાની, એક કુશળ રાજનીતિજ્ઞની અનેક એક માર્દવપૂર્ણ ભક્તહૃદયાની.'

કથાનો આરંભ સૂરસેનની લાડકી પુત્રી, પૃથાના બાળપણનો સમય છે. પિતાએ મિત્રને વચન આપ્યું છે કે નિઃસંતાન મિત્રને ઘેર, બે પૈકી એક સંતાન આપવાનું અને સૂરસેન પિતાના કહેવાથી પૃથા, કુંતીભોજના ઘરે જવા તૈયાર થાય છે. કુંતીભોજ તેનું નામ કુંતી પાડે છે અને ત્યાં ઋષિ દુર્વાસા આવનાર છે, જેમના આતિથ્યની જવાબદારી કુંતીએ નિભાવવાની છે અને આતિથ્યના બદલામાં તેને વરદાન મળે છે.

પિતાના ઘરેથી કુંતીભોજના ઘરે જ તેનું નામ 'પૃથા'ને બદલે 'કુંતી' કરાય છે, જેમના ક્રોધથી સહુ કોઈ ડરતા એવા ઋષિ દુર્વાસાની સેવાનું કપરું કાર્ય કુંતીના શિરે આવે છે અને તે સ્વીકારે છે, આ બે ઘટના કુંતીનો માત્ર 'સ્વીકાર'નો સ્વભાવ નથી વ્યક્ત કરતી, પણ આવનારા સમયમાં આથીયે વધુ કપરી બનનારી ઘટના પ્રત્યે કુંતીના વલણનો આપણને સંકેત મળે છે. લગ્નના દોઢ વર્ષમાં બાળક ન થવાને કારણે સંતાનની અપેક્ષાએ પાંડુનાં અન્ય લગ્ન અંગેનો નિર્ણય અને કુંતી દ્વારા તેનો સ્વીકાર, ત્યારબાદ મહારાણી તરીકેનું પદ માદ્રીને આપવા અંગેનો સ્વીકાર અને પાંડુ સાથે સતી થવા માટેનો પોતાનો અધિકાર જતો કરી, માદ્રીના આગ્રહને વશ થઈ, માદ્રીને એક હક આપવા અંગેનો સ્વીકાર. આ સ્વીકારમાં લડવાની શક્તિની અછત કે પરિસ્થિતિ સામે લાચારીની અવસ્થા નથી. કુટુંબની સંસ્કૃતિમાં, સામાજિક જીવનમાં, સ્ત્રીના સ્વભાવ દ્વારા કેટલાયે વિકટ પ્રશ્નો, સંઘર્ષો, કલહ ટળી જાય છે અને એમાંથી જ એનો ઉકેલ કુનેહપૂર્વક મળે છે. કુંતીના ગૌરવ અને સ્વમાનને આ 'સ્વીકાર' દ્વારા વધુ ઓજસ મળે છે, નહીં કે પરાવલંબિતાનું આવરણ. સત્યવતીનો પાંડુ સાથેનો સંવાદ જુઓ, સત્યવતી કહે છે, 'સાંભળ, કુંતી વ્રતધારિણી છે, એ તપોમય જીવન જીવી રહી છે. જગતને સ્વીકારભાવથી જુએ છે અને તેથી તમે કહેશો તો સ્વીકારશે...' (પાના ક્ર. ૪૪).

કુંતીના ચરિત્રની અમાપ ઊંચાઈનો અનુભવ વાચકને છઠ્ઠા પ્રકરણમાં થાય છે, જેની અસર વાચકના મસ્તિષ્ક પર આવનાર સમયમાં પણ રહેવાની છે. માદ્રી સાથે પાંડુનાં લગ્ન થાય છે. કુંતી, માદ્રીનું સ્વાગત, ખૂબ જ ઉષ્માપૂર્વક કરે છે અને લગ્નની પ્રથમ રાત્રે પાંડુ રાજા જ્યારે મૂર્છિત થઈને જમીન પર ઢળી પડે છે, ત્યારે કુંતી જ ઔષધોપચાર કરી પાંડુ રાજાને સ્વસ્થ કરી માદ્રીને સોંપીને ત્યાંથી નીકળી જાય છે. કુંતીના હૃદયમાં નથી પોતે કંઈક કર્યાનો કર્તૃત્વભાવ કે નથી માદ્રી પ્રત્યે ઈર્ષાનો ભાવ. આ વાત થોડી અતિશયોક્તિ ભરેલી લાગે, આવું કેવી રીતે બને ? પણ સર્જકે અહીં કુંતીના ચરિત્રની વિશેષતા દર્શાવી, આ બાબતને સ્વાભાવિક બતાવી છે, ક્યાંક તો કુંતીનું પાત્ર ભીષ્મના પાત્ર કરતાં પણ વધુ ચડિયાતું બતાવવાનો પ્રયત્ન કરાયો છે.

'કૌરવશ્રેષ્ઠ ભીષ્મને કુંતીનો આ સ્નેહ ગૂઢ રહસ્ય સમાન લાગ્યો. એમને લાગ્યું કે સ્વપ્રતિજ્ઞામાં દૃઢ રહીને સંકલ્પનું ખમીર દાખવીને પોતે પૂર્વ ઉદારતા બતાવી હતી; પરંતુ એમાં કોઈ આત્મસમર્પણ તો નહોતું, જ્યારે આ કુંતીની ઉદારતા તો, અન્યના સુખને કાજે હસતે મુખે કરેલું આત્મસમર્પણ ગણાય.' (પાનાં ક્ર. ૪૭-૪૮). ભીષ્મનો આ વિચાર વાચકને પરંપરા કરતાં જરા જુદી રીતે વિચારવા દોરે છે. મધુરજનીની માદ્રી સાથેની રાત્રે, રાજા પાંડુના મોઢે માદ્રી સમક્ષ કરાયેલા કુંતીના વખાણ સ્પષ્ટ કરે છે કે કુંતી સર્વના હૃદયની સમ્રાજ્ઞી બની ચૂકી હતી. એનો અધ્યાત્મભાવ, સ્વીકારભાવ, ઉદારતા, બૌદ્ધિકતા, આત્મસમર્પણ વગેરેએ સૌનાં હૃદયને જીતી લીધાં હતાં. વિધિની વક્રતા અને કથાનક વિજય એમાં છે કે જે પાંડુ રાજા, સંતાનની અપેક્ષાએ અને રાજનીતિને કારણે માદ્રી સાથે અન્ય લગ્ન માટે તૈયાર થાય છે, પણ તેમને સંતાનપ્રાપ્તિનું સુખ તો કુંતી જ આપે છે, દુર્વાસાઋષિના વરદાનના બળે તે સંતાનસુખ પામે છે અને એ વરદાન માદ્રી સાથે વહેંચીને, માદ્રીને પણ સંતાનસુખનો આનંદ અપાવે છે.

અહીં સર્જકને મહાભારતની કથાની વાત નથી કરવી પણ મહાભારતના દરેક મહત્ત્વના પ્રસંગ સમયે, કુંતીના વ્યક્તિત્ત્વની ઓછી ચર્ચાયેલી – ન ચર્ચાયેલી વાત કરીને કથા રચવી છે. આ કુંતી લાચાર નથી, બિચારી નથી, આ કુંતી પોતાના નિર્ણય અંગે અફસોસ કરતી નથી, આ કુંતી પાસે પોતે-પોતાનો નિર્ણય લેવાની સજાગતા છે, આ કુંતીની નારીચેતના, વગાડીને અવાજ કરીને નારીવાદ કે સ્ત્રીચેતનાની વાત કરવાને બદલે સિફતથી પોતાની વાત કરે છે. મનુષ્યમાત્રનું ગૌરવ અને નારીનું ગૌરવ ભિન્ન નથી. સર્જકે કુશળતાપૂર્વક એ વાતને સ્પષ્ટ કરી છે.

કુંતીના ત્રણ મહત્ત્વના અભિનિવેશ/પાત્રચિત્રણ સંદર્ભે આપણે અહીં વાત કરીએ, એક – કુંતી પરિવારના સભ્ય તરીકે જ્યારે ૧૨ વર્ષના વનવાસ દરમ્યાન વિદુરના ઘરે રહે છે, ગાંધારીને મળવા જાય છે, ગાંધારી સાથેના અને કૌરવપત્નીઓ સાથેના તેના સંવાદો, વિદુર સાથેના તેના સંવાદો અને યુદ્ધના અંત પછી જ્યારે પરિવારના સભ્યો સમક્ષ પોતે કર્ણની માતા તરીકેનો સ્વીકાર કરે છે, આ બધા જ પ્રસંગોમાં કુંતીનું ઊપસતું પારિવારિક ચિત્ર, જેમાં પરંપરા કરતાં સવ જુદી કુંતી પાસે સ્વ-તેજ છે, તેને કોઈ લાચારી સતાવતી નથી, પુત્રને ઉછેરવાનું તપ તે કરે છે, તે પોતાના પુત્રમાં રાજાના સંતાન હોવાનું આત્મસન્માન રોપે છે, પણ લડાયક, સૌહાર્દ, ન્યાયી અને પરાક્રમી વીર તેમને બનાવે છે, પાંડવોના ઉછેરમાં કુંતીની અડગતા અને હિંમત જોવા મળે છે. એ જ કુંતી, જ્યારે પાંડવો જુગારમાં હાર્યા બાદ ૧૨ વર્ષ વનવાસ જાય છે, ત્યારે હસ્તિનાપુરમાં વિદુરના ઘરે રહેવાનું પસંદ કરે છે, તે સમયનો સંવાદ જુઓ, 'મારા વીરપુત્રો, તમારી માતાએ હસ્તિનાપુરનો વસવાટ સ્વીકાર્યો, તેની પાછળનું કારણ એ છે કે તમને પ્રતિક્ષણ યાદ આવે કે હસ્તિનાપુરના કુરુપુત્રોએ તમને કેવો ઘોર અન્યાય કર્યો છે. વનમાં વસવાટ કરો ત્યારે પણ લાક્ષાગૃહના સ્મરણથી તમારું હૃદય સતત બળતું રહે. હસ્તિનાપુરનું સ્મરણ કરો અને તમારા ચિત્તમાં ઘોર અપમાનના પ્રતિકારની આગ પ્રજ્વળી ઊઠે. તમને સતત એવી અનુભૂતિ થાય કે મારી માતાને તમારા અધિકારના એવા તમારી

પાસેથી છીનવી લેવાયેલા રાજ્યમાં વસવું પડ્યું છે...' (પાના ક્ર. ૩૫૯).

આ સંવાદ વાચકને યાદ દેવડાવે છે, કે માત્ર દ્રૌપદીના ખુલ્લા કેશ નહીં પણ કુંતીનું હસ્તિનાપુરમાં રહેવું પણ, પાંડવોને પોતાના રાજ્ય અંગે થયેલા અન્યાયની યાદ અપાવતો રહે છે. આ કુંતી હવે સ્વીકારભાવથી આગળ વધી લડાયક અને કુશળ નીતિશાસ્ત્રી તરીકે જોવા મળે છે. પાંડુ રાજાના મૃત્યુ બાદ મહેલમાં પોતાનાં સંતાનોને ઉછેરતી અને તેમની સાથે થતા અન્યાય અંગે સતત જાગ્રત રહેતી, આ માતા પોતાનાં સંતાનોનું બળ બને છે. સત્તાના અહમ્ અને 'કુટિલ રાજનીતિ' સામે લડે છે, તેનું અધ્યાત્મ–સત્ય અને અસત્યનો ભેદ પારખી શૂરને સજ્જ કરે છે. પાંડવોએ, ક્ષત્રિયાણીનું તેજ દાખવતી માતાને જીવનભર જોઈને બળ મેળવ્યું હતું. કુંતીને અહીં રુદન કરતી કે આક્રંદ કરતી સામાન્ય માન્યતાવશ પાત્ર બતાવવાને બદલે ગૌરવયુક્ત, લડાયક, સ્વમાનભેર પોતાનો અવાજ ઊંચો કર્યા વગર પણ, પડકારતી સ્ત્રી તરીકે આલેખાઈ છે. તે કોઈ દરવાજો પછાડીને, ઘરે છોડીને જવા તત્પર નથી, તે તો અહીં જ રહીને, પોતાના હક્કનું પોતાને ન મળે, ત્યાં સુધી, વીર પુત્રોને તેમની હારનો અહેસાસ કરાવી, તેમના વીરત્વને પડકારતી માતા તરીકે દર્શાવી છે. સાથે સતત એ પણ જાગૃતિ રાખવામાં આવી છે કે, વેરવૃત્તિનું રોપણ ન થાય. એનો ગુસ્સો, એનો ક્રોધ, એના કાબૂ બહાર નથી જતો. એ ગાંધારી, ધૃતરાષ્ટ્ર અને અન્ય કૌરવપત્નીઓ સાથે એટલા જ સ્નેહથી વર્તે છે. એની આ સતત જાગૃતિ, તેને ગૌરવ અપાવે છે. અન્યની ભૂલ, પોતાના સંતાનને થયેલો અન્યાય, એ ભૂલીને, કાયર કે લાચાર સાબિત થવા નથી માંગતી. સાથે સમર્પણમાં આત્માનું તેજ નંદવાય, સત્યનો પ્રકાશ લેવાય, એવું પણ નથી કરવા માંગતી. સત્‌ના સ્થાપન માટે આ સંવાદ જુઓ, 'હસ્તિનાપુરના વિશેષ નિવાસનું એથીય વિશેષ કારણ એ છે કે મારે કૌરવો સમક્ષ રહેવું અને જીવવું છે. પિતામહ ભીષ્મ કે ગુરુ દ્રોણને એનું સ્મરણ કરાવવું છે કે કુળરક્ષા અને સંસ્કારરક્ષાના કર્તવ્યની ઉપેક્ષા, અંતે કુળનારીની માનવીય ગરિમાના ચીરહરણમાં પરિણમે છે. મારી ઉપસ્થિતિ મહારાજ ધૃતરાષ્ટ્રને એમના પુત્ર પ્રત્યેના અંધ મોહના વિષમ પરિણામનું અહર્નિશ સ્મરણ કરાવશે અને દુર્યોધનને સદાય મારા વીરપુત્રોની ચિત્તને સતત પજવતી યાદ આવશે... એનાં અપકૃત્યોનો પ્રતિશોધ લેનાર આ પૃથ્વી પર જીવિત છે. અહંકારી અને અનાચારી સદા ભયભીત રહેશે.' (પાના ક્ર. ૩૬૪).

કુંતી આજીવન કર્ણને જન્મતાંવેંત છોડી દેવાયો, એ અંગે અપરાધભાવ જીરવે છે અને તેને એમ પણ લાગે છે કે કર્ણને 'સૂતપુત્ર'નું જે સંબોધન મળ્યું, તે સામર્થ્યધારી કર્ણનું અપમાન કહેવાય અને તે કારણોસર કર્ણનો રોષ વ્યાજબી છે, સર્જકે આ વાત વિદુર અને કુંતીના સંવાદ રૂપે મૂકી છે તે જુઓ,

'ના ભાભી, સ્વયંવરમાં કન્યા સ્વયં વરને પસંદ કરતી હોય છે. પાંચાલીનો એ સર્વથા અધિકાર હતો કે એ કર્ણનો અસ્વીકાર કરી શકે. હવે રહી 'સૂતપુત્ર'ના એના સંબોધનની વાત. શું ધર્મપ્રેમી અને સત્યવક્તા સંજયને હસ્તિનાપુરના રાજભવનમાં સૂતપુત્ર કહેવામાં આવતો નથી ? ગલ્વગણ નામના સૂતનો એ પુત્ર સ્વયં રાજા ધૃતરાષ્ટ્રનો આદરપાત્ર વિશ્વાસુ સારથિ છે. આથી 'સૂતપુત્ર' કહીને દ્રુપદતનયાએ બાણાવળી કર્ણનું

અપમાન કર્યું છે એમ હું માનતો નથી. અધિરથનો પુત્ર કર્ણ સૂતપુત્ર હતો, તો એને સૂતપુત્ર કહેવામાં શું વાંધો ? ભાભી, મારો જ વિચાર કરો ને !'

'એટલે ? આમાં વળી તમારી વાત આવી ક્યાંથી ?'

'જુઓ, કોઈ મને 'દાસીપુત્ર' કહે તો હું ક્રોધિત થાઉં ખરો ? હકીકત છે કે હું દાસીપુત્ર છું. મારા જીવનની વાસ્તવિકતાને સ્વીકારીને એનો આનંદ માણ્યો છે, કિંતુ કર્ણ એ વાસ્તવિકતાનો પ્રતિવાદ કરીને વેદના વહોરી લે છે અને અવહેલનાની કટુતામાં વૃદ્ધિ કરે છે.'

'પણ એને અપમાનિત તો થવું પડ્યું ને ?' કુંતી સહસા બોલી ઊઠી. કુંતીના મનમાં તુમુલ યુદ્ધ ચાલતું હતું. એક બાજુ વહાલી પુત્રવધૂ અને સામે પક્ષે વિખૂટો પડેલો પુત્ર ! કોઈ એકને દોષિત ગણવાનું ક્યાંથી ગમે ? બંનેનો સ્વીકાર એ જ આ પ્રશ્નનો મનમેળભર્યો ઉત્તર હતો.

મહાત્મા વિદુરે પ્રતિવાદ કરતાં કહ્યું, 'કર્ણ અપમાનિત થયો ? કોણે કહ્યું ? જો 'સૂતપુત્ર' એ લાંછન હોત તો, કર્ણ અંગરાજ બન્યો ન હોત ! મારી માફક હસ્તિનાપુરની રાજસભામાં એને ઉચ્ચ સિંહાસન સાંપડ્યું ન હોત ! (પાના ક્રમાંક ૩૯૧).

આ આખો સંવાદ કર્ણને વધુ અપરાધી બનાવવા કે કુંતીને વધુ મહાન દર્શાવવા માટે નથી પણ એ સમય, સમાજ અને એની વાસ્તવિકતાના સ્વીકાર સાથે, પોતાના અયોગ્ય કર્તૃત્વને અપરાધને એ કારણોસર માન્યતા ન અપાવવા માટે છે. કર્ણ અને કુંતીના સંબંધની વેદના, બંને પક્ષે અપાર હતી પણ અયોગ્ય બાબતને એ યોગ્ય કરાવવાનું સાધન ન બની શકે, એ સંકેત મહત્ત્વનો છે.

સર્જકે અહીં મહાભારતનાં ઘણાં અવગણાયેલ પાત્રોને પણ પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે. સામાન્ય રીતે પ્રજામન પર મહાભારતની સિરિયલ અને પિક્ચરનો પ્રભાવ વધુ છે. મૂળ પ્રતની નિકટ જઈને એના સંકેતોને ઉકેલનાર પ્રમાણમાં ઓછાં છે. જાણીતી ઘટનાનો રસ ફરી ફરી વહેંચવામાં લોકપ્રિયતા જળવાઈ રહે છે. અહીં સર્જક કેટલાંક ઓછાં પ્રકાશમાં લવાયેલાં, જેના વિશે વાત નથી થઈ એવાં સ્ત્રી-પાત્રોને પ્રકાશમાં લાવ્યા છે. વિદુરની પત્ની પારંસરીની ઉદારતા, જે કુંતીને પોતાની સાથે રાખવા તત્પર છે. તો બીજી તરફ દુર્યોધનની પત્ની ભાનુમતી, વિકર્ણની પત્ની મૃદુલા અને દુઃશાસનની પત્ની જ્યોત્સ્નાના ચરિત્રથી પરિચિત કરાવવા એક વિશેષ પ્રકરણ (ક્રમાંક ૩૦) ફાળવવામાં આવ્યું છે. વસ્ત્રાહરણની ઘટનાએ મૃદુલા અને ભાનુમતીના માનસપટ પર કેવો કપરો પ્રભાવ પાડ્યો હતો, તેનો ખ્યાલ આવે છે. સ્ત્રી પોતાના પતિના બળ પર મુસ્તાક હોય છે પણ એ બળ જ્યારે અન્ય સ્ત્રીના ચરિત્રનું અપમાન કરે છે, ત્યારે તેની હૃદય પર કેવી વિદારક અસર પડે છે, તેનો અહીં ખ્યાલ આવે છે. વિકર્ણના સત્યનિષ્ઠ સ્વભાવના પરિચય સાથે, તેની પત્ની મૃદુલાની અનુભૂતિ પણ મહત્ત્વની છે, જે ઘટનાએ વિકર્ણને પારાવાર દુઃખ આપ્યું, તે દુઃખ સાથે આજે મૃદુલા પણ જીવી રહી છે, તો બીજી તરફ દુર્યોધનની અધીરાઈ, ડર, અસલામતી, ઉદ્વેગનો અનુભવ સતત ભાનુમતી કરે છે. આ બધાની વચ્ચે જેનુ પાત્ર-ચરિત્ર કુંતી જેટલું જ મહત્ત્વનું છે, તે ગાંધારીનો સંવાદ

જ ગાંધારીના ન્યાયનિષ્ઠ અને પ્રતાપી સ્વભાવનો પરિચય કરાવે છે, ‘હા, અહીં કોઈ સત્તાની પાછળ માન-મર્યાદા અને વિવેકને વીસરીને આંધળી દોટ લગાવે છે અને માને છે કે સત્તામાં જ પૂર્ણ સુખ અને સંપન્નતા વસે છે. કોઈ સામ્રાજ્યની પાછળ તો કોઈ સુંદરીની પાછળ ઘેલાં બને છે. એમને એ ખબર નથી કે આમાંથી એકેયમાં સુખ નથી. સુખ તો તમારા અંતરમાં બેઠું બેઠું મલકે છે. સત્તા, સૌંદર્ય કે વૈભવની કામના, નિર્મળ સ્નેહ, હૃદયની સચ્ચાઈ અને ચિત્તની શાંતિનો ભોગ લે છે. જે જીવનમાં સત્યનું બલિદાન આપે, તે કદી સુખ પામી શકતો નથી. ખરું ને કુંતી ?’ (પાના ક્રમાંક ૪૦૪).

કુંતીનો પરિવાર પ્રત્યે સ્નેહભર્યો અભિગમ અને પોતાના આત્મસમર્પણ અંગેની પસંદગી, પોતાના અધિકાર અંગેની જાગૃતિ વચ્ચે, એ જરાય મૂંઝવણમાં નથી, તેની સ્પષ્ટતા જ તેના માટે બળ બને છે.

સર્જકને મહાભારતના પ્રસંગો અને તેનો રોમાંચ પ્રસ્તુત કરવામાં રસ નથી, તેમને વાત કરવી છે ‘અનાહતા’ની, કુંતીની જે ખૂબ જાણીતી છે, જેનો વ્યથિત ચહેરો ઊપસી આવે છે, એ ચહેરાને પખાળીને સર્જકે સપ્રયત્ન, તેના આત્મતેજની ધારને રજૂ કરી છે. નિયતિ સામેની લાચારી નહીં પણ નિયતિને પણ પડકારતી, લડતી અને પોતાની વાત સ્વસ્થતાપૂર્વક સિદ્ધ કરતી કુંતીનો એક તેનો પારિવારિક ચહેરો આપણે જોયો. જે વેરથી મુક્ત છે, ઈર્ષાથી મુક્ત છે, પોતાના સંતાનને જે પરિવારે ન્યાય નથી આપ્યો, તેના પરિવારજનો સાથે તે સ્વસ્થતાપૂર્વક વર્તીને પોતાનું અને પરિવારનું અને રાજરાણીના પદનું ગૌરવ વધારે છે.

આ કુંતીનો બીજો ચહેરો એટલે જે ખૂબ જ જાણીતો એવો ચહેરો એટલે કે કર્ણની માતા. ઋષિ દુર્વાસાએ આપેલા વરદાનની ચકાસણી કરવા જતાં અને નિર્દોષ મુગ્ધતાપૂર્વક આચરેલું કર્તૃત્વ, જીવનભર તેને સહન કરવાનું આવે છે. અહીં કુમારપાળ દેસાઈની ચરિત્રકાર તરીકેની વિશેષતા અને કુશળતાનો અનુભવ વાચકને થશે. કુંતીના ચરિત્રને પેલી પરંપરાગત માન્યતાથી મુક્ત કરવાની સાથે, કર્ણની સામે ગુનેગાર તરીકે માત્ર નથી ઊભી રહેતી, પણ પોતે કરેલા કાર્ય અંગેનો પસ્તાવો વ્યક્ત કર્યા પછી, કર્ણને પ્રશ્ન પૂછે છે. પુત્રનો રોષ આજે ખોટા માર્ગે તેને લઈ જાય, ત્યારે તે પુત્રના રોષને, પંપાળતી કે દયાભાવથી જોતી નથી. કર્ણ પોતાની સાથે થયેલા અન્યાયને કારણે અસત્યના માર્ગે જાય અને તેને, તેમ કરવાનો અધિકાર મળી ગયો, તેમ ધારે, ત્યારે અડગ, ન્યાયી કુંતી તેને કહે છે કે ‘તું’ આ ખોટું કરી રહ્યો છે, તે ધૃતરાષ્ટ્રની જેમ, પોતાના પુત્રના અયોગ્ય માર્ગને પોષી શકતી નથી. કુંતીના વાત્સલ્ય કરતાં, તેનું માતૃત્વ અહીં જીતે છે. પ્રકરણ ચોત્રીસમાં કુંતી અને કર્ણનું મળવું અને બંનેના મનોજગતનો પરિચય કરાવે છે. નવલકથામાં યુદ્ધ સિવાય, સતત સહુના મનોજગતમાં ચાલતો સંઘર્ષ, આંતરિક-સંવાદ-વિવાદ બહુ જ રોચક છે. એક યુદ્ધ કુરુક્ષેત્ર પર લડાવાનું છે, પણ એ યુદ્ધનાં બીજ અનેક વર્ષોથી સહુના મનમાં રોપાયાં હતાં, બધા જ પાસે આ યુદ્ધને લડવાનાં વેગળાં કારણો હતાં, બધાંનાં જ મનનો રોષ યુદ્ધભૂમિ પર બળરૂપે વ્યક્ત થવાને હતો પણ બધા જ માત્ર સત્ય અને સત્ય માટે નહોતા લડતા, એમની લડતના કારણો, માન્યતા, અહંકાર–

એમના સિવાય પૂરેપૂરાં કોઈને જ ખબર નહોતાં. એ મનોજગતનાં સંચાલનોને, બને તેટલાં વ્યક્ત કરવાનો સઘન પ્રયત્ન થયો છે. ભૂમિના યુદ્ધ કરતાં માન્યતા, વિચાર, આદર્શો, અહંકાર, અધિકાર, વેર, અધૂરપનું આ યુદ્ધ હતું. કર્ણ અને કુંતીનો સંવાદ માત્ર સ્પષ્ટતા કે ક્રોધ કે માતા-પુત્રના સંવાદ કરતાં વધુ, પરિસ્થિતિ સામે પોતે જે અભિગમ સ્વીકાર્યો, તેની સ્પષ્ટતાનું પ્રકરણ બને છે. અહીં કુંતીના પાત્રને સર્જકે માતા કરતાં વધુ ક્ષત્રિયાણી રાજમાતામય બનાવ્યું છે. સાથે કુંતીને અડગ વિશ્વાસ પણ જોવા મળે છે, કે તે, કર્ણને કહી શકે છે કે જો તે પાંડુપુત્ર તરીકે પાછો વળવા ઇચ્છે તો હસ્તિનાપુર નરેશ તરીકે, જ્યેષ્ઠ ભ્રાતા તરીકે તેના બાકીના પાંચ ભાઈઓ તેનો સ્વીકાર કરશે.

કુંતીનું આ કહેવું જ કુંતીનો પોતાના પાંચ પુત્રો પ્રત્યેનો અડગ વિશ્વાસ વ્યક્ત કરે છે. પણ સાથે તેનો કર્ણ પ્રત્યેનો અપાર સ્નેહ પણ દર્શાવે છે, જે અશ્રુ તેણે સમગ્ર વિશ્વથી છુપાડ્યાં છે, તે કર્ણ સામે એ કર્ણ માટે અનરાધાર વહે છે. કર્ણ એ વાત જાણે છે પણ એની વિચારધારા, તેને કુંતીનાં વચનો સાથે સહમત નથી થવા દેતી. નવલકથા કુંતીકેન્દ્રી હોવા છતાં સર્જક, અહીં કર્ણના પાત્રને નબળું નથી પડવા દેતા. કર્ણના ભોગે કુંતીનું તેજ ઝળહળે, એવું ન થવા દેવામાં જ, સર્જકની સર્જકતા અહીં સિદ્ધ થાય છે. કર્ણનો અડગ સ્વભાવ અને કુંતીનો પણ એટલો જ અડગ વિશ્વાસ અહીં સંઘર્ષમય વિખવાદ નહીં પણ બંને પક્ષને સમજવાની દૃષ્ટિ આપે છે. બંને પક્ષનું કષ્ટ, પૈકી કયું સાચું કે ખોટું કે કયું સત્ય કે અસત્ય, એનો નિર્ણય ભાવક કરી શકે, એટલો અવકાશ અહીં મળે છે. સર્જક પોતાની બાબત લાદવાને બદલે, આલેખનકાર બન્યા તે પણ નોંધવું જોઈએ.

કુંતીનો ત્રીજો ચહેરો જે તેની વૈશ્વિક ભૂમિકાનું દર્શન કરાવે છે, કુંતીના ચરિત્રની સૌથી ઉત્કૃષ્ટ પળ ત્યારે વ્યક્ત થાય છે, જ્યારે કુંતી, યુદ્ધ પછી સ્વજનોના તર્પણ વખતે પાંડવો સમક્ષ જાહેર કરે છે કે 'તમારા દિવંગત જ્યેષ્ઠ પાંડુપુત્રને અર્ધ્યાંજલિ અર્પો.' સમગ્ર પરિવારની સામે પોતાના જ્યેષ્ઠ પુત્ર પરથી 'સૂતપુત્ર'ની ઓળખ નાબૂદ કરીને તેને રાજવીર જેવું, મૃત્યુ પછીનું સન્માન અર્પવાની વાત કુંતીની અપાર વેદના અને શક્તિ બંનેના અદ્‌ભુત સમન્વયનો, પરિચય કરાવે છે.

આજીવન નવજાત શિશુને મંજૂષામાં લોકસમાજના ડરથી વહાવી દઈને, તેનો ભાર એકલી જીરવતી, કુંતી આ વાત કર્ણના મૃત્યુ પછી જાહેર કરે છે, ત્યારે તેને ફરી એક વાર અપમાનિત થવાનો ડર નથી લાગતો, તેને એ ભય પણ નથી કે તેનાં કુટુંબીજનોનો શું પ્રતિભાવ હશે, તેની અંદર ધૈર્ય અને સ્પષ્ટતાનું એવું તેજ છે કે તે પોતાનો નિર્ણય પોતાના બળ પર લે છે, પછી એ નિર્ણયને પોતાના તપબળને આધારે શ્રદ્ધાની કસોટી પર ચડાવતી રહે છે, પણ તેનો નિસ્વાર્થભાવ અને તેનું અધ્યાત્મતેજ તેને હંમેશ સાથ આપી, પાર પાડે છે. આ રહસ્યસ્ફોટની ક્ષણે કુંતીના ચહેરા પર લાચારીનું વાદળ નથી, પરિસ્થિતિનો સ્વીકાર અને નિયતિ સામે લડવાનું બળ હજી વધતી વયે પણ, એટલું જ છે, તે સિદ્ધ કરે છે. કુંતીનું આ શૌર્ય, તેની વેદના અંગેની સ્પષ્ટતા નથી પણ વૃદ્ધ કુંતીનું આત્મતેજ છે. સાથે આ આઘાત કુંતીને એટલી જ ભાવનાત્મક રીતે નિર્બળ પણ કરે છે અને પ્રથમ વાર વિખરાયેલા વાળવાળી, કરચલીવાળા ચહેરાવાળી આક્રંદ કરતી કુંતીને

પાંડવો જુએ છે. કુંતીનો આ ત્રીજો ચહેરો ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સાથેના, વનપ્રયાણના નિર્ણય સાથે વધુ સ્પષ્ટ બને છે. આ કુંતી માત્ર પરિવારજનોની કે રાજ્યની નથી. આ ચરિત્ર હવે વૈશ્વિક બને છે, જેને આદર્શનિષ્ઠ લેખાવી શકાય. જે પોતાનાં સુખ અને રાજપાટથી મોહિત બનતાં, પોતાના ચરિત્રની, જે મૂળ આત્મપ્રવાસે તપબળ કરતી અધ્યાત્મની આર્યનારીની હતી, તે અહીં સિદ્ધ થાય છે. મધુરજનીની રાતે પાંડુ ભાનમાં આવે છે અને માદ્રીને પાંડુ સાથે સુખરૂપ મૂકીને, ત્યાંથી ચાલી જતી, સ્વસ્થ કુંતી આજે પુત્રોને તેના ન્યાયનું સર્વ મળી જતાં, હવે અહીંથી ચાલી જવાનો અને વનપ્રયાણનો નિર્ણય લે છે, આ કુંતીનું ચાલી જવું, વાતાવરણને સ્વસ્થ-સુખરૂપ કરીને, ચાલી જવું, સત્યવતીના શબ્દોની યાદ દેવડાવે છે, 'બીજાની ઈચ્છાને આદર આપવો અને તેને માટે જરૂર પડે, તો પોતાનું, જાતનું મૌનભાવે સમર્પણ કરવું, એ જ પરમ ધર્મસિદ્ધાંત...' કુંતી રાજનીતિ અને હૃદયનીતિની મથામણથી મુક્ત થઈ શકી કારણ કે તેના તપમય જીવનમાંથી 'હું' બાદ કરી શકી હતી. તેના દૃષ્ટિકોણમાં નિહિત સ્વાર્થ ભાગ્યે જ જોવા મળે છે, તે પોતાના માટે નહીં, સર્વ સુખકારી સમાજ, રાષ્ટ્ર માટે પોતાના 'સ્વ'ને બાદ કરતી રહી. નવલકથાના અંતે વનમાં કુંતીના મૃત્યુની ઘટના બને છે.

કુંતીના જીવનની આસપાસ તેના ચરિત્રને ધ્યાન રાખીને લખાયેલી આ કથા માત્ર ચરિત્રલક્ષી કે નારીચેતનાની વાત કરતી કે આદર્શો કે મૂલ્યોની વાત કરતી નવલકથા નથી બની. આ કથા માનવીય જીવન અન માનવીય વૃત્તિને પ્રસંગોપાત્ત બદલાતાં જોવાની અને સમજવાની કથા પણ બની છે. આ કથા માત્ર પૌરાણિક પાત્રને ફરી જીવંત કરવાની ઘટના નથી. આ પાત્રને આજના સમય સાથે જોડી આપવાની ઘટના પણ છે. સર્જક અનેક જગ્યાએ કથામાં પ્રવેશી, પોતાના વિચારોને વ્યક્ત કર્યા વગર રહી શક્યા નથી, પણ ચરિત્રકથામાં સર્જકના પ્રવેશને નિષેધ કરવો, થોડો દુષ્કર જ. રાજકારણ સમાજ, માનવમન, સ્વભાવની સૃષ્ટિ અહીં ખૂબ જ ગહન રીતે વ્યક્ત થઈ છે. કથા વિસ્તૃત બની છે કારણ સંવાદો પ્રમાણમાં લાંબા અને વધુ ને વધુ સ્પષ્ટતા આપતાં છે, મોટાભાગના સંવાદો રાજ-ધર્મ આદિ અંગેની વિભાવનાને સ્પષ્ટ કરે છે, સર્જકનો પ્રવેશ અને તેમના વિચારો પણ ભળ્યા છે.

ગુજરાતીમાં 'અનાહતા' નવલકથા આપણાં પૌરાણિક પાત્રોને નવેસરથી જોવાની દૃષ્ટિનો નાવીન્યસભર અનુભવ કરાવે છે. આ પુરાકલ્પન કે પ્રતીક નથી. પણ પૌરાણિક પાત્રોને વધુ સ્પષ્ટતાથી વધુ દીર્ઘ ફલક ઉપર અને કેટલીક પરંપરાગત માન્યતાથી મુક્ત થઈ, જુદી રીતે, ગૌરવપૂર્ણ રીતે જોવાની, સર્જનાત્મક અભિવ્યક્તિનો અનુભવ છે. કુમારપાળ દેસાઈએ વાચકોને આ નવો સમૃદ્ધ, રોમાંચક અનુભવ આપ્યો છે. ઘણી બાબત પ્રતીતિકાર ન લાગે, તોપણ તેને માનવાનું મન થાય છે, કુંતીનું દાવાનળમાં બળી જવું ન ગમે પણ છેવટે મનુષ્યવૃત્તિનું દહન અને આત્મા-અનુભૂતિનું તેજ જો સ્વીકારીએ તો આ પ્રતીતિ પ્રતીક પણ એટલું જ યોગ્ય લાગે. અંતે સર્જકના નવલકથાના એક સંવાદ સાથે વાત પૂરી કરીએ :

'...મૌન જ્યારે અનિષ્ટ, અનાચાર અને અવમાનનું કારણ બને છે, ત્યારે એ

મૌન રહેતું નથી. સ્વેચ્છાએ સ્વીકારેલું આધ્યાત્મિક મૌન અને લાચારીથી સેવેલું ભયપૂર્ણ મૌન સામસામે છેડે છે !' (પાના ક્રમાંક ૩૫૭).

'જુઓ તમારી લડાઈ બળ સામે બળની નથી, અરે ! સત્ય સામે અસત્યની નથી. સત્યને તમે જોઈ શકો છો. અસત્યને તમે પારખી શકો છો, પણ તમારી લડાઈ તો પ્રપંચ અને ષડ્યંત્રો સામે છે. સત્યના પ્રકાશથી અસત્યના અંધારને સહજ રીતે ઓળખી શકાય, પરંતુ આ રાજપ્રપંચ તે પરમ સત્યનો મોહક અને સોહામણો વેશ પહેરીને, તમને લોભાવે છે.' (પાનાં ક્રમાંક ૨૧૭).

સર્જક ઘેરા, આંતરિક સંઘર્ષને પણ, કથામાધ્યમથી સપાટી પર લાવ્યા છે. કૌમાર્યવસ્થામાં કરેલી પુત્રપ્રાપ્તિ એ કલંક ગણાય કે નહીં, એ સવાલ કુંતીને ડંખી રહ્યો હતો. જો એ કલંક ગણાય તો જીવનભર પવિત્ર, આચરણ કરનારી કુંતીનું જીવન ધૂળધાણી થઈ જાય. અને મહર્ષિ વ્યાસ દ્વારા તેને ઉત્તર મળે છે કે 'હે કુંતી, તું જાણ કે મનુષ્યધર્મ, દેવધર્મ દ્વારા દૂષિત થતો નથી. હવે તારો માનસિક સંતાપ દૂર થવો જોઈએ.' કુંતીના મૃત્યુપૂર્વે, આ સ્પષ્ટતા કથાનક માટે જેટલી આવશ્યક હતી તેટલી જ આવશ્યક આજના સંદર્ભે અને કદાચ આવનારા સમય માટે.

છેલ્લે પૂરક વાત તરીકે એટલું ઉમેરું કે આ નવલકથા પરથી અરવિંદ બારોટે ગીતની રચના કરી છે, તો કમલ જોશીએ આ કૃતિના કેટલાક અંશનું નાટ્યાત્મક રૂપાંતર કર્યું છે, અને પ્રજ્ઞાચક્ષુ દિવ્યા ચોબીસાએ આના પરથી એકોક્તિની રચના કરી છે. 'કુંતી' પાત્રની સદાકાળ જીવંતતા અને કુમારપાળ દેસાઈની નવલકથા 'અનાહતા'ની, આ અસર નાની તો ન જ કહેવાય.

સર્જકે નાટકીય પ્રસંગો, સંઘર્ષોનો પૂરતો ઉપયોગ કરીને, એનું યથાયોગ્ય ચિત્ર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે, ઘણી વાર નવલકથા સ્પષ્ટતા આપીત હોય, એવું વર્તાય છે. જાણે કે દરેક પાત્ર પોતાની સ્પષ્ટતા આપતું હોય અને કુંતીની નજરે પાત્રોને રજૂ કર્યાં હોય, પણ એ સ્વાભાવિક બાબત છે કારણ કુંતીને કેન્દ્રમાં રાખીને નવલકથા લખાઈ છે. આપણે જેને, આપણી પ્રશિષ્ટ કૃતિ કહીએ છીએ, આપણી સંસ્કૃતિની મહત્ત્વની કૃતિ કહીએ છીએ તે મહાભારતની વાતને સંસ્કૃતિ અને સમૃદ્ધ શબ્દાવલી સાથે નવ્ય-સમકાલીન દૃષ્ટિકોણથી આલેખવી એ પડકારજનક તો ખરું જ. એક તરફ પોતાની વાતનો તંતુ સર્જક પૂર્વસમય સાથે જોડી રાખે છે તો બીજી તરફ પાત્રોની કેટલીક બાબત નવેસરથી મુકાઈ હોય એવું લાગે છે. એટલે એ સમય, સંઘર્ષ, આપણા એ મનોજગત અને અત્યારના મનોજગતની વચ્ચેની કથા પણ બને છે. પૂર્વસંસ્કાર અને તત્કાલીન સંસ્કારની વચ્ચે રહેલી કેટલીય રહસ્યમયતા, ન કહેવાયેલી બાબત રજૂ થાય છે. જેનું બધું જ સત્ય નથી, બધું જ અસત્ય નથી, બધું જ સાચું નથી, બધું જ ખોટું નથી. આ એક રંજકતાભોગ્ય વાત નથી, પણ ફરી એક વાર મુકાયેલો સળવળાટ છે, જેમાં કટોકટીને ફરી એક વાર તપાસવાનો, સમજવાનો, ચર્ચા કરવાનો ઉપક્રમ જોવા મળે છે. કુમારપાળ દેસાઈએ જીવનશક્તિના સંકેત સાથે લોકચેતનાને આવરી લઈ, સમકાલીન માનવચેતના સાથે જોડી જે તાગ લેવાનો પ્રયત્ન કર્યો છે, તેને ઘણાં અભિનંદન.

## ‘વાવણી’માં ઊઘડતો તાજગીભર્યો નિબંધફાલ | ઉત્પલ પટેલ

[**‘વાવણી’** : દિનેશ પટેલિયા, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, પ્રણવ પ્રકાશન : અમદાવાદ, પૃષ્ઠ : ૧૧૨]

**આ**પણા ગુજરાતી સર્જકનિબંધમાં પ્રકૃતિસૌંદર્ય અને ગ્રામીણ તળપદજીવનની અનુભૂતિની અભિવ્યક્તિના સફળ ગણાતા પ્રયાસો કંઈ ઓછા નથી થયા ! તરત જ યાદ આવે ગ્રામીણ કૃષિજીવન અને પ્રકૃતિછાક સંદર્ભે આલેખતા નિબંધકારો : રામચન્દ્ર પટેલ, મણિલાલ હ. પટેલ અને કિશોરસિંહ સોલંકી. આવા વિષયને આલંબીને લખતા આ નિબંધકારોની નિબંધકલા કેવી તો ખીલી આવી છે તે પણ રસજ્ઞો માટે તો અજાણી બાબત જરાયે નથી. એમની તુલનાએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલ ખરોલ ગામના નવોદિત નિબંધકાર દિનેશ પટેલિયાની વાત કરીએ તો તેમણે તેમના ‘વાવણી’ (૨૦૧૮)ના નિબંધોમાં વાસ્તવિક ભૂમિકાએ રહીને, એ ભૂમિકાથી ખસ્યા વગર શૈશવનાં સ્મરણો રૂપે અનુભૂતિના ગ્રામીણ કૃષિજીવન અને પ્રકૃતિસૌંદર્યના જે ભાગને ઊંડળમાં લીધો છે તે નવી તાજગીનો અનુભવ કરાવે છે.

શૈશવની અવસ્થાથી જ વિજયનગર પંથકનું પ્રકૃતિસૌંદર્ય અને ખડકાળ વાસ્તવિકતાભર્યા કૃષિજીવનની પૂરી છાપ તેમના માનસમાં છપાયેલી છે તે જ છાપ ઊગીને ઊછરી છે. તેમણે જે અનુભૂતિને સેવી તેને અભિવ્યક્ત કરવાની સાચુકલી ભાષા પણ તેમનામાં ઘડાઈ ગઈ છે. ગુજરાતીના નિષ્ઠાવાન અધ્યાપક બન્યા પછી, અભિવ્યક્તિની સભાનતા આવી ત્યારે, સમાનધર્માઓની કલમ અને શાસ્ત્રનાં અધ્યયન બાદ તેમણે કલમ ઉપાડી છે. તેથી તો તેમની અભિવ્યક્તિમાં ‘જાન’નાં દર્શન થાય છે. આલેખ્ય વસ્તુ ઊંડળમાં સહજ રીતે આવી તેને જ નિબંધકારે નિસબત અને સચ્ચાઈપૂર્વક આલેખી છે. ‘વાવણી’ નિબંધસંગ્રહના નિવેદનમાં ઉચિતપણે તેમણે ચોખવટ કરી છે : ‘‘કૃષિજીવનના મારા વાસ્તવિક અનુભવો તથા ગ્રામસંસ્કૃતિ અને સમાજજીવનના સ્વાનુભવો આ સર્જનોનાં મુખ્ય આલંબનો છે. નિબંધસૃષ્ટિમાં વણાયેલાં પાત્રો પણ સર્જનને એટલાં જ ઉપકારક નીવડ્યાં છે તેનો રાજીપો છે. ‘પૈડું’ નિબંધ તેની પત્રાત્મક શૈલીને કારણે, તો ‘જયંતસૌરભ’ ચરિત્રનિબંધના કારણે થોડી અલગ ભાત ધારણ કરે છે. બાકીના નિબંધો સમાન કુળના છે.’’ (પૃષ્ઠ : ૫).

સમાન કુળના એટલે તેમના પ્રથમ નિબંધસંગ્રહ ‘પોળોના પાદરમાં’ જે કુળના છે તેવા. કુલ પંદર નિબંધો પૈકી પહેલા નવ નિબંધોને આપણે લગભગ સમાન કુળના કહી શકીએ. એમાંથી એક તો પ્રકૃતિની કુમાશ અને સુંદરતા પામેલી, ખડકાળ વાસ્તવલિકતાથી ભરેલી વતનભૂમિ, ઘર અને ખેતર; બીજી, પોતાના સમાજ અને પરિવારના સંસ્કારોથી ઘડાતું પોતાનું શૈશવ; ત્રીજી, લોહીના અને સામાજિક સગપણના સંબંધોવાળાં સ્વજનો; ચોથી, આદિવાસી ને કાથોડી સમાજનાં અનુભવ-ઘડતાં પાત્રો અને પ્રસંગો; પાંચમી, શૈશવના સમયના અને આજના સમયના જીવનની તુલના અને તેમાં ભાર ન લાગે તેવું ને તેટલું ચિંતન; અને છઠ્ઠી, સમગ્રને છાઈ રહેતો કૃષિજીવનનો અનુભવ – આટલી બાબતો ઊપસે છે.

નિબંધકાર જે સ્થળ પર આપણને લઈ જાય છે તેનું વાસ્તવિક યથાતથ વર્ણનનિરૂપણ એવું કરે છે કે આપણે તે જગ્યાએ આપણી ઉપસ્થિતિને અનુભવી શકીએ છીએ. 'કોસવારો' નિબંધનું આ નિરૂપણ જુઓ : ''અરાવલીની ટેકરીઓની વચાળે ઠીકઠીક ઊંચાઈ પર વસેલું મારું ખરોલ ગામ. સમથળ જમીનનો અભાવ એટલો ચડઊતર ક્રમમાં બંધાયેલાં ઘરોનું ગામ. મારું બાપીકું ઘર ગામના મધ્યભાગના એક કોરે. સવિશેષ ઊંચાઈએ આવેલું. જેની બાજુના નીચાણવાળા ભાગમાં પૂર્વથી પશ્ચિમે ચોમાસા તથા શિયાળામાં જળસભર રહેતો અને ઉનાળામાં સુક્કોભઠ્ઠ વંટોળિયો ઉડાડતો, સામેથી અનાયાસે જ આંખોમાં ઝિલાતો પુણ્યશિલા નદીનો દોઢેક કિલોમીટરનો લાંબો પટ. નદીના બેય કાંઠે પિયતવાળી ખેતરાઉ સીમ. ચોમાસામાં નદીપૂર નિહાળવા, તો શિયાળામાં ઊગતી રહણીએ બેસી ઠંડી ઉડાડવા અને ઉનાળામાં રસ્તે જતાં-આવતાં વરઘોડાં જોવા સૌ આબાલ ગ્રામજનો મારા આંગણામાં જામતાં રહે.'' (પૃષ્ઠ:૧૯).

નિબંધસંગ્રહનો પહેલો નિબંધ છે, 'વાડ અને વેલી'. એમાંથી બે-એક વાક્યો લઈએ : ''બાપુજીના ખેડુજીવનની ખડકાળ વાસ્તવિકતાનો હું પ્રત્યક્ષ સાક્ષી. મારા બાપુજી વાડ કરવાના એક્કા.'' (પૃષ્ઠ : ૯). એ પછી, આ નિબંધમાં બાપુજી વાડ કઈ રીતે કરતા તે વસ્તુને શૈશવની સ્મૃતિને આધારે નિબંધકારે ઝીણી ઝીણી વીગતો ખચીને આલેખી છે કે નિરૂપણ દસ્તાવેજી રહીનેય આપણને સ્પર્શે છે. એમાં પાત્રો, સંવાદો સહજ રીતે આવે છે. વાડ કરવા માટે જે ખૂંટ જોઈએ તે રતનજ્યોતની વાત. તે રતનજ્યોત ખૂંટ કાળક્રમે વૃક્ષ થઈને મહોરે, વાડને શોભાવે અને મજબૂત કરે, પછી રતનજ્યોતના બીમાંથી સાબુ બને, તે દવાના કામમાં આવે એવી નિરૂપણા પછી કોકરવેલાની વાત અને એ બાદ નિબંધકાર વેલીની વાત પર આવે છે. વેલીનો આધાર વાડ પણ વાડનેય વેલી જે રીતે શણગારે છે, પોતાનો દેહ પાંદડાં-પુષ્પોથી મઢાવે છે તેનું નિરૂપણ સરસ છે. એમાં કુવૈચના વેલાની વાત આવે ને તેની ઔષધ તરીકેની ઓળખ પણ આલેખાઈ જાય. વળી વાડ પરથી લેખક વાડા પર આવે છે ને વાડાના જે અર્થો થાય તેના પર પણ થોડી કલમ ચલાવી છે. આખો નિબંધ વાંચી રહ્યા બાદ આપણે કીમતી અનુભવ પામીએ છીએ ને એને માણીએ પણ છીએ. આ નિબંધમાં દસ જેટલા તો અજાણ્યા શબ્દો આવે છે ને તેના અર્થ લેખકે વાચકોના લાભાર્થે આપ્યા છે.

'કોસવારો'માં કોસ બનાવવા-હાંકવાથી માંડીને તેની મરામતની, બળદ અને હાંકનાર સહિતની વાત લેખકે આલેખી છે. અહીં શૈશવની એક સ્મૃતિને લેખકે નિરૂપી છે : ''ખેતીના કામમાં મને જબરી હોંશ એટલે સવાર પડે ક્યારે ને કોસ ફરે ક્યારે એના વિચારોમાં ને વિચારોમાં હું ક્યારે ઊંઘી ગયો તે ખબર જ નહીં. પણ વહેલી સવારે અંધારે અંધારે અમારા બળદો ભચડક ભચડક ઘાસ ખાય. એના અવાજથી હું જાગી ગયો.'' (પૃષ્ઠ : ૨૧). અત્યારે કોસ નથી. ટ્રેક્ટરના આગળથી બળદના અસ્તિત્વ સામે પણ સવાલ પેદા થયા છે. એનું લેખકને દુઃખ છે. ભલે એ એમની અનુભૂતિ છે પણ સમય જતાં બદલાવ તો આવે જ. ગતિ વગર પ્રગતિ શક્ય નથી. પણ વીગત થયેલી બાબતોના સમયોપયોગી અંશોને સાચવી શકાય તેટલા તો સાહિત્યએ સાચવવા જોઈએ !

જેના પરથી સંગ્રહનું શીર્ષક કર્યું છે તે નિબંધ 'વાવણી' એ લેખકની લાક્ષણિક કૃતિ છે. વાવણી તો ખરા ઉનાળામાં લગનગાળો વીત્યા પછી આવે. વાવણી પહેલાં તો વાવણીની તૈયારીઓ થાય. નિબંધમાં એની ભૂમિકા રૂપે જેઠ સુધીમાં જે લગનગાળો આવે, ખાસ કરીને આદિવાસી સમાજનો, તેનું જીવંત નિરૂપણ લેખક કરે છે : ''આદિવાસી 'લોક'માંથી બૅન્ડવાજાંનાં ધાડાં સાથે કીડિયારાની જેમ રસ્તા પર ઊતરી આવતાં વરકન્યાનાં ફુલેકાં જોતાંવેંત હું તાનમાં આવી જતો. જાનૈયા અને જાનરડીઓથી ઊભરાતી ટ્રકો અને જીપોના આવનજાવનની રીતસર જામતી હોડને હું મારા ઠીક ઠીક ઊંચાઈએ આવેલા ઘરેથી નિહાળ્યા કરતો. એટલું જ નહીં, ચોમેરથી ઊઠતાં આદિવાસી લગ્નગીતોના મારા કાને અથડાતા પ્રલંબસૂરોને હું પીધા કરતો. સંભળાતા ગીતધ્વનિનો અર્થ પકડવા મથામણ પણ કરતો. પરંતુ અર્થ હાથવગો થાય એ પહેલાં તો આનંદની કિકિયારીઓ સાથે આવતા એ ગીતના હેલારાઓ મને ક્ષણભર રોમાંચિત કરી ક્યાંય ગિરિમાળાઓમાં સંતાઈ જતા !' (પૃષ્ઠ : ૨૫-૨૬). આ નિરૂપણ હજી આગળ ચાલે છે પણ આપણે અહીં તેને આટોપીશું. આટલા નિરૂપણ પરથીયે જોઈ શકાય છે કે નિબંધકારે તેમની વતનભૂમિ વિજયનગર પંથકનો, આદિવાસીબહુલ વિસ્તારનો, જીવનનો રસ લૂંટતો 'લોક' જીવંત રૂપે પ્રત્યક્ષ કર્યો છે. એ પછી આવે છે વાવણીનો સમયગાળો. વંટોળિયા, આંધી, વરસાદનાં ઝાપટાં અને પછી થાય છે ચોમાસાનાં મંડાણ. કન્યાઓના કંઠે રેલાતા ગીતની આ પંક્તિઓ સાંભળો :

**'બાઈ ગાજે ને ગરુડે બાઈ મહિનો ગણો રે,**
**બાઈ સાણણી આટલી વીજળી બાઈ મહિનો ગણો રે...'**
**(પૃષ્ઠ : ૨૭)**

વરસાદે ધરતીને બદલી, વાતાવરણ બદલ્યું અને લોક. મહેનતી ખેડુ સમાજનો લગભગ દરેક સભ્ય પહેલાં વાવણીની તૈયારી ને પછી વાવણીના કામે લાગી જાય છે. વાવણીની આ પ્રક્રિયા નિરૂપવા સાથે નિબંધકાર એ લોક, એ સમાજ અને પોતાના શૈશવસમયના જમાનાને આલેખનમાં જીવંત બનાવે છે. 'વાવણી' નિબંધ આખા સંગ્રહની પીઠિકા લેખે જોઈ શકાશે. નિબંધકાર જે જુએ છે અને જે જાણે છે તે તેમણે વીગતોની પસંદગી કરીને, સાદી એટલે બહુજન સમુદાયની લોકભાષાને વફાદાર રહીને આલેખ્યું છે. એમાં પ્રસંગો, સંવાદો બધું જ સમરસ થઈને આલેખાય છે. વાવણી તો ખરી જ, પણ એ નિમિત્તે એ વિસ્તારનો મહેનતમાં ખૂંપેલો ખડકાળ વાસ્તવિકતામાં પણ જીવતો. જીવનનો રસ લેતો એ લોક પણ આપણી સમક્ષ ખડો થઈ જાય છે.

'માટી અને હું' નિબંધમાં ચિંતનનિરૂપણા માટે બીજા સાહિત્યકારોનાં ને ચિંતકોનાં અવતરણો ટાંકવા માટે અવકાશ તો કમ નહોતો પણ નિબંધકાર પોતાની ચાલે ચાલ્યા છે. જુઓ : ''ખળું હોય કે ખેતર. અમારે તો ધૂળ સાથે જ પનારો. પગ આવ્યા ત્યારથી જ બા-બાપુજીની પાછળ પાછળ ખેતરની વાટ પકડેલી. બાપુજી હળ જોડે તો મને ચાનક ચડે. હળની પાછળ પાછળ હું પણ ધૂળઢેફાંમાં આથડતો ફરું.'' (પૃષ્ઠ : ૩૬). દીકરાની ખેતીકામની રુચિ બાપુજીને ગમે તો ખરી, પણ જમાનો એમનામાં પણ નવી ચેતના

લાવ્ય છે. તેને લીધે એમનામાં સમયની પરખ આવી છે, એટલે તો તેઓ દીકરાને કહે છે : ''બેટા, ધૂળ ખાઈ ખાઈને અમારો જન્મારો ગયો, ખેતીમાં ગધ્ધામજૂરી સિવાય કાંઈ જ બરકત નથી, તમે ભણો !'' (પૃષ્ઠ : ૩૭). જમાનો બદલાયો. લેખક પોતે પ્રાધ્યાપક બન્યા. શહેરમાં વસ્યા પણ પેલો શૈશવનો સંસ્કાર કેવો વજ્રલેપ થઈ ગયો છે ! નિબંધકાર લખે છે : ''(વતનનું) માટીનું ઘર વિખેરી સિમેન્ટ-કૉંક્રીટનું ઘર બનાવવાનું દબાણ પરિવારજનો વતી હદપાર વટાવી ગયું છે, પણ ઘર વિખેરવાની સંમતિ કેમેય કરીને મન આપતું નથી. બાનો પરસેવો તો હજુય એ લીંપણમાં અકબંધ છે એ નિહાળતાં જ મનમાં સર્વસુખસંપન્ન હોવાનો રોમાંચ-આનંદ ફરી વળે છે.'' (પૃષ્ઠ : ૩૯).

'ઢોલ', 'થાળીવાજું' અને 'પૂંછડિયું ધન' એ ત્રણ નિબંધોમાં પણ કૃષિજીવન અને ગ્રામીણજીવનની આલેખના જ જોવા મળે છે, જે એકદમ વાસ્તવિક હોવા છતાં અન્ય લેખકોની કલમથી જે અછૂતી રહી જતી રસક્ષમ વસ્તુને નિબંધકારે બરાબર પકડી છે.

'થાળીવાજું'માં નિબંધકારે લખ્યું છે કે, મોટેભાગે રાવળિયાઓ થાળીવાજું વગાડે જેમાં મુખ્યત્વે તો નાનો ઢોલ હોય, બે શરણાઈ, એક નાના નગારા જેવી કુડી (નાનું નગારું) અને એક થાળી હોય (એટલે આપણે જેમાં ખાઈએ તેવી નાના કદની થાળી પણ અહીં રાવળિયાવાજાને નિબંધકારે 'થાળીવાજું' કહ્યું છે. કદાચ ત્યાં આ રીતે ઓળખાતું-બોલાતું હશે ! ન જાને. પણ એ નિમિત્તે નિબંધકારે લગ્નનાં ગીતો, જાનડીઓ વગેરેથી લગ્નઅવસરની તમસાળ પાડી છે. એમાં રાવળિયા જ્ઞાતિની વાત પણ વિગતે આલેખાઈ છે. 'પૂંછડિયું ધન' એટલે પૂંછડાવાળું ધન, પશુધન. ગઈ પેઢીમાં તો ભેંસ સાથે બળદનું મહત્ત્વ કમ ન હતું. ભેંસ ન હોય તો દૂધ-છાશ ખાવા ન મળે ને બળદ ન હોય તો ખેતી ન થાય. અત્યારે દૂધપ્રાપ્તિ માટે ભેંસ-ગાયનું જે સ્થાન છે તેવું ત્યારે નહોતું, અત્યારે તો દૂધઉત્પાદનમાંયે 'માર્કેટિંગ' ભળ્યું છે. ત્યારે તો ભેંસ-બળદ કૃષિકાર પરિવારનાં સભ્ય જ હતાં. ભેંસને માંદગીમાં ઘણા ઉપાયે પણ ન બચાવી શકાઈ એ બિના કુટુંબમાં કેવો દુઃખદાયી માહોલ ખડો કરે છે એની વાત સાદી ભાષામાં અસરકારકતાથી નિરૂપાઈ છે. બાપુજીના શબ્દો ત્યારે આશ્વાસક નીવડે છે : ''આપણું અંજળ એની સાથે એટલું જ લખાયેલું હશે. આપણી લેણાદેણી પૂરી થઈ સમજો ! ને એ તો આવે ને જાય ચિંતા કર્યે શું થાય, એ તો પૂંછડિયું ધન કહેવાય !!!'' (પૃષ્ઠ : ૬૩). અભાનપણે સાહજિક રીતે જ વાક્યરચનામાં કેવી પ્રાસરચના આવી ગઈ છે !

'બાઈ અને-' નિબંધમાં બાઈ અર્થાત્ મા. એ નિમિત્તે સંયુક્ત પરિવારમાં સ્ત્રીવર્ગની હાલત અને એકબીજા સાથેના સંબંધમાં ઝરતી ચકમક અને સમાધાનની વાત વણાઈ છે. આ વહુવર્ગમાં ઉપરી તો છે આઈ, દાદી. હજી ગઈ પેઢીમાં ગામડાના ખેડૂતના સંયુક્ત કુટુંબમાં વહુઓને જે ઢસરડો કરવો પડતો તેનું નિરૂપણ નિબંધકારે હકીકતો વડે, વાતમાં મોણ નાખ્યા વગર કર્યું છે અને તે પણ સ્પર્શી જાય તેવું. નવજાત પાડરા સંદર્ભે પણ લેખકના શૈશવનું એક સરસ પાસું ઊઘડે છે.

'ફોઈબા' નિબંધનો ઉઘાડ જુઓ : ''ફોઈ વંટોળિયાની જેમ અચાનક અવારનવાર અમારા ઘરે આવી લાગતાં, તો ફોઈબા માવઠાની જેમ ક્યારેક.'' (પૃષ્ઠ : ૭૦). ફોઈબાને

આવકાર, આખા ગામના મહેમાન જેટલું તેમનું મહત્ત્વ અને પરિવાર વચ્ચે ફોઈબાનું સ્થાન એ બધું સરસ ઊપસ્યું છે. એમાં પરિવાર પણ ઊપસે છે ને તેની વચ્ચે ફોઈબા પણ. જુઓ : ''ફોઈબાના આવ્યાની જાણ બાજુના ગામે સાકરફોઈ તથા લાલીફોઈને થતી એટલે તેઓ તરત જ અમારા ઘરે આવી પહોંચતાં. ફોઈબાને ગળે વળગીને મળ્યાનો રાજીપો વ્યક્ત કરતાં. પછી તો બધાં ભાંડુઓ ત્રણ-ચાર દિવસ ભેગાં રહે. અમારા પરિવારના કોઈ પણ ઘરે ફરતો એમનો પડાવ હોય. શિયાળાની ઋતુ હોય તો ચૂલાની આસપાસ જ બધાં ગોઠવાતાં. અલકમલકની વાતો નીકળતી. ચૂલામાં ઉબાળો ભરાય ને ભડભડ તાપણું સળગે ને ખળભળ વાતો વહે ! મધરાત વીતી ચૂકી હોય. કૂકડો બોલ્યે સૌ આડાં પડે પથારીમાં !'' (પૃષ્ઠ : ૭૧-૭૨).

'જનરલ વૉર્ડ', 'શહાદત', 'પૈડું', 'सुखानि च दुःखानि च', 'છબિલાદાદા', 'જયંતસૌરભ' - જેવા નિબંધો તો આપણે ઉપર ચર્ચા કરી ગયા તે નિબંધોથી થોડા જુદા પડતા જણાશે ને જરા નબળા પણ. અહીં લાલિત્યની ઓછપ, ઉપરછલ્લી સામગ્રી, સ્થૂળ-સપાટ નિરૂપણ ને માહિતીના હારડા છે. 'પૈડું' નિબંધ પત્રનું રૂપ ધારણ કરે છે. 'सुखानि च दुःखानि च'માં નિબંધકારની કંઈક રસળતી કલમે આપવીતી ગવાઈ છે. 'છબિલાદાદા'માં શ્રદ્ધા-આસ્થા અને અંધશ્રદ્ધાની વાત કહેવાઈ છે. 'જયંતસૌરભ'માં જયંત પટેલ નામના પ્રેરણાદાયી અધ્યાપકના ગુણ-વ્યક્તિત્વને અંજલિ છે.

બધા જ નિબંધોમાં એક તાર પરોવાયેલો દેખાય છે તે વાસ્તવિકતાનો ને નિરૂપણની સચ્ચાઈનો. બિલકુલ સંકોચ વગર નિબંધકારે બોલાતી ભાષામાં અજાણ્યા પડે તેવા શબ્દોને પણ ભરપટ્ટે ઉપયોગમાં લીધા છે. એ શબ્દોના અર્થ પણ નિબંધોમાં ઉતાર્યા છે. 'વાવણી' નિબંધસંગ્રહમાં લેખકે પોતાની ભોમકાની, ઘણું કરીને શૈશવની અનુભૂતિને આલેખી છે. જમાનો બદલાય તેમ લોકજીવન પણ બદલાય છે. નિબંધકારે આ બદલાવને આલેખ્યો છે. તો, સાથે પોતાના વ્યક્તિત્વમાં આવી રહેલા બદલાવને બખૂબી આલેખે છે.

આ નિબંધસંગ્રહમાં દિનેશ પટેલિયાએ અનુભવ અને નિરૂપણની શૈલી તથા ભાષાની દૃષ્ટિએ નવી જમીન ખેડી છે તે તેમનું મહત્ત્વનું અર્પણ છે. આપણા નિબંધસ્વરૂપના વિકાસમાં તેની જરૂર નોંધ લેવાશે.

## પચાસમે પગથિયે... પરોઢ | અજય પાઠક

[**'પચાસમે પગથિયે'** : લેખક-યોગેશ ન. જોશી, પ્રકાશક-પોતે, પ્રાપ્તિસ્થાન-લટૂર પ્રકાશન તથા ગૂર્જર સાહિત્યભવન, પ્રથમ આવૃત્તિ-૨૦૧૮, દ્વિતીય આવૃત્તિ-૨૦૧૮, પૃ. ૧૦+૧૬૪, કિં. રૂ. ૨૦૦/-]

**'ભ**ળભાંખરું થયું છે, સૂરજ કદાચ ઊગે !' કવિશ્રી હરિકૃષ્ણ પાઠકની પંક્તિ છે. અવલોકનમાં કાવ્યપંક્તિ મૂકવાનો હું હિમાયતી નથી પરંતુ આ નવલકથાના કથનપ્રવાહમાં

ક્યારેક કાવ્યપંક્તિ મૂકે છે તેથી તેમની કાવ્યાભિરુચિનો ખ્યાલ આવે છે તે સંદર્ભે કાવ્યપંક્તિથી આરંભ. લેખકે 'પચાસમે પગથિયે' શીર્ષકની ઉપર ઇંગિત આપતા શબ્દો પ્રયોજ્યા છે : સૂર્યાસ્તે થયેલા સૂર્યોદયની સત્યકથા. આ શબ્દો સાભિપ્રાય છે. પ્રથમ આવૃત્તિની લેખકની પ્રસ્તાવનાનું શીર્ષક છે 'શબ્દમાં ઉકેલાતું જીવન'. તેમાં લેખક જણાવે છે : 'વાતને આત્મકથનાત્મક નવલકથા સ્વરૂપે વાચકો સામે રાખવાનું યોગ્ય લાગ્યું.' (પૃ.૪). લેખન અંગે આત્મવિશ્વાસ વધારવામાં કુટુંબીજનો ઉપરાંત ભાવનગર ગદ્યસભાના સભ્યોનો સક્રિય ફાળો છે. ૧૬/૦૨/૨૦૧૬ના રોજ આ કથાનું પહેલું પ્રકરણ ગદ્યસભા સમક્ષ વંચાયું. આપણે જાણીએ છીએ કે 'માય ડિયર જયુ' તથા સાથીદારો અહીં ગદ્યસર્જનની માવજત કરે છે. લગભગ એકાદ વરસનો લેખનોત્સવ રહ્યો. નવલકથાનું નામ શ્રી કલ્પના જિતેન્દ્રએ સૂચવ્યું અને શ્રી મહેન્દ્રસિંહ પરમારે અખબારમાં હપ્તાવાર પ્રસિદ્ધ કરવા સૂચન કર્યું. એ મુજબ 'ફૂલછાબ'માં કથા છપાઈ. પુસ્તકાકારે પ્રસિદ્ધ થયા બાદ ઝડપથી આવૃત્તિઓ થઈ. છ માસમાં બે આવૃત્તિ, આજે ત્રીજી આવૃત્તિ. (અવલોકનકાર આ તમામ બાબતોથી અજાણ-અસ્પૃષ્ટ. પોતાની તબિયતના કારણે.) જોગાનુજોગ એક તકે લેખકનો પરિચય થયો. વિગતો જાણી. મને થયું કે મેડિકલ સાયન્સના ચમત્કારની કથા, સ્વાનુભવની કથા : 'લાવ વાંચું.' નવલકથા વાંચી. કહે છે કે ૪૦/૫૦ વાચકો એવા મળ્યા છે જેમણે એકી બેઠકે આ કથા સજળ નેત્રે આસ્વાદી છે. મેં એકી બેઠકે તો નહિ, પણ સજળ નેત્રે જરૂર આસ્વાદી છે.

વાત લેખકના પોતાના 'કિડની ટ્રાન્સપ્લાન્ટ'ના સફળ અનુભવની છે. વાસ્તવિક અનુભવ અને હકીકતોને વણી લઈને ઉત્તમ કથનકૌશલ્ય દ્વારા સ્વાનુભવની કથાને સર્વાનુભવની કથાનું રૂપ આપ્યું છે. પચ્ચીસ પ્રકરણોમાં પથરાયેલી વાત આમ તો ટૂંકી ને ટચ છે. નાયક પરીક્ષિત અને નાયિકા (પત્ની) મૈત્રી જૂનાગઢથી અમદાવાદ કિડની હૉસ્પિટલમાં જવા ગાડીએ બેસે છે અને પચ્ચીસમા પ્રકરણમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાથી પાર પાડી અમદાવાદથી જૂનાગઢ પરત આવવા નીકળે છે એટલી છે. પ્રથમ પ્રકરણ અને અંતિમ પ્રકરણના આરંભને તથા કેટલાક અંશો જોઈએ.

પ્રકરણ-૧ : આરંભ : 'અમદાવાદ પહોંચતા પહેલાં મને કંઈ થઈ જાય તો તું હિંમત રાખજે.' જૂનાગઢથી અમદવાદ જતી જબલપુર ઍક્સપ્રેસના થ્રી ટિયર એસી કોચમાં સાઈડ બર્થ પર બેઠેલા પરીક્ષિતે મૈત્રીનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું... 'તમને કશુંય થવાનું નથી. હું છું ને ! તમે નાહકની ચિંતા કરો છો. મને ઈશ્વર પર ભરોસો છે. હું તમને સાજા-સારા જૂનાગઢ લાવીશ.' મૈત્રીના અવાજમાં આત્મવિશ્વાસ હતો; સાથે થોડી ચિંતા પણ. પરીક્ષિત જાણતો હતો કે મૃત્યુ તેનાથી કેટલું નજીક છે. કોઈ પણ પળે કંઈક અઘટિત બની શકે તેમ હતું. (પૃ. ૧).

પછીના ફકરામાં ટૂંકમાં પરીક્ષિતની તબિયત અંગેની રજૂઆતથી આખું ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. જોઈએ. 'પરીક્ષિતનું શરીર રોગથી ઘેરાઈ ગયું હતું. ચહેરો ફિક્કો થઈ ગયો હતો. માત્ર આંખો ફરતે નહીં, પણ આખા ચહેરા પર કાળાશ પથરાઈ ગઈ

હતી. નિસ્તેજ આંખો સ્પષ્ટ જોઈ પણ શકતી ન હતી. શરીરનું હલન-ચલન મહામુશ્કેલીથી થતું. બે ડગલાં ચાલતાં જ શરીર બેકાબૂ બની જતું અને આંખે અંધારાં આવી જતાં. શ્વાસ ફૂલી જતો.' (પૃ.૧) આવો પરીક્ષિત સાજો થાય છે.

પ્રકણરણ-૨૫ : અંત : 'બા, અમે કાલે સવારે સોમનાથ મેઇલમાં આવીએ છીએ. સાડાચાર-પાંચે પહોંચી જઈશું.' મૈત્રીએ બાને ફોન કર્યો. 'હેં ?!' બા આનંદવિભોર બની ગયાં. આંખોમાં ચમક આવી ગઈ. મોબાઇલ એમના હાથમાં એમ જ રહી ગયો. શબ્દો ગળામાં અટવાઈ ગયા. 'બહુ સરસ લ્યો ! ડૉક્ટરે રજા આપી, આટલી લાંબી મુસાફરીની ?' થોડી વારે કળ વળતાં એમણે પૂછ્યું. 'હા, બા, ડૉક્ટરે રજા આપી છે. તમે ચિંતા ન કરશો.' મૈત્રીએ ફોન મૂક્યો. એને આજે ખૂબ કામ હતું. આ સંવાદની વચ્ચે લેખકે સાત લીટીમાં બા વિશે લખીને પોતાના કૌટુંબિક સંદર્ભને માર્મિક રીતે મૂકી આપ્યો છે. બાનું ચિત્ર તો ખરું જ. 'નંદિનીનાં લગ્ન પછી ઘેર એ સાવ એકલાં જ પડી ગયાં હતાં. જોકે જિંદગીમાં ઘણાં વરસો એ એકલાં જ રહ્યાં હતાં. બે સંતાનોમાંથી એમણે દીકરી તો ગુમાવી દીધી હતી. માત્ર છેંતાલીસ વરસની ઉંમરે કેન્સરની બીમારીમાં દીકરી કુમુદે માના ખોળામાં પ્રાણ છોડી દીધા હતા. પતિ અને પુત્રી ચાલ્યાં ગયાં પછી એમનું મન આળું થઈ ગયું હતું. એમને દીકરાની સતત ચિંતા રહેતી અને એટલે જ આ વખતની એકલતા એમને બહુ વસમી લાગતી હતી.' (પૃ. ૧૫૧).

જૂનાગઢનું સ્ટેશન આવે છે. વહેલી સવાર છે. અનન્ય, દીકરો ગાડી લઈને તેડવા આવ્યો છે. પૃ.૧૫૪ પરનું નિરૂપણ જોઈએ. 'પરીક્ષિતનું ધ્યાન ગિરનાર તરફ હતું. કોઈ અકળ બળ એને એ તરફ ખેંચી રહ્યું હતું. 'મૈત્રી... અનન્ય... સાંભળો.' આગળ ચાલ્યાં જતાં એ બંને ઊભાં રહી ગયાં. 'બોલો, પપ્પા.' અનન્યે સામાન નીચે મૂક્યો. મને થાય છે આપણે ભવનાથ દર્શન કરતાં જઈએ તો ?' 'માત્ર ભવનાથ જ કે પછી ઉપર પણ... પચાસમે પગથિયે...?' મૈત્રી હસી. 'હા, ત્યાં પણ... સાચું કહું તો ત્યાં જ.' પરીક્ષિત હસ્યો. 'ઘરે બા રાહ જોતાં હશે. હંમેશની જેમ બહારનો દરવાજો પકડીને એ ફળિયામાં ઊભાં હશે, રસ્તા પર નજર પાથરીને.' (પૃ.૧૫૪).

ફોન પર બા સાથે વાત કરે છે. આવી ગયાના સમાચાર આપે છે. ત્યારે... 'પહોંચી ગયાં, બેટા ! બહુ સારું. પણ એક કામ કરો ને !' 'શું બા ?' 'અત્યારે બ્રાહ્મમુહૂર્ત છે. મંગળા આરતીનું ટાણું. ભવનાથ દર્શન કરીને આવો તો ? જો થાક્યાં ન હો તો.' લેખક લખે છે. 'માએ આટલે દૂરથી એનું મન વાંચી લીધું હતું. વગર માગ્યે આપવાની માની કાયમની આદત હતી. પરીક્ષિત ભાવવિભોર થઈ ગયો.' (પૃ.૧૫૪).

ભવનાથ દર્શન કર્યાં અને ત્રણેય ગિરનારના પહેલે પગથિયે પહોંચ્યાં. દીકરા અનન્યએ ગાડીમાં બેસી રહેવાનું અને મમ્મી-પપ્પાને ચડવા જવા દેવાનું પસંદ કર્યું. 'પરીક્ષિતે ઉપર જોયું. પરોઢનો ધૂંધળો પ્રકાશ અને આછેરી ઠંડી ગિરનારના દૈવતમાં વધારો કરતાં હતાં. પક્ષીઓનો કલરવ અને પવનથી ડોલતી ડાળીઓનો ધ્વનિ નરસિંહનાં પ્રભાતિયાંની યાદ અપાવતા હતા. પરીક્ષિત ઉતાવળો થયો. એ પગથિયાં ચડવા લાગ્યો.

એની નજર પચાસમે પગથિયે હતી. એના મનમાં વિચાર ઝબકી ગયો. ઉંમરના લગભગ પચાસમે વરસે જીવનમાં કેવો પડાવ આવ્યો ? એ પડાવે એની દૃષ્ટિ બદલી નાખી. હારીને ફરી જીતી લીધેલી આ જિંદગી આવી સુંદર તો ક્યારેય નહોતી !... 'હં... હં... ઊભા રહો, હું આવું છું.' મૈત્રીએ ઝડપથી ચાલવું પડ્યું. બંને પચાસમે પગથિયે પહોંચ્યાં. અહીં પગ મૂકતાં જ પરીક્ષિત અને મૈત્રીની આંખો છલકાઈ ગઈ. હૈયું આનંદથી ભરાઈ ગયું. બંને મૌન થઈ ગયાં. બાંકડાઓની વચ્ચે ઊભા રહી એ ચારે તરફ ફેલાયેલા આ જુગજૂના જોગીના ઐશ્વર્યને માણી રહ્યાં. સીસમનાં ઊંચાં ઝાડ, વહેતી હવા સાથે ફફડતાં પાંદડાંઓનો અવાજ, અહીંથી તહીં ઊડતાં પંખીઓ, ક્યાંક દેખાતી અને ક્યાંક અદૃશ્ય થઈ જતી પગથિયાંની હારમાળા, પર્વતમાંથી ઊગી નીકળતાં હોય એવાં દેરાં અને મંદિરો, રાણકદેવીની વિનંતીએ ઝળૂંબતા કાળમીંઢ પથ્થરો અને નીચે તરફ વહેતાં નમણાં ઝરણાં. બહુ વ્હાલો લાગે એવું રૂપ ધરીને બેઠો હતો ગિરનાર !... મૈત્રીએ અંબાજીની ટૂંક તરફ આંગળી ચીંધી હતી. પરીક્ષિતે એ તરફ જોયું. મૈત્રીની વિસ્મયભરી નજર ઉગમણી દિશામાં આવેલા મા અંબાના મંદિર તરફ હતી. આકાશના એક ટુકડાએ માના કંકુ જેવો રતુંબડો રંગ ધારણ કર્યો હતો. ભૂરા આકાશમાં પથરાયેલો આ રંગ મનને ભરી દે એવો હતો. બંને આ અલૌકિક દૃશ્ય જોઈ રહ્યાં. થોડી વારે એ લાલાશને ચીરીને સૂર્ય ઉદય પામ્યો. (પૃ.૧૫૫).

આ રીતે ગિરનારના પચાસમા પગથિયે યુવાનીમાં પ્રેમગોષ્ઠી કરી હશે તે જગ્યાએ નવા જન્મની વહેલી સવારે પરીક્ષિત-મૈત્રી જાય છે. નવલકથાને 'પચાસમે પગથિયે' શીર્ષક આપ્યા પછી એક ઉપ-શીર્ષક લેખક આપે છે. સૂર્યાસ્તે થયેલા સૂર્યોદયની સત્યકથા. બંને કિડની ફેઈલ થયા પછી હાથવેંત દેખાતા મૃત્યુના મુખમાંથી મૈત્રીની શ્રદ્ધા એવં સહાયથી પરીક્ષિત નવો જન્મ પામે છે. જન્મસ્થળ કિડની હૉસ્પિટલ, અમદાવાદ છે. ડૉ. શ્રી એચ. એલ. ત્રિવેદીસાહેબ, કવિશ્રી માધવ રામાનુજ, પોતાનાં કુટુંબીજનો તથા હૉસ્પિટલના માહોલમાં પ્રાપ્ત પડોશી-દર્દીઓ વગેરેનાં પાત્રો, પ્રસંગોના સંયમપૂર્ણ બારીક કથન/વર્ણન દ્વારા ઉપરોક્ત બે પ્રકાર ઉપરાંત ત્રેવીસ પ્રકરણોમાં ટૂંકી વાતને સરસ રીતે આકારબદ્ધ કરી છે. બહોળો વાચકવર્ગ આ સંવેદનકથાને પ્રાપ્ત થયો છે. મોડે મોડે હુંય તેમાં ભળ્યો. સર્વશ્રી માધવ રામાનુજ, માય ડિયર જયુ, વિનોદ જોશી, કિરીટ દૂધાત, બકુલ દવે, સુમંત રાવલ વગેરેએ શ્રી યોગેશ જોશીના આ ગદ્યસર્જનને વિવિધ કારણો આપીને બિરદાવ્યું છે. તે સૌ કારણોને એક વાક્યમાં સમાવી મારો તેમનામાં સૂર પુરાવું છું – 'કથનકલાનો વિજય'. વિજયરાય વૈદ્ય હયાત હોત તો આ શબ્દપ્રયોગ કરત. લેખક પાસે કથનકૌશલ છે તેમ સપ્રમાણ આકૃતિનિર્માણની સૂઝ છે. તે માટે જરૂરી શબ્દ-સંયમના તે સ્વામી છે. તેથી તે ગદ્યસર્જનના કસબી કલાકાર છે.

❑

# સાહિત્યવૃત્ત

**સંકલન : પરીક્ષિત જોશી**

જૈનાચાર્ય પૂ. રાજ્યશસૂરીશ્વરજી મ.સા.ના ૭૫મા જન્મજયંતી વર્ષ નિમિત્તે ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન અંતર્ગત સંયોજક શ્રી પિનાકી મેઘાણી આયોજિત ‘અહિંસા નિબંધ સ્પર્ધા’માં ‘પશુબલિ નિવારણ’ નિબંધ માટે ડૉ. જયંતીલાલ કે. ઉમરેઠિયાને પ્રથમ રૂ. ૨૧૦૦૦નું ઇનામ મળ્યું છે. દ્વિતીય ઇનામ ડૉ. બોસ્કી અમીન મોરબિયાને ‘ભ્રૂણહત્યા વિરોધ’ નિબંધ માટે અને તૃતીય ઇનામ ઝલક એન. મિસ્ત્રીને પણ ‘ભ્રૂણહત્યા વિરોધ’ નિબંધ માટે મળ્યું છે. પ્રોત્સાહન ઇનામ પાંચ લેખકોને મળ્યાં છે જેમાં દીક્ષા સાવલા, ગિરિમા ઘારેખાન, જિજ્ઞાસુ દક્ષિણી, મનીષ ભલાળા અને યોગેશ ભટ્ટનો સમાવેશ થાય છે. જ્યારે મનસુખ સલ્લા, ભૂપેન્દ્ર પંચાલ, મહેશ દાફડા, અર્જુનસિંહ રાઉલજી ઉપરાંત અન્ય એવા ૧૦૦ લેખકોને આશ્વાસન ઇનામ પણ જાહેર કરવામાં આવ્યાં છે.

## સિતાંશુ યશશ્ચન્દ્રનાં ઑનલાઇન વ્યાખ્યાનો

તા. ૧૮-૮-૨૦૨૦ને બુધવારના રોજ સાંજે ૬ થી ૭.૩૦ વાગે ‘Multiculturalism & Literature’ વિષય પર શ્રી ભીખુ પારેખ, શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર (પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ) અને શ્રી રિઝીઓ યોહાનાએ ઑનલાઇન વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૨૩-૮-૨૦૨૦ના રોજ શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર અને શ્રી સુબોધ સરકારે FB Page ‘ભાષાનગર’ના ઑનલાઇન માધ્યમથી સાહિત્યસંદર્ભની જાહેર ચર્ચા કરી હતી.

## નિબંધ અને કાવ્યપાઠ

તા. ૩૦-૭-૨૦૨૦ના રોજ સાહિત્ય સંસદ, મુંબઈના ઉપક્રમે સોશ્યલ ફેસબુક દ્વારા પ્રસારિત કાર્યક્રમમાં શ્રી ધર્મેશ ભટ્ટે પોતાના નિબંધ અને કાવ્યનો પાઠ કર્યો હતો.

## કવિ શ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે

તા. ૧૯ જુલાઈના રોજ સાંજે પાંચ વાગે ગુજરાતી ભાષાના પહેલા જ્ઞાનપીઠ-વિજેતા કવિ શ્રી ઉમાશંકર જોશીના જન્મદિવસ નિમિત્તે લાલુભા ચૌહાણે કાવ્યપઠન અને પ્રકાશ ન. શાહ તથા ડૉ. ભરત મહેતાએ પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં. બપોરે ૩.૫૦ના સમયે ઉમાશંકર જોશી સાથે અવિનાશ વ્યાસને સંગીતમય સ્મરણાંજલીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેશુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં રમેશ તન્નાના પ્રાસ્તાવિક પછી પ્રહર-સંપદા વોરા અને ઋષભ કાપડિયાએ ગીતગાન કર્યું હતું.

## રમેશ આચાર્યનું કાવ્યવિશ્વ

તા.૧૯ જુલાઈના રોજ કવિ શ્રી રમેશ આચાર્યના કાવ્યસંગ્રહો ‘ક્રમશઃ’-થી ‘ડોકે

ચાવી બાંધેલ કાગડો' નિમિત્તે કવિવિવેચક શ્રી સમીર ભટ્ટે કવિના કાવ્યવિશ્વનો પરિચય કરાવ્યો હતો.

## 'અનાહતા'નું નાટ્યરૂપાંતર

તા.૧૮ જુલાઈ ૨૦૨૦ શનિવારના રોજ વિશ્વકોશભવન ખાતે શ્રી કુમારપાળ દેસાઈની બૃહદ્ નવલકથા 'અનાહતા'નું અધ્યાપક નાટ્યકાર કમલ જોશી દ્વારા કરાયેલા નવતર નાટ્યરૂપાંતર 'કર્ણ-કુંતી'નું ઑનલાઇન પ્રસારણ થયું હતું. જેમાં ગીત અરવિંદ બારોટે, એકોક્તિ પ્રજ્ઞાચક્ષુ દિવ્યા ચૌબિસાએ, અભિનય કમલ જોશી-દેવાંશી જોશીએ અને પ્રાસ્તાવિક જશુભાઈ કવિએ રજૂ કર્યાં હતાં. કુમારો અને કિશોરોની જ્ઞાનકસોટી કરતી બાળવિશ્વકોશ આધારિત પ્રશ્નાવલિ ગુજરાત વિશ્વકોશ તરફથી દર શનિ-રવિ ઑનલાઇન મૂકવામાં આવે છે. જેમાં જવાબો આપ્યા પછી તરત જ પરિણામ પણ જોવા મળી શકે છે. ગુજરાત વિશ્વકોશ તરફથી રોજેરોજ વિશ્વકોશ વિશેષ પુરવણી સ્વરૂપે ઇતિહાસમાં આજ, આજનો વિચાર, ગુજરાત વિશ્વકોશનું અધિકરણ, પ્રસંગમાધુરી અને ચાલો બાળકો કરીએ આનંદવિહાર એવા વિભાગો રજૂ કરવામાં આવે છે.

## ઑનલાઇન જલસાગોષ્ઠી

તા.૧૬ જુલાઈના રોજ મ્યુઝિયોવિઝન પશ્ચિમ ભારત વર્તુળના ઉપક્રમે યોજાયેલી જલસાગોષ્ઠીમાં કવિ સર્વશ્રી તુષાર શુક્લ, ઉદયન ઠક્કર, કૃષ્ણ દવે, રઈશ મણિયાર, ગૌરાંગ ઠાકર, હિતેન આનંદપરાએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. સંચાલન પ્રા. હસિત મહેતાએ કર્યું હતું.

## કર્મણ્યમાં ચલો વાતો કરીએ

તા. ૯ જુલાઈના રોજ કર્મણ્ય કાર્યક્રમમાં કવિ-ગીત-ગઝલકાર શ્રી અનિલ ચાવડાએ પોતાની શૈલીમાં માંડીને વાત કરી હતી.

## ભારતીય સાહિત્ય વિશે યુવા આયામ આયોજિત 'વિમર્શ'

તા. ૬ જુલાઈ ૨૦૨૦ને સોમવારના રોજ સાંજે ૭ વાગે, અખિલ ભારતીય સાહિત્ય પરિષદ, વલસાડ એકમ યુવા આયામ આયોજિત કવિ ઉશનસ્-શતાબ્દી વંદનામાં ઉશનસ્‌નાં પ્રણયભાવનાં કાવ્યોના આસ્વાદલક્ષી ઉપક્રમે ડૉ. ચેતના પાણેરીનું ઑનલાઇન વ્યાખ્યાન થયું હતું. આ પહેલાં તા. ૨૮ જૂન ૨૦૨૦ના રોજ સાંજે ૭ વાગે અખિલ ભારતીય સાહિત્ય પરિષદ યુવા આયામ આયોજિત 'વિમર્શ' અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલનું 'નિબંધ અને મારા નિબંધ'ના વાચન પર ઑનલાઇન વ્યાખ્યાન યોજાયું હતું. અગાઉ આ શ્રેણીમાં તા. ૧૫ એપ્રિલે શ્રી ચંદ્રેશ મકવાણા, તા. ૧૬ એપ્રિલે શ્રી રામ મોરી, તા.૨૨ એપ્રિલના રોજ હાસ્યકાર રમેશ ચાંપાનેરી, તા. ૨૬ એપ્રિલે શ્રી પીયૂષ ચાવડા અને તા. ૧૫ મે ૨૦૨૦ના રોજ બાળસાહિત્યકાર કિરીટ ગોસ્વામી જેવા સાહિત્યકારો ઑનલાઇન વ્યાખ્યાન આપી ચૂક્યા છે. ❑

# આવરણચિત્ર : સંદર્ભનોંધ

**સંકલન અને પ્રસ્તુતિ : પીયૂષ ઠક્કર**

ચિત્રકાર : બિનોય પી. જે. (જન્મ ૨૭ જૂન ૧૯૬૭, કોટ્ટાયમ, કેરળ)
ચિત્રનું શીર્ષક : શીર્ષક નથી
માધ્યમ : રંગીન કાગળ અને શાહી
માપ : ૧૪ × ૧૦ ઇંચ ● વર્ષ : ૨૦૨૦

કવિ, કળાવિવેચક, અનુવાદક અને કળાકાર બિનોય પી. જે. મૂળે કેરળના વતની છે. રાહુલ સાંકૃત્યાયન જેને ઘુમક્કડ કહે છે કે યાયાવર તરીકે ઓળખાયેલા હિન્દી કવિ નાગાર્જુન જેવા આપણી વચ્ચેથી ઝડપથી લુપ્ત થઈ રહેલી પ્રજાતિમાંના તેઓ એક વિરલ પ્રવાસી છે. બહુભાષાઓ, બહુસંસ્કૃતિઓ અને બહુકળાઓનો વિરલ સંગમ એમનામાં જોવા મળે છે. કેરળનું પોતાનું ઘરબાર મૂકીને તેઓ મહિનાઓ સુધી ઘુમક્કડી કરતા રહે છે. ગુજરાત, રાજસ્થાન, દિલ્લી, હિમાચલ અને મુંબઈ એમ યાત્રાઓની અટપટી રેખાઓ આંકતા તેઓ ક્યારે કેરળ પહોંચશે તે કહેવાય નહીં. યાત્રાઓમાં ચાર બાબતો એમને મન ખપની : જગતને નીરખવા આંખ, તરેહવિધ ભાષાલયોને સાંભળવા કાન, ચાલવાને પગ અને ચિત્ર કરવાને હાથ. બોલવાનું તો આમેય એ ઓછું પસંદ કરે છે. કદાચ એટલે જ એમના એક કળાપ્રદર્શનનું શીર્ષક રાખેલું : અગમ્ય સંદેશા લાવનારું બાજ પંખી !

કેવુંક છે આ કવિ-ચિત્રકારનું બાજ પંખી ? મિથકોમાંથી ઊડી આવતું, સત્તા અને અધ્યાત્મના સીમાડાઓ ઓળંગતું, પંખીઘરમાં કપાયેલી પાંખે ટળવળતું, લોક અને પરલોકની અર્થછાયાઓમાં સબળતું આપણી વચ્ચે છે છતાં દૂર ઉપર આભમાં જોજનો દૂરનાં એનાં ઉડ્ડયન છે. આ બાજ પંખી સતત ઝીણી નજરે આપણને જુએ છે. ક્ષણેકમાં તરાપ મારે છે અને ક્ષણ પછી ફરી પાછું સેલ્લારા લે છે, આભની મધ્યે અધ્ધર. એ સંદેશા લાવે છે – કેવા છે, આ સંદેશા ? એ માટે બીનોયનો સંપર્ક કરવો રહ્યો.

બિનોયની ઓળખાણમાં બીજી બે-એક વાત. બિનોય વડોદરાની વિખ્યાત ફાઇન આર્ટ્સ ફેકલ્ટીના પૂર્વ વિદ્યાર્થી છે. પોતે દ્વિભાષી કવિ છે. મલયાલમ અને અંગ્રેજીમાં કાવ્યો રચે છે. બન્ને ભાષાઓમાં એમના કાવ્યસંગ્રહો ઉપલબ્ધ છે. મલયાલમમાં ટૂંકીવાર્તાનો એક સંગ્રહ પણ એમણે આપ્યો છે. કળાવિવેચનને લગતું એક પુસ્તક કેરળની લલિત કળા અકાદેમી તરફથી પ્રકાશિત થયું છે. ટોની મૉરિસન, માયા એન્જેલુ, બેલ હૂક્સ જેવાં પ્રતિષ્ઠિત લેખકોનાં લખાણોનો મલયાલમમાં અનુવાદ એમણે કર્યો છે. તદુપરાંત કેટલાંક મલયાલમ કવિઓના એમણે અંગ્રેજીમાં અનુવાદ પણ આપ્યા છે.

આવરણચિત્ર : બિનોયની ચિત્રકળાનું જરા જુદું પ્રતિનિધિત્વ કરતું આ ચિત્ર છે.

ઘેરા – વિષાદી રંગોને બદલે હળવા પોસ્ટલ રંગોની સપાટ કતરણોથી રચાયેલું આ કૉલાજ છે. આકારો અને અવકાશી ભ્રમણા છે. ક્યાંક આકારને ઉપસાવવા – આકારિત કરવા ક્વચિત્ રેખાઓથી કામ લીધું છે. પંખી છે, માણસો છે, પડછાયા છે અને સર્વને સાંકળતો મુક્ત મોકળો શ્વેત અવકાશ છે.

તો ચાલો નિરખીએ ચિત્રના એક પંખીની નજરે આપણું જગત...

ચિત્રકારનું સરનામું : Benoy P. J., Paruthandarayil, P. O. Muttambalam, Kottayam, Kerala 686 004. Mob. 9495874534

❑

## સાભાર સ્વીકાર

### કવિતા

**કાવ્યમંત્ર,** લાલજી કાનપરિયા, ૨૦૧૯, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પૃ. ૧૨૮, રૂ. ૧૫૦ **વૈવિધ્ય,** કેતન કેબગપરિયા, ૨૦૧૯, મોમાઈ નિવાસ, કરણપરા, શેરી નં. ૩, રાજકોટ, પૃ. ૧૨૮, રૂ. ૧૫૦, **યાદ તો આવે જ ને !,** ભરત ભટ્ટ, ૨૦૧૯, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, પૃ. ૧૨૮, રૂ. ૧૫૦, **ગિરાનિર્ઝરી,** જાગ્રત વ્યાસ, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૧૦ + ૧૪૬, રૂ. ૨૦૦ **સાચવેલી ક્ષણો,** આકાશ ઠક્કર, ૨૦૧૯, રન્નાદે પ્રકાશન,અમદાવાદ ૨૦ + ૧૭૬, રૂ. ૧૯૫ **શું સમજે છે એના મનમાં,** હેમા ઉદય મહેતા, ૨૦૧૯, એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ, ૧૬ + ૧૦૩, રૂ. ૧૫૦, **વ્હાલનો વિજોગ,** ભક્તકવિ ‘ઊર્મિલ’, ૨૦૧૯, રન્નાદે પ્રકાશન,અમદાવાદ ૧૫ + ૪૦, રૂ. ૫૫ **તમે જ કહો,** રશ્મિ શાહ, ૨૦૧૯, રન્નાદે પ્રકાશન,અમદાવાદ **ગુલમોરની મોસમ,** વિરંચિ ત્રિવેદી, ૨૦૧૯, રન્નાદે પ્રકાશન,અમદાવાદ, ૩૬ + ૧૦૦, રૂ. ૧૩ ૫**સંધ્યા ટાણું,** ભૂપેન્દ્ર પંડ્યા, ૨૦૧૮, સરદારનગર, ભાવનગર, પૃ. ૮૦, રૂ. ૯૦ **લેલિન,** કેશુભાઈ પટેલ, ૨૦૧૯, નિખાલસ પબ્લિકેશન, મહેસાણા, પૃ. ૮૮, રૂ. ૧૬૦ **હું પણ જીવું તું પણ જીવે,** માસૂમ મોડાસવી, ૨૦૧૯, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, પૃ. ૯૬, રૂ. ૧૫૦ **સ્પંદન,** પુષ્પા શાહ, ૨૦૧૯, ‘પુષ્પક’, નિર્મલસિંહની વાડી, ભાનુશાળીનગર, ભૂજ, પૃ. ૬૪, રૂ. ૫૦ **અક્ષર છે આકાર,** યજ્ઞેશ દવે, ૨૦૨૦, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૪૪, રૂ. ૨૦૦ **ગાંધી ગુજરાતી કવિતામાં,** સંપા. રાજેન્દ્ર પટેલ, ૨૦૧૯, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, ૧૨ + ૯૨, રૂ. ૧૨૦

# આ અંકના લેખકો

| | | |
|---|---|---|
| અજય પાઠક | : | પ્લૉટ નં. ૪૩૨, એ/૧, તપોવન, જૂના એરોડ્રામ રોડ, ભાવનગર-૩૬૪૦૦૦૧ |
| ઉત્પલ પટેલ | : | 'કવચ', ૧૩, રામેશ્વર સોસાયટી, મહાવીરનગર વિસ્તાર, હિંમતનગર-૩૮૨૦૦૯ |
| ચંદ્રકાન્ત શેઠ | : | બી/૯, પૂર્ણેશ્વર ફ્લૅટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| દક્ષા પટેલ | : | ૭૮, નિહારિકા બંગલો, હિંમતલાલ પાર્ક પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| દક્ષા વ્યાસ | : | કોટ, મુ. વ્યારા-૩૯૪૬૫૦ |
| દર્શિની દાદાવાલા | : | 'અનુગ્રહ', ૪૦૩, ટાવર પી, શિવાલી લક્ઝુરિયા, બકેરી સ્વરા સામે, વડોદરા-૩૯૦૦૨૦ |
| દિલીપ જોશી | : | ૨, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| ધીરેન્દ્ર મહેતા | : | જીવનછાયા, હૉસ્પિટલ રોડ, દીનદયાળ માર્ગ, ભૂજ-૩૭૦૦૦૧ |
| નરોત્તમ પલાણ | : | 'દર્શન', ૩, વાડી પ્લૉટ, પોરબંદર-૩૬૦૫૭૫ |
| પરીક્ષિત જોશી | : | ૬, તપસ્વી જલારામ સોસાયટી, જ્ઞાનદા બસસ્ટૅન્ડ પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧ |
| પીયૂષ ઠક્કર | : | ૯૦૩, યોગીસૃષ્ટિ એપાર્ટ., વહાણવટી માતા મંદિર પાસે, ઓઢવપુરા, ઈલોરા પાર્ક, વડોદરા-૩૯૦૦૨૩ |
| પ્રતિષ્ઠા પંડ્યા | : | 'પાર્વતી', અમરકલા ફ્લૅટ સામે, આઝાદ સોસાયટી પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| ભરત દવે | : | બી/૭૦૩, રૂદ્રપ્રયાગ ફ્લૅટ, હોટલ મેરિયૉટ પાછળ, રામદેવનગર, સૅટેલાઇટ, અમદાવાદ |
| મનીષ પરમાર | : | મુ. વાવડી (ગઢ), ધરોઈ કૉલોની, જિ. મહેસાણા-૩૮૪૩૬૦ |
| મંગળ રાવળ | : | મુ.પો. અંબાલા, તા. બહુચરાજી, જિ. મહેસાણા-૩૮૪૪૧૫ |
| રમણ સોની | : | ૧૮, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂના પાદરા માર્ગ, વડોદરા-૩૯૦૦૦૬ |
| રમેશ આચાર્ય | : | 'કવિતા', ૧૦, અંકુર સોસાયટી, નવા જંક્શન માર્ગ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧ |
| રવીન્દ્ર પારેખ | : | ૧, યુનિયનધારા, મોદી બંગલા, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૭ |
| વિજય પંડ્યા | : | ૧૧/એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટ્યૂબવેલનો ખાંચો, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮ |
| Vinesh Antani | : | Vill No. 225, Richmond Villas, Second Phase, Suncity, Bandalaguda, Jageer, Hyderabad-500086. |
| વિનોદ જોશી | : | 'પ્રયાગ', ૩૨, શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સિતાંશુ યશશ્ચન્દ્ર | : | ૩૦૨, ટાવર બી, શ્રવણ રેસિડેન્સી, 'કૉસ્મિક' ઍન્ક્લેવ, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ |
| હર્ષદ દવે | : | 'ગાયત્રી', યોગીનિકેતન પ્લૉટ, નિર્મલ કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭ |
| Sejal Shah | : | 10/B, 702, Alica Nagar, Lokhandwala Complex, Akurli, Kandivali (East), Mumbai-400101 |
| હર્ષ બ્રહ્મભટ્ટ | : | ૭૪/૯, જગાભાઈ પાર્ક, રામબાગ ચાર રસ્તા પાસે, મણિનગર |
| હેમંત ધોરડા | : | ૫, યશવંતનગર, પહેલે માળ, શોપર્સ સ્ટૉપ સામે, એસ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૮ |

# કોરોના અને લોકડાઉનથી કંટાળેલા સાહિત્યપ્રેમીઓ માટે પ્રકાશિત, વર્ષ ૨૦૨૦નાં

## વૈવિધ્ય અને તાજગી-સભર પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| બત્રીસ પૂતળીની વેદના | નવલકથા | ઈલા આરબ મહેતા | 170 |
| વિચારોનો ગુલદસ્તો | પ્રેરક લેખો | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| નારીવાદી વિચારણા | પ્રેરક લેખો | ઈલા આરબ મહેતા | 140 |
| રણ, જણજણનું | નિબંધો | ધીરેન્દ્રમહેતા | 150 |
| જૈન ધર્મ વિશેની ગેરસમજ અને જિજ્ઞાસા | અધ્યાત્મસાહિત્ય | રોહિત શાહ | 90 |
| વરસે ધરતી, ભીંજે આસમાન | અધ્યાત્મસાહિત્ય | ડૉ. નાથાલાલ ગોહિલ | 200 |
| આપણી બોધકથાઓ | દૃષ્ટાંતકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 225 |
| આવકારો મીઠો આપજે | કાવ્યો | સંપા. અરવિંદ બારોટ | 200 |
| મયણા-શ્રીપાળ | ચરિત્રકથા | આ. રાજશેખરસૂરિ | 80 |
| વજ્રસ્વામી | ચરિત્રકથા | આ. રાજશેખરસૂરિ | 80 |
| વ્યક્તિવિશેષ | ચરિત્રકથા | ઈશ્વર પ્રજાપતિ | 140 |
| વિશ્વાસનું એવરેસ્ટ | આત્મકથા | અરુણિમા સિન્હા, અનુ. સુધા મહેતા | 70 |
| અમારી અધૂરી નર્મદા પરિક્રમા | પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| અરવલ્લીની અસ્મિતા | પ્રવાસ | ઈશ્વર પ્રજાપતિ | 140 |
| Yoga and Health | યોગ વિષયક | Swami Adhyatmanand | 300 |
| મહાત્મા ગાંધી સાથે સંવાદ | પ્રશ્નોત્તર | સંપા. પ્રભાકર ખમાર | 100 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

■ ફોન : 22144663, 22149660 ફેક્સ : *22144663*

■ ઇ-મેઇલ : *goorjar@yahoo.com*

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન :** 102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15.
ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com

## રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

# નવલિકા-વાર્તાસંગ્રહો

## હરીશ નાગ્રેચા

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| એક ક્ષણનો ઉન્માદ | ૧૩૫.૦૦ |
| હેલો, સૂર્યા! | ૧૦૫.૦૦ |
| અને છતાં પણ | ૧૦૨.૦૦ |

## માવજી કે. સાવલા

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| મુગ્ધ અબોધ પ્રેમની અનોખી દાસ્તાન (અનુવાદિત વાર્તાસંગ્રહ) | ૨૦૦.૦૦ |
| સ્વપ્ન : એક બુદ્ધુનું (દોસ્તોયવ્સ્કીની The Dream of a Ridiculous Manનો OLGA SHARTSE દ્વારા અંગ્રેજીમાં અનૂદિત થયેલ વાર્તાનો ગુજરાતી અનુવાદ) | ૩૫.૦૦ |

## મહેશ યાજ્ઞિક

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| મહેશ યાજ્ઞિકની ૫૧ વાર્તાઓ | ૩૬૫.૦૦ |
| મહેશ યાજ્ઞિકની ૫૦ વાર્તાઓ | ૩૭૫.૦૦ |
| કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૪૦ વાર્તાઓ | ૩૪૦.૦૦ |
| કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૩૫ વાર્તાઓ | ૩૪૦.૦૦ |
| મહેશ યાજ્ઞિકની ૨૬ વાર્તાઓ | ૨૯૫.૦૦ |

## કનુ આચાર્ય

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| પિયાલો | ૧૩૦.૦૦ |
| ગાંધીનો દીકરો થા મા | ૧૨૫.૦૦ |
| આંતર-બાહ્ય | ૧૦૫.૦૦ |

## રમેશ શાહ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| વાર્તાપચીસી | ૭૫.૦૦ |
| અચલ | ૨૭.૦૦ |

## સુમંત રાવલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| કોરા કેનવાસના રેખાચિત્રો | ૧૩૨.૦૦ |
| વાર્તાક્રમણ | ૯૫.૦૦ |

## અરૂણ ત્રિવેદી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| અષાઢની એક મેઘલી રાત | ૯૫.૦૦ |
| અલ્પવિરામ | ૧૩૦.૦૦ |

## પન્ના ત્રિવેદી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સાતમો દિવસ | ૧૬૦.૦૦ |
| રંગ વિનાનો રંગ | ૭૫.૦૦ |
| આકાશની એક ચીસ (ટૂંકી વાર્તાઓ) (એજન્સી) | ૩૫.૦૦ |

## અન્ય લેખકોનાં વાર્તાસંગ્રહો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| બા વગરનું ઘર (વાર્તાસંગ્રહ) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૧૨૫.૦૦ |
| આસપાસની વાતો (વાર્તાસંગ્રહ) | શીતલ ગોસ્વામી | ૮૫.૦૦ |
| એ હું જ છું (વાર્તાસંગ્રહ) | અમિત શાહ | ૧૩૦.૦૦ |
| પીઠી (વાર્તાસંગ્રહ) | ધરમાભાઈ શ્રીમાળી | ૧૬૫.૦૦ |
| મને સૂરજ થવાના કોડ (એજન્સી) (વાર્તાસંગ્રહ) | કિરીટકુમાર પી. જોશી | ૧૮૦.૦૦ |

## રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા,અમદાવાદ-380009
ફોન નંબર : 079-27913344, વેબ સાઇટ : http://www.rangdwar.com

### નવાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ઉપરવાસ, સહવાસ, અંતરવાસનો સેટ | રઘુવીર ચૌધરી | નવલકથા | 700 |
| સપના જેવો છે સંસાર | વિરલ મહેતા | ફિલ્મ આસ્વાદ | 220 |
| તણખા વિનાનું તાપણું | અનુપમ બૂચ | સંસ્મરણો | 220 |
| સાદ ભીતરનો | કંદર્પ દેસાઈ | વાર્તાસંગ્રહ | 160 |
| વોન્ટેડ પોએટ્સ | નીરવ પટેલ | કાવ્યસંગ્રહ | 150 |
| ઝળઝળિયાંને કાંઠે | અરવિંદ બારોટ | કાવ્યસંગ્રહ | 160 |
| રમેશ ર. દવેની પ્રતિનિધિ વાર્તાઓ | સં. પારુલ-કંદર્પ દેસાઈ | વાર્તાસંગ્રહ | 200 |
| તારા કારણે | ભરત વિંઝુડા | કાવ્યસંગ્રહ | 120 |
| આલોક | કેશુભાઈ પટેલ | સંસ્મરણો | 120 |
| લાગણી | રઘુવીર ચૌધરી | નવલકથા | 100 |
| ટાઈમ કેપ્સૂલ | મોહનભાઈ પટેલ | આત્મકથા | 400 |
| ગોકુળ, મથુરા, દ્વારકાનો સેટ | રઘુવીર ચૌધરી | નવલકથા | 520 |
| થોમાકાકાની ખોલી (Uncle Tom's Cabin) | અનુ. રેમંડ પરમાર | નવલકથા | 360 |
| વિહંગા | રાધિકા પટેલ | નવલકથા | 140 |
| ઉપરવાસ વિશે | સં. સંજય ચૌધરી | વિવેચન | 200 |
| કાવ્ય અને પ્રયોગ | ધીરેન્દ્ર મહેતા | વિવેચન | 200 |
| વિરહિણી ગણિકા | રઘુવીર ચૌધરી | વાર્તાસંગ્રહ | 200 |
| વેણુ વત્સલા | રઘુવીર ચૌધરી | નવલકથા | 150 |
| આમ હોવું | અજય સરવૈયા | કાવ્યસંગ્રહ | 120 |
| ઇચ્છાવર | રઘુવીર ચૌધરી | નવલકથા | 150 |
| વચલું ફળિયું | રઘુવીર ચૌધરી | નવલકથા | 180 |
| ટીવીની ત્રેવડ અને ત્રુટિઓ | ભરત દવે | પત્રકારત્વ | 300 |
| વિજય બાહુબલી | રઘુવીર ચૌધરી | નવલકથા | 120 |
| સોમતીર્થ | રઘુવીર ચૌધરી | નવલકથા | 200 |

મહાન ભારતીય કવિ રવીન્દ્રનાથ અંગે કહેવાય છે કે, જ્યારે પણ તેમને સર્જન કરવાનો મૂડ હોય ત્યારે તેઓ દરવાજો બંધ કરી દિવસો સુધી કમરામાં ભરાઈ રહેતા – ત્રણ કે ચાર દિવસો સુધી. ખાવાનું નહીં, ન્હાવાનું નહીં. તેઓ બહાર પણ નીકળતા નહીં. જ્યારે તેમની ઊર્જા સર્જનાત્મકતામાં બદલાઈ જાય અને તેમનો બોજ ઊતરી જાય પછી જ તેઓ પોતાનો દરવાજો ખોલી બહાર આવતા અને જે લોકોએ તેમને ચાર દિવસના ઉપવાસ બાદ, સર્જનાત્મકતામાં ખોવાઈ ગયા બાદ, તેમના કમરામાંથી બહાર આવતા જોયા છે તેમણે જોયું છે કે તેમનો ચહેરો એવો ને એવો રહેતો નહીં. તેઓ જાણે કોઈક બીજી જ દુનિયામાં પહોંચી ગયા હોય તેવા લાગતા, તેઓ અત્યંત સુકોમળ, ગુલાબના ફૂલ જેવા, અતિશય સુંદર, અતિશય સ્ત્રૈણ, અતિશય લાવણ્યસભર, અતિશય બુદ્ધ જેવા દેખાતા. પરંતુ કેવળ થોડા કલાકો જ તેમની આસપાસ એ સુગંધ છવાયેલી રહેતી, અને પછી તે અદશ્ય થઈ જતી, અને મહિનાઓ સુધી ફરી એ મૂડ આવતો નહીં.

**– આચાર્ય રજનીશ**

શોકને શ્લોકમાં પલટવો, એ જ તો કવિનું કામ છે, એ વાત ભારતીય કવિતા એના આદિકવિના સમયથી જાણે છે. પણ ઇતિહાસના અલગ અલગ તબક્કે માણસજાતના શોકના ધાગા, એના તાણા ને વાણા, અલગ અલગ ઢંગના હોય છે અને એના શ્લોકનું કાપડ પણ જુદી જુદી ઝાંયનું બને છે.

**– સિતાંશુ યશશ્ચન્દ્ર**

જ્યારે પણ કોઈ કુશળ લેખક તેની સર્જનપ્રક્રિયા દરમ્યાન વર્તમાન સામાજિક-રાજકીય પરિવેશથી મનોમન ચિંતિત હોય તો તેના સર્જનમાં આપમેળે જ કાળને અનુરૂપ ધ્વનિ પ્રગટી ઊઠે છે. જેટલો લેખક તેના ચિંતન અને સંવેદનશીલતાથી સમકાલીન એટલું જ તેનું સર્જન પણ સમકાલીન બને.

**– ગિરીશ કર્નાર્ડ, અનુવાદ : ભરત દવે**

---

: સ્થાનસમર્પિત :

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

## વચનપાલન અને શીલપાલન :
## આ બન્નેમાં દૃઢતા લાવો

વચનપાલન અને શીલપાલન : આ બન્ને તત્ત્વોમાં આજે ચોતરફ નિર્બળતાનાં દર્શન થઈ રહ્યાં છે ! આવું અચાનક તો ન બને; તો વિવેકનો આવો અભાવ કેમ ? આનો જવાબ છે :

નિત્ય પ્રભાતે ઊઠીને માતાને પ્રણામ કરવાથી શીલપાલનનું બળ મળે છે અને પિતાને પ્રણામ કરવાથી શક્તિ પ્રગટે છે.

પ્રણામ કરવાથી તેઓના ઉપકારના સ્વીકાર સાથે ‘કૃતજ્ઞતા’ નામનો ઉત્તમ ગુણ પ્રગટે છે – પોષાય છે. નમ્રતા, નિરભિમાનતા વગેરે ગુણો પણ એ રીતે ક્રમશઃ પ્રાપ્ત થાય છે. ચક્રવર્તી ભરત રાજા જેવા માનવમાં દેવ સમા ગણાય; તેવા મહારાજા પણ મરુદેવા માતાને નિત્ય પ્રણામ કરતા હતા.

આપણે પણ આપણા જીવનમાં ભક્તિ અને શુદ્ધિ ખીલવવા માટે આ કર્તવ્ય રોજ કરવું જ જોઈએ. (અંક : ૭૯)

**સેવો ઉત્તમને સદા યદિ ચાહો ઉત્કર્ષ પોતા તણો**

આગ્રહશક્તિ એ જીવનને દિશા દેનારી શક્તિ છે.
તમે આ વાત તો સાંભળી જ હશે કે વનના રાજા સિંહ માટે કહેવાય છે :
‘મરે ભૂખે ભાવે મૃગપતિ કદા તૃણ ન ચરે.’
સિંહ ગમે તેવો ભૂખ્યો હોય તોય ઘાસમાં મોં ન ધરે. આ એની કુલવટ છે. વિશ્વ ઉત્તમ તત્ત્વોથી વાંઝિયું નથી હોતું. હા, તેની સંખ્યામાં વધ-ઘટ થતી રહે છે. નહીંતર ઉત્તમની સાથે જ જન્મારો જાય છતાં તેને ઓળખી ન શકે. બહુલતા એ લોકોનેય परप्रत्ययनेयबुद्धि હોય છે. બીજાના અભિપ્રાય ઉપર વજન દેનારા હોય છે. આપણે એવી ટેવ પાડી દઈએ કે ઉત્તમ સિવાયનું કશું ન ભાવે. જે શ્રેષ્ઠ હોય, ગુણવત્તામાં આગળ હોય તેના ઉપર જ પસંદગી ઊતરે. અવેજી ન ચાલે; વિકલ્પ ન ચાલે. જો ઉત્તમની જ શોધ હોય તો વહેલું-મોડું તે મળે જ મળે. (અંક : ૬૯)

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

**ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર • અમદાવાદ**

## સ્પૃહા ભાર છે, તે ઉતારો હળવાશ છે

મનને કોઈ પણ, ચાહે લોખંડના, ચાંદીના કે સોનાના પિંજરે પૂરનાર સ્પૃહા છે. પછી તે સત્ વિષયક હોય કે અસત્ વિષયક.

સ્પૃહા કરી કે પુણ્ય ઓછું પડ્યું. તે મેળવવા, આંબવા પનો ટૂંકો પડ્યો.

મનની વિચિત્ર ખાસિયત છે : જે ન મળે તેને જ મેળવવા મથ્યું રહે. તે નિષ્ફળતાના કારણરૂપ પુણ્યની ખામી જુએ તો જ પુણ્ય-સંપત્તિ વધારવા તરફ તે વિચારે. પણ... वो दिन कब ? તે તો તેને હાંસલ કરવા જ લાગ્યો રહે.

તો, એવી સ્પૃહાનો ભાર લઈને જીવવાને બદલે હળવું જીવન જીવવા માટે કવિ ઉમાશંકરનું એક સૂત્ર ગાંઠે બાંધવા જેવું છે :

'જે જે થતો પ્રાપ્ત ઉપાધિ યોગ,
બની રહો તે જ સમાધિ યોગ.'

સહજતાથી જીવવું – સારા સંકેતો મળે તો તે તરફ જીવન વાળવું. પ્રત્યેક સંકેતમાં ઈશ્વરની લિપિ જોવી. તેને ઉકેલવાની કોશિશ કરવી. આપણું જીવનકાર્ય શું હોય તેની આપણને ખબર ન હોય તેમ બને, પરંતુ 'એને' ખબર છે. તે જે રીતે જીવન દોરે તેની વચ્ચે દખલગીરી ન કરીએ અને 'તેના' દોરવાયા દોરવાઈએ. તેના ઈશારાને સમજવા ભરપૂર મહેનત કરીએ. એ સમજાય તો તે તરફ વળીએ. કાંઈક નક્કર મેળવ્યાના અહેસાસ સાથે જિંદગીની ચોપડીના બીજા પૂંઠાને પણ બંધ કરીએ. કો'ક તેને માથે મૂકશે એ શ્રદ્ધા રાખવી ગમે છે એ માટે.

મનને સમજાવવું પડે છે કે સ્પૃહા ન રાખો. પુણ્ય પ્રમાણે સામેથી જ આવશે. જાણો છો ? એના ઉપર આપણું નામ કોતરાયું છે ! બીજું કોઈ એની માલિકી નહીં કરે. મળશે, આપણને જ મળશે. – પણ તેના સમયે અને આપણા કિસ્મત પ્રમાણે.

ભરોસો રાખજો અને તૈયાર રહેજો.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

❄


સ્થાનસમર્પિત

# નિમેષભાઈ ડગલી

## એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્‌ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | ‘સાવિત્રી’ના કાવ્યખંડો (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. | દક્ષિણા-૨ (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

**આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :**

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૫**
**(૧૮૯૫-૧૯૩૫) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કવિઓ**
સંપાદક : રમેશ ર. દવે
સંપાદન સહાય : પારુલ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૧૪+૪૯૪, કિંમત રૂ. ૪૨૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૬**
**(ઈ. ૧૮૯૫-૧૯૩૫)**
**ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો**
સંપાદક : રમેશ ર. દવે
પાકું પૂઠું, પૃ. ૧૮+૭૩૪, કિંમત ૪૨૫/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૭**
**(ઈ. ૧૯૧૦-૧૯૩૫) સ્વાતંત્ર્યોત્તર યુગ-૧**
સંપાદક : રમેશ ર. દવે, પારુલ કંદર્પ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૬૩૨, કિંમત રૂ. ૪૧૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૧**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂંઠું, પૃ. ૪૫૬, કિં. રૂ. ૫૬૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં કવિઓ, નાટ્યકારો, નિબંધકારો અને બાળસાહિત્યકારોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૨**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, ૪૮૬, કિં. રૂ. ૬૨૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં નવલકથાકારો, વાર્તાકારો, ચરિત્રકારો, અનુવાદકો, વિવેચકો, સંશોધકો અને સંપાદકોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

**PARAB 2020** September
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2018-2020 valid upto 31-12-2020
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd
ISSN : 0250-9747

